હું પણ થોડી ગુણ ખરીદવા માંગું છું. I also wish to buy a few bags. (આઇ ઑલ્સો ઉવીશ ટુ બાઇ એ ફ્યુ બૅગ્સ)

તમને રોકડેથી ખરીદવાને પરવડશે? Will it suit you to buy for cash? (ઉવીલ ઇટ સુટ યુ ટુ બાઈ ફૉર કૅશ?)

હું હમેશાં રોકડા પૈસા આપુછું. I always pay ready money. (આઈ ઑલઉવેઝ પે રૅડી મની)

જો રોકડા પૈસા આપશો તો તે તમને કાંઇ ઓછું કરશે. If you make a cash payment he will charge you a little less. (ઇફ યુ મેક એ કૅશ પેમૅન્ટ હી ઉવીલ ચાર્જ યુ એ લીટલ લૅસ)

તે વેપારી ઉધાર આપે છે કે? Does that merchant sell on credit? (ડઝ ધૅટ મરચન્ટ સૅલ ઑન ક્રૅડીટ ?.)

તે ઉધાર આપતા નથી. He does not deal on credit. (હી ડઝ નૉટ ડીલ ઑન ક્રૅડીટ)

તેણે તે તુમને ઉધાર આપ્યું કે? Has he sold it to you on credit? (હૅઝ હી સોલ્ડ ઈટ ટુ યુ ઑન ક્રૅડીત ?)

નહીં, તેણે મને તે રોકડેથી વેચ્યું છે. No, he has sold it to me for cash. (નો, હી હૅઝ સોલ્ડ ઈટ ટુ મી ફૉર કૅશ)

તમે મારી વખારમાં ગયા હતા કે? Had you been to my go-downs? (હૅડ યુ બીન ટુ માઇ ગોડાઉન્સ ?)

હા, પણ તે બંધ હતી. Yes, but it was locked. (યસ, બટ ઈટ ઉવૉઝ લૉકડ)

તમે ત્યાં ક્યારે ગયા હતા? When had you been there? (ઉવ્હૅન હૅડ યુ બીન ધેર ?)

હું આજે સવારનાં ત્યાં ગયો હતો. I had been there this morning. (આઈ હૅડ બીન ધેર ધિસ મૉર્નીંગ)

તમારો બંદરમાં ક્યારે જવાનો વીચાર છે? When do you intend to go to the bunder? (ઉવ્હૅન ડુ યુ ઈનટૅન્ડ ટુ ગો ટુ ધી બન્દર ?)

મારો ત્યાં આજે સાંજના સાડાચાર વાગતે જવાનો વીચાર છે. I intend to go there this evening at half past four. (આઇ ઇનટૅન્ડ ટુ ગો ધેર ધિસ ઇવનીંગ ઍટ હાફ પાસ્ત ફોર)

તમે બજારમાંથી કેટલે વાગતે પાછા આવો છો? At what time do you return from the market? (ઍટ ઉવૉટ ટાઈમ ડુ યુ રીતર્ન ફ્રૉમ ધી મારકેટ ?)

હું ત્યાંથી બાર વાગલે પાછો આવું છું, અને બે વાગતે જાઉં છું. I return from it at twelve o'clock; and go back at two o'clock. (આઇ રીતર્ન ફ્રૉમ ઇટ ઍટ ટુવેલ્વ ઓ'કલૉક ઍન્ડ ગો બૅક ઍટ ટૂ ઓ'કલૉક)

આ દુકાન તમારી પોતાની છે કે એમાં કોઈ ભાગીદાર છે? Is this shop your own, or is there any partner in it? (ઈઝ ધિસ શૉપ યૉર ઓન, ઑર ઇઝ ધૅર ઍની પાર્ટનર ઇન ઇટ ?)

તે મારી પોતાની છે, મારો કોઇ ભાગ્યો નથી. It is my own, I have no partner. (ઇટ ઈઝ માઇ ઓન, આઇ હૅવ નો પાર્ટનર)

અહ્યા ! તમારાં શેઠાંણી કયાં છે ? I say ! where is your mistress. (આઇ સે ! ઉવ્હૅર ઇઝ યૉર મીસ્ટ્રૅસ ?)

મારી શેઠાંણી નથી પણ શેઠ છે. I have no mistress, but master. (આઇ હૅવ નો મીસ્ટ્રૅસ, બટ મારતર)

અરે ! રૂશતમજી, તમે શું ખરીદો છો ? 'Halloo ! Rustomjee what are you buying ? (હલો ! રૂસ્તમજી ઉવૉટ આર યુ બાઇંગ ?)

હું મારા છોકરાંઓ સારૂ થોડાં રમકડાં ખરીદું છું. I am buying some toys for my children. (આઈ ઍમ બાઇંગ સમ ટૉયઝ ફૉર માઇ ચીલ્ડ્રન)

હવે તમે ઘણું લીધું છે, ઘેર ચાલો. Now you have taken enough, let us go home. (નાઉ યુ હૅવ ટેકન ઈનફ, લૅટ અસ ગો હોમ)

જરા સબર કરો, હું બીજું કાંઇ લેવાનું ભુલી ગયો છું. Wait a while, I have forgot to buy something else. (ઉવેટ એ ઉવાહીલ, આઇ હૅવ ફરગૉટ ટુ બાઇ સમથીંગ ઍલ્સ)

તમારી પાસે કાંઇ સારી કાફી છે ? Have you any good coffee ? (હેવ યુ ઍની ગુડ કૉફી ?).

મારી પાસે સારી કાફી નથી, પણ સારી ચાહ છે. I have not good coffee, but good tea. (આઈ હૅવ નૉટ ગુડ કૉફી, બટ ગુડ ટી)

તે ઈટાલ્યન પાસે શું છે ? What has the Italian got ? (વ્હૉટ હૅઝ ધી ઈટાલ્યન ગૉટ ?)

તેની પાસે સુંદર સબીઓ વેચવાની છે. He has some beautiful pictures for sale. (હી હૅઝ સમ બ્યુટીફુલ પીક્ચર્સ ફૉર સેલ.)

તે મોચી પાસે બીજાં બૂટ નથી કે ? Has not the shoe-maker got any other pair of boots ? (હૅઝ નૉટ ધી શુ-મેકર ગૉટ ઍની અધર પૅર ઑફ બૂટ્સ ?)

તેની પાસે બીજાં નથી, એજ છે He has no other but this. (હી હૅઝ નો અધર બટ ધિસ)

તે માણુસ આ શબી ખરીદવા માંગે છે કે પેલી ? Does the man wish to buy this picture or that ? (ડઝ ધી મેન વ્હીશ ટુ બાઈ ધિસ પીક્ચર ઑર ધૅટ ?)

તે કોઈબી ખરીદશે નહીં. He will buy neither. (હી વ્હીલ બાઇ નીધર)

મેં જી. ને જે વસ્તુઓ લાવવાં કહી હતી તે તે લાવ્યો કે ? Has G. brought the things I asked for ? (હૅઝ જી. બ્રૉટ ધી થીંગ્ઝ આઈ આસ્કડ ફૉર ?)

તે કહે છે કે તે તે હજી લાવ્યો નથી. He says that he has not yet brought them. (હી સેઝ ધૅટ હી હૅઝ નૉટ યટ બ્રૉટ ધૅમ)

મેં તેને જે કરવા કહયું તે તેણે શું કામ કીધું નહીં ? Why has he not done what I told him to do ? (વ્હાહૅ હૅઝ હી નૉટ ડન વ્હૉટ આઇ તોલ્ડ હીમ ટુ ડુ ?)

તે પેલા કાપડયાની દુકાને ગયો હતો, પણ આખો દહાડો તે દુકાન બંધ હતી. He had been to the draper's shop, but it was shut up the whole day. (હી હૅડ બીન ટુ ધી ડ્રેપર્સ શૉપ, બટ ઈટ વૉઝ શટ અપ ધી હોલ ડે)

મને એક માણસ મારી દુકાનમાં રાખવા જોઇએ છે, તમે મને કોઇની ભલામણ કરી શકશો ? I want a man to attend my shop, can you recommend me one ? (આઇ વૉન્ટ એ મૅન ટુ ઍટેન્ડ માઇ શૉપ, કૅન યુ રૅકમૅન્ડ મી વન ?)

કાલે હું એક છોકરાને મોકલીશ જે ઘણો હુશીયાર છે. To-morrow I will send you a boy who is very sharp. (ટુ મૉરો આઇ વીલ સૅન્ડ યુ એ બૉય હુ ઇઝ વૅરી શાર્પ)

પેઢી તથા દુકાનદારીને લગતા વાકયો.

ગણવું. To count. (ટુ કાઉન્ટ)

તપાસવો (હિસાબ) To balance. (ટુ બૅલૅન્સ)

„ „ To audit. (ટુ ઑડીટ)

લેવડદેવડ. Account. (ઍકાઉન્ટ)

ચુકાબાકી. Settlement. (સૅટલમૅન્ટ)

સબુર કરવું. To wait. (ટુ ઉવેટ)

પરચુટણ ખરચ. Petty expenses (પૅટી ઍકસપૅન્સીસ)

પરચુટણ ખરચ. Sundry charges. (સનદ્રી ચારજીસ)

સોદો. Bargain. (બારગેન)

સોદો કરવો. To strike a bargain. (ટુ સ્ટ્રાઇક એ બારગેન)

કમાવું. To earn. (ટુ અર્ન)

ખોટ ખાવી. To suffer loss. (ટુ સફ્રર લૉસ)

ખર્ચી જવું. To be consumed. (ટુ બી કન્ઝયુમ્ડ)

જગાત. Duty. (ડ્યુટી)

દલાલ. Broker (બ્રોકર)

સલામ. Compliments. (કૉમ્પલીમૅન્ટસ)

જાહેર ખબર. Advertisement. (ઍડવરટાઇઝમૅન્ટ)

આડતીઓ. Agent. (એજન્ટ)

કરાર. Agreement. (ઍગ્રીમૅન્ટ)
દસ્તુરી. Commission. (કમીશન)
„ Allowance. (અલાવન્સ)
પંચાંગ. Almanac. (ઍલમૅનૅક)
ભાડું. Rent. (રૅન્ટ)
માલ. Cargo. (કારગો)
નુકસાન. Damage (ડૅમેજ)
વટાવ. Discount. (ડીસ્કાઉન્ટ)
માલનું ભરતીયું. Invoice. (ઈન્વૉઇસ)
ગફલતી. Neglect. (નિગ્લૅક્ટ)
માફ માંગવી. To beg pardon. (ટુ બૅગ પાર્ડન)
ભાગ્યો. Partner. (પાર્ટનર)
પોહોંચ. Receipt. (રીસીટ)
આવતે પરમ દહાડે. The day after to-morrow. (ધી ડે આફ્તર ટુ-મૉરો)
બાકી. Balance. (બૅલૅન્સ)
જમે કરવું. To credit. (ટુ ક્રેડીટ)
રજા. Permission. (પરમીશન)
સહી. Signature (સીગ્નેચર)
દલાલી. Brokerage. (બ્રોકરેજ)
બોજો. Burden. (બરડન)
ગણત્રી. Calculation. (કૅલક્યુલેશન)
વેહેવાર. Correspondence. (કૉરૅસપૉન્ડન્સ)
માયા. Regard. (રીગાર્ડ)
ખબર આપવી. To report. (ટુ રીપૉર્ટ)
પાયો. Foundation. (ફાઉન્ડેશન)
દલગીર થવું. To regret. (ટુ રીગ્રૅટ)
માથે લેવું. To undertake. (ટુ અન્ડરટેક)
જોખમ થવો. To incur risk. (ટુ ઈન્કર રીસ્ક)
બદલી. Substitute. (સબ્સટીટ્યુત)
નોકરી. Vacancy. (વેકન્સી)
અપાએ નહીં. Cannot afford. (કૅનનૉટ ઍફૉર્ડ)
ધીલ. Delay. (ડીલે)
અદેખાઈ કરવી. To grudge. (ટુ ગ્રજ)
ચલાવવું. To manage. (ટુ મૅનેજ)
કામ. Affairs. (ઍફૅર્સ)
સત્તાઆપી. Authorized. (ઑથૉરાઇઝ્ડ)
નાનો. Junior. (જુન્યર)
બસ નહીં થવું. To be insufficient. (ટુ બી ઈનસફીશન્ટ)

પુરી પાડવી. To supply (ટુ સપ્લાઇ)
પેગામ. Message. (મૅસેજ)
પોહોંચાડવો. To deliver. (ટુ ડીલીવર)
તરજુમો કરવો. To translate. (ટુ ટ્રાન્સલેટ)
ધીરજ. Patience. (પેશન્સ)
પગાર. Wages. (ઉવેજીઝ)
બજાવવું. To execute. (ટુ ઍકસીકયુટ)
જલદી. Immediately. (ઈમીજીએટલી)
હરકત કરવી. To interrupt. (ટુ ઈન્ટરપ્ટ)
આપઘાટ. Suicide. (સુઈસાઇડ)
મરનાર. Deceased. (દીસીસ્ડ)
ખબર. Report. (રીપૉર્ટ)
દીવાળું કાઢયું. Failed. (ફેલ્ડ)
સંતોષ પામ્યો. Satisfied. (સૅતીસ્ફાઈડ)
લાયક થવું. To deserve. (ટુ દીઝર્વ)
ભલામણ. Recommendation. (રૅકમૅન્ડેશન)
મુરખ. Stupid. (સ્ટુપીડ)
માંગનાર. Creditor. (ક્રૅડીતર)
હુશીઆર. Clever. (કલેવર)
સાલગરેહ. Birthday. (બર્થડે)
હુંડી. Bill of exchange. (બિલ ઑફ ઍકસચેન્જ)
પાકવું. To be due. (ટુ બી ડયુ)

સોરાબજી, તમે તે પૈસા ગણ્યા કે ? Sorabjee, have you counted the money ? (સૅારાબજી, હૅવ યુ કાઉન્ટેડ ધી મની ?)

નહીં, મેં તે હજી ગણ્યા નથી. No, I have not yet counted them. (નો, આઇ હૅવ નૅાટ યટ કાઉન્ટેડ ધૅમ)

એ પૈસા હું કયાં રાખું ? Where shall I keep this money ? (ઉવ્હૅર શૅલ આઇ કીપ ધિસ મની ?)

તે પૈસા તમારી પાસે રાખો. Keep the money with you. (કીપ ધી મની ઉવીથ યુ)

તમારો હિસાબ તપાસો. Balance your account. (બૅલૅન્સ યૅાર ઍકાઉન્ટ)

રોકડ અને નોટ મળી મારી પાસે હજાર રૂપીયા છે. I have a thousand rupees in cash and notes. (આઇ હૅવ એ થાઉઝન્ડ્ રૂપીઝ ઇન કૅશ ઍન્ડ નોટ્સ)

તમારો હિસાબ કોણ તપાસશે ? Who will audit your account ? (હુ ઉવીલ ઑદીત યૉર ઍકાઉન્ટ ?)

શેઠ રૂસ્તમજી. Mr. Rustomjee. (મી૦ રૂસ્તમજી)

તમારો હીસાબ બરોબર રાખજો. Keep your account clear. (કીપ યૉર ઍકાઉન્ટ ક્લીયર)

ઘણું સારૂં, સાહેબ. Very well, sir. (વૅરી ઉવૅલ, સર)

તમને તેની સાથે કાંઈ લેવડદેવડ છે ? Have you an account with him ? (હૅવ યુ ઍન ઍકાઉન્ટ ઉવીથ હીમ ?)

હા, લાંબો વખત થયો. Yes, long since. (યસ, લૉંગ સિન્સ)

તે હિસાબ ચુકાબાકી કરવા માંગે છે. He wants a settlement of the account. (હી ઉવૉન્ટસ એ સૅટલમૅન્ટ ઑફ્ ધી ઍકાઉન્ટ)

હમણાં નહીં, તેને કહો કે થોડા દહાડા સબુર કરે. Not now, tell him to wait a few days. (નૉટ નાઉ, ટૅલ હીમ ટુ ઉવેટ એ ફ્યુ ડેઝ)

મીટીંગ ક્યારે ભરાશે ? When will the meeting be held ? (ઉવ્હૅન ઉવીલ ધી મીતીંગ બી હૅલ્દ ?)

આવતી કાલે બપોરનાં મીટીંગ ભરાશે. The meeting will be held to-morrow afternoon. (ધી મીતીંગ ઉવીલ બી હૅલ્દ ટુ-મૉરો આફ્તરનુન)

પરચુટણ ખરચનો હીસાબ ક્યાં છે ? Where is the account of petty expenses ? (ઉવ્હૅર ઇઝ ધી ઍકાઉન્ટ ઑફ્ પૅટી ઍક્સપૅન્સીસ ?)

આ રહયો, સાહેબ. Here it is, sir. (હીઅર ઇટ ઇઝ, સર)

તે હીસાબ ક્યારથી છે ? From when is this account ? (ફ્રૉમ ઉવ્હેન ઇઝ ધિસ ઍકાઉન્ટ ?)

એ હીસાબ જાનેવારીની પેહલીથી તે તીસમી જુન સુધી, છે. The account is from the first of January to the thirtieth of June. (ધી ઍકાઉન્ટ ઇઝ ફ્રૅામ ધી ફર્સ્ટ ઑફ જૅન્યુઅૅરી ટુ ધી થર્ટીઍથ ઑફ જુન)

કેમ હોરમજી શેઠ, તમે આજે કાંઈ સોદો કીધો કે ? Well Mr. Hormusjee, did you strike any bargain to day ? (ઉવૅલ મી૰ હૉરમશજી, દીદ યુ સ્ટ્રાઇક ઍની બારગેન ટુ-ડે ?)

નહીં, બીલકુલ નહીં; બજાર ઘણું મજબુત છે. No, not at all, the market is very strong. (નો, નૅાટ ઍટ ઑાલ, ધી માર્કેટ ઇઝ વૅરી સ્ટ્રૉંગ)

તમે જાણો છો કે સ્ટીમર “ આલમેરા ” ક્યારે ઉપડે છે ? Do you know when the steamer “ Almaira ” starts ? (ડુ યુ નો ઉવ્હેન ધી સ્તીમર “ આલમૅરા ” સ્તાર્ટસ ?)

હા, કાલે સવારના સાત વાગતે. Yes, to-morrow morning at seven o'clock. (યસ, ટુ-મૉરો મૉર્નીંગ ઍાટ સૅવન ઓ'ક્લૉક)

તમે તે વેપારમાં શું કમાયા ? What did you earn in that business ? (ઉવૅાટ દીડ યુ અર્ન ઇન ધૅટ બીઝનેસ ?)

આ વખતે ખોટ આવે એમ મને લાગે છે. It seems to me that I shall suffer loss this time. (ઇટ સીમ્સ ટુ મી ધૅટ આઇ શૅલ સફ્ફર લૅાસ ધિસ ટાઇમ)

તમે મને તે માલ કેમ મોકલ્યો નહીં ? Why did you not send me the goods ? (ઉવ્હાઈ ડીડ યુ નૅાટ સૅન્દ મી ધી ગુડઝ ?)

માલ બધો ખપી ગયો હતો. The stock was all consumed. (ધી સ્ટૅાક ઉવૅાઝ ઑાલ કન્ઝયુમ્ડ)

શું આ માલની જગાત પુડેછે ? Do these articles require duty to be paid ? (ડુ ધીઝ આર્ટીકલ્સ રીક્વાયર ડ્યુટી ટુ બી પેડ ?)

હાસ્તો. Of course (ઑફ કોર્સ)

રાંમજી, તમે જાંણો છો આપણો દલાલ ક્યાં રહેછે ? Ramjee, do you know where our broker resides ? (રાંમજી, ડુ યુ નો ઉવ્હેર અવર બ્રોકર રીઝાઈડસ ?)

નહીં સાહેબ,' હું નથી જાણુતો પણ તે માંડવી ઉપર રહેતો હશે. No, sir, I do not know, but he might be residing at Mandvi. (નો, સર, આઈ ડુ નૉટ નો, બટ હી માઈટ બી રીઝાઇડીંગ ઍટ માંડવી)

તેને મારી સલાંમ કહીને આ ચીઠી આપો. Give him this note with my best compliments. (ગીવ હીમ ધિસ નોટ ઉવીથ માઈ બૅસ્ત કૉમ્પલીમૅન્ટસ)

ઘણું સારૂં, સાહેબ. All right, sir. (ઑલ રાઇટ, સર.)

તમે ક્યા છાપામાં તે જાહેર ખબર જોઇ ? In what paper did you see the advertisement ? (ઇન ઉવૉટ પેપર ડીડ યુ સી ધી ઍડવરટાઇઝમૅન્ટ ?)

મેં ગઇ કાલનાં જાંમે જમશેદમાં તે જાહેર ખબર વાંચી. I read the advertisement in yesterday's issue of the Jame-Jamshed. (આઈ રૅડ ધી ઍડવરતાઇઝમેન્ટ ઇન યસ્તરડેઝ ઇસ્યુ ઑફ ધી જામે જમશેદ.)

તમે જાણો છો કે તેનો આડતીઓ કોણ છે ? Do you know who his agent is ? (ડુ યુ નો હુ ઈઝ એજન્ટ ઇઝ ?)

હા, મી॰ પોસ્તવાલા. Yes, Mr. Postwalla. (યસ, મી॰ પોસ્તવાલા)

તમે તેની સાથે શું કરાર કીધો છે ? What agreement have you made with him ? (ઉવૉટ ઍગ્રીમૅન્ટ હૅવ યુ મેડ ઉવીથ હીમ ?)

કાંઇબી નહીં. None at all. (નન ઍટ ઑલ)
તેણે તમને કાંઇ દસ્તુરી આપી કે ? Did he give you any commission ? (ડીડ હી ગીવ યુ ઍની કમીશન ?)
હા, તેણે મને દશ રૂપીઆ દસ્તુરી આપી. Yes, he gave me ten rupees commission. (યસ, હી ગેવ મી ટૅન રૂપીઝ કમીશન)
તમારી પાસે આએ સાલનું પંચાંગ છે ? Have you got this year's almanac ? (હૅવ યુ ગૉટ ધિસ ઇયર્સ ઑલમૅનૅક)
હા, આ રહ્યું. Yes, here it is. (યસ, હીયરે ઇટ ઇઝ)
મને ગયા માસનું ભાડું આપશો ? Will you pay me the rent for the last month ? (ઉઈલ યુ પે મી ધી રૅન્ટ ફૅાર ધી લાસ્ત મન્થ ?)
કાલે આવજો, મારો મેહેતો ગેરહાજર છે. Come to-morrow, my clerk is absent. (કમ ટુ-મૉરો, માઇ કલાર્ક ઇઝ ઍબ્સન્ટ)
મારે ઘણું કરજ છે, તમે મને કાંઈ મુદત આપશો ? I am very much in debt, will you give me some time ? (આઇ ઍમ વૅરી મચ ઇન ડૅટ, ઉવીલ યુ ગીવ મી સમ તાઇમ ?)
હું તમને ત્રણ મહીનાની મુદત આપીશ. I shall give you three month's credit. (આઇ શૅલ ગીવ યુ થ્રી મન્થ્સ ક્રૅડીત)
પેશતનજી, શું તે માલને કાંઈ નુકશાન થયું છે ? Mr. Pestonjee. has the cargo received any damage ? (મીο પેસ્તનજી, હૅઝ ધી કાર્ગો રીસીવ્ડ ઍની ડૅમેજ ?)
કાંઇ નહીં, કોણ કહે છે ? Not at all, who says so ? (નૉટ ઍટ ઑલ, હુ સેઝ સો)
એનાં કાગળની તારીખ કેટલાંની છે ? What date does his letter bear ? (ઉવૉટ દેત ડઝ હીઝ લૅટર બૅર ?)

સતાવીશમી જુન. The twenty seventh of June. (ધી ટ્વૅન્ટી સૅવન્‌થ ઑફ જુન).

તમને શું વટાવ મળ્યો ? What discount did you get ? (હ્વૉટ ડીસ્કાઉન્ટ ડીડ યુ ગૅટ ?)

ફક્ટ ચાર આના. Only four annas. (ઑન્‌લી ફોર ઍનાઝ)

આએ માલનું ભરતીયું ક્યાં છે ? Where is the invoice of these goods ? (હ્વેહૅર ઇઝ ધી ઇન્વૉઇસ ઑફ ધીઝ ગુડઝ ?)

મેં તે તેઓને મોકલી આપ્યું છે. I have sent it to them. (આઇ હૅવ સૅન્ટ ઇટ ટુ ધૅમ)

જે કાગળ તમારૂં હોય તેની ઉપર નીશાંની કરો. Make a mark on the paper that is yours. (મેક આ માર્ક ઑન ધી પેપર ધૅટ ઇઝ યૉર્સ)

મેં આગળથી નીશાંની કીધી છે. I have marked it already. (આઇ હૅવ માર્ક્ડ ઇટ ઑલરૅડી)

આએ તમારી ગફ્લતીથી થયું છે. This is owing to your neglect. (ધિસ ઇઝ ઓઇંગ ટુ યૉર નિગ્લૅક્ટ)

હા, સાહેબ, હું માફ માંગુંછું. Yes, sir, I beg your parden. (યસ, સર, આઇ બૅગ યૉર પાર્ડન)

સાહેબ, તમારી ફરમાસ શું છે ? Sir, what are your orders ? (સર, હ્વૉટ આર યૉર ઑર્ડર્સ ?)

બેસો, મારે તમને કાંઇ કામ આપવું છે. Sit down, I have to give you some work. (સીટ ડાઉન, આઇ હૅવ ટુ ગીવ યુ સમ ઉવર્ક)

તમે જાણો છો, તેનો તે ધંધામાં કાંઈ ભાગ છે ? Do you know, whether he has any part in that business ? (ડુ યુ નો, હ્વૅધર હી હૅઝ ઍની પાર્ટ ઇન ધૅટ બિઝનૅસ ?)

હા, તે ધંધામાં એ ભાગીઓ છે. Yes, he is a partner in that business. (યસ, હી ઇઝ એ પાર્ટનર ઇન ધૅટ બિઝનૅસ)

તે નાણાંની મને પહોંચ આપો. Give me a receipt for the money. (ગીવ મી એ રીસીટ ફૉર ધી મની)

બેસો, હમણાં હું તે તમને આપું છું. Sit down, I am just giving it to you. (સીટ દાઉન, આઇ ઍમ જસ્ત ગીવીંગ ઇટ ટુ યુ)

તમે પેસતનજી શેઠ પાસે ઉઘરાણીને સારૂ ગયા હતા? Had you been to Mr. Pestonjee to ask for payment? (હૅદ યુ બીન ટુ મી૦ પેસ્તનજી ટુ આસ્ક ફૉર પેમૅન્ટ ?)

હા, તેણે પરમ દહાડે આપવાનો વાયદો કીધો છે. Yes, he has promised to pay the day after to-morrow. (યસ, હી હૅઝ પ્રૉમીસ્દ ટુ પે ધી ડે આફ્તર ટુ-મૉરો)

તમે બાકી ક્યારે આપશો? When will you pay the balance? (ઉવ્હૅન ઉવીલ યુ પે ધી બૅલૅન્સ?)

આ સો રૂપીઆ મેહેરબાંની કરી મારે ખાતે જમે કરશો? Will you please credit me with these one hundred rupees in my account? (ઉવીલ યુ પ્લીઝ ક્રૅદીટ મી ઉવીથ ધીઝ વન હંડ્રેડ રૂપીઝ ઇન માઇ ઍકાઉન્ટ ?)

હા, મને આપો, સાહેબ. Yes, give me, sir. (યસ, ગીવ મી, સર)

તમે મને આ ચેકના પૈસા આપશો? Will you pay me the amount of this cheque? (ઉવીલ યુ પે મી ધી ઍમાઉન્ટ ઑફ્ ધિસ ચૅક ?)

નહીં, મેહેરબાંની કરીને પેલા ગ્રહસ્થ પાસે જાઓ. No, kindly go to that gentleman. (નો, કાંઇન્ડલી ગો ટુ ધૅટ જૅન્ટલમૅન)

પેશતનજી, તમને રજા મલી કે? Mr. Pestonjee, are you granted leave? (મીસ્તર પેસ્તનજી, આર યુ ગ્રાનટેડ લીવ ?)

હા, મને એક મહીનો જઈ આવવાની રજા મલી છે. Yes, I have been granted one month's leave. (યસ, આઇ હૅવ બીન ગ્રાનટેડ વન મન્થસ લીવ)

આએ કોણુની શહી કીધેલી છે ? Whose signature is this ? (હુઝ સિગ્નેચર ઇઝ ધિસ ?)

હોરમસજી શેઠની. Mr. Hormusjee's. (મી૦ હોરમસજીઝ)

આએ કાગળ કયાંથી આવ્યો ? Where did this letter come from ? (ઉવ્હૅર ડીડ ધિસ લૅટર કમ ફ્રૉમ ?)

હું નહીં જાણુતો, એ કાગળને છાપ નથી. I don't know, it bears no stamp. (આઈ ડોન્ટ નો, ઈટ બૅર્સ નો સ્ટૅમ્પ)

તમે રજા વગર અંદર કેમ આવ્યા ? Why did you come in without permission ? (ઉવાહૅ ડીડ યુ કમ ઇન ઉવીધાઉટ પરમીશન ?)

અરે ! મને માફ કરો, મને ખબર નહીં. Oh ! I beg your pardon, I did not know. (ઓહ ! આઇ બૅગ યૅાર પાર્ડન, આઈ ડીડ નૅાટ નો)

આપણા હીસાબની બાકી શું છે ? What is the balance of our account ? (ઉવૅાટ ઇઝ ધી બૅલૅન્સ ઑફ અવર ઍકાઉન્ટ ?)

એકશો પચીસ રૂપીયા ને આઠ આનાં. One hundred and twenty five rupees and eight annas. (વન હન્ડ્રેડ ઍન્ડ ટુવૅન્ટી ફાઇવ રૂપીઝ ઍન્ડ એઈટ ઍનાઝ)

દલાલી શું થશે ? How much will the brokerage amount to ? (હાઉ મચ ઉવીલ ધી બ્રોકરેજ ઍમાઉન્ટ ટુ ?)

આશરે ચાલીશ રૂપીયા. About forty rupees. (અબાઉટ ફૉર્ટી રૂપીઝ)

આ કામ કોણુ કરે છે ? Who does this work ? (હુ ડઝ ધિસ ઉવર્ક ?)

સંઘો બોજો મારી ઉપર પડે છે. The whole burden rests upon me. (ધી હોલ બરદન રૅસ્તસ અપૉન મી)

તમારો શેઠ ભલું માણસ છે કે? Is your master a good man? (ઈઝ યૉર માસ્તર એ ગુડ મૅન ?)

હા, તે માયાળુ શેઠ છે. Yes, he is a kind master. (યસ, હી ઇઝ એ કાંઈન્દ માસ્તર)

બધો ખરચ શું થશે તેનો તમે હીસાબ કાઢયો છે? Have you calculated the total cost? (હૅવ યુ કૅલ્કયુલેટેડ ધી ટોટલ કૉસ્ત ?)

હા, સાહેબ, એકશો ચાલીશ રૂપીયા. Yes, sir, it amounts to one hundred and forty rupees. (યસ, સર, ઇટ ઍમાઉન્ટસ ટુ વન હન્ડ્રેડ ઍન્ડ ફૉર્ટી રૂપીઝ)

તમે તેની સાથે કાંઇ કાગળપત્રનો વહેવાર રાખો છો? Do you keep any correspondence with him? (ડુ યુ કીપ ઍની કૉરસ્પૉન્ડન્સ ઉવીથ હીમ ?)

હમણાં અમારો કાગળપત્રનો વહેવાર બંધ થયો છે. Our correspondence has now ceased. (અવર કૉરસ્પૉન્ડન્સ હૅઝ નાઉ સીઝડ)

મેહેરબાંની કરી સાંમજી ઉપર માયા રાખજો. Please keep regard on Samjee (પ્લીઝ કીપ રીગાર્ડ ઑન સાંમજી)

હું તેની ઉપર ઘણી માયા રાખું છું. I bear him very great regard. (આઇ બૅર હીમ વૅરી ગ્રેટ રીગાર્ડ.)

તમે તે વિષે કોઇને ખબર આપી છે કે? Have you reported the matter to anybody? (હૅવ યુ રીપૉર્ટેડ ધી મૅટર ટુ ઍનીબૉદી ?)

હા, મેં તે વીશે મીસ્તર બી. ને ખબર આપી છે. Yes, I have reported it to Mr. B. (યસ, આઈ હૅવ રીપૉર્ટેડ ઇટ ટુ મીસ્તર બી.)

આ ખબર વગર પાયાની છે. This report is without foundation. (ધિસ રીપૉર્ટ ઇઝ ઉવીધાઉટ ફાઉન્ડેશન)

નહીં, સાહેબ, તે ખરી છે. No, sir, it is not without foundation. (નો, સર ઇટ ઇઝ નૉટ ઉવીધાઉટ ફાઉન્ડેશન)

આએ ખબર તમને ક્યાંથી મલી? Whence did you get this information? (ઉવ્હેન્સ ડીડ યુ ગૅટ ધિસ ઈન્ફરમેશન?)

જોન્સન સાહેબની પેઢીમાંથી. From Messrs. Johnson & Co's office. (ફ્રૉમ મૅશર્સ જોન્સન ઍન્ડ કમ્પનીઝ ઑફીસ.)

હું તે કામ માથે લેઉં? May I undertake that work? (મે આઈ અન્ડરટેક ધૅટ ઉવર્ક?)

હા, તમને કાંઈ જોખમ થશે નહીં. Yes, you will incur no risk. (યસ, યુ ઉવીલ ઇન્કર નો રીસ્ક)

તમે તેની નોકરીમાં કેટલું થયું છો? How long have you been in his service? (હાઉ લૉન્ગ હૅવ યુ બીન ઇન હીઝ સરવીસ?)

હું તેની નોકરીમાં પાંચ વરશ થયાં છું. I have been in his service for five years. (આઇ હૅવ બીન ઇન હીઝ સરવીસ ફૉર ફાઈવ ઇયર્સ)

હું તમને તે જગ્યા આપીશ. I will give you that post. (આઇ ઉવીલ ગીવ યુ ધૅટ પોસ્ત)

તે માટે હું તમારો ઘણો મોટો આભાર માનું છું. I thank you very much for that. (આઇ થૅન્ક યુ વૅરી મચ ફૉર ધૅટ)

શું તેને પોતાની બદલી કોઇને રાખ્યો છે? Has he kept a substitute? (હૅઝ હી કૅપ્ત એ સબ્સટીચ્યુટ?)

હા, એક હીંન્દુને. Yes, a Hindoo. (યસ, એ હીંન્દુ)

તેની જગ્યા ઉપર કોણ આવનાર છે? Who is to be his successor? (હુ ઇઝ ટુ બી હીઝ સકસૅસર?)

વીલાયતથી એક સાહેબ. An Englishman from London. (ઍન ઇંગ્લિશમૅન ફ્રૉમ લંડન)

તે તમને કાંઇ મદદ આપે છે કે નહીં? Does he help you in any way? (ડઝ હી હૅલ્પ યુ ઇન ઍની ઉવે ?)

તે મને કાંઈ મદદ આપતો નથી He gives me no help. (હી ગીવ્ઝ મી નો હૅલ્પ)

તમે મને કાંઈ નોકરી આપશો? Will you give me any vacancy? (ઉવીલ યુ ગીવ મી ઍની વેકન્સી ?)

હાલ ચાકરીની કાંઇ ખાલી જગ્યા નથી. There is no vacancy at present. (ધૅર ઇઝ નો વેકન્સી ઍટ પ્રેઝન્ટ)

તમે ઈંગ્રેજી કાગળનો ગુજરાતીમાં તરજુમો કરી શકોછો? Are you able to translate an English letter into Gujarati? (આર યુ એબલ ટુ ટ્રાંનસલેટ ઍન ઈંગ્લિશ લૅટર ઈન્ટુ ગુજરાતી?)

હા, સાહેબ, હું તે કરી શકીશ. Yes, sir, I am. (યસ, સર, આઈ ઍમ)

તમને શું પગાર જોઇશે? What salary will you accept? (ઉવૉટ સૅલરી ઉવીલ યુ ઍકસૅપ્ટ ?)

એકશો રૂપીયા. One hundred rupees. (વન હન્ડ્રેડ રૂપીઝ)

આટલો બધો પગાર મારેથી તમને અપાએ નહીં. I cannot afford to give you so much wages. (આઈ કૅનનૉટ ઍફૉર્ડ ટુ ગીવ યુ સો મચ ઉવેજીઝ)

ત્યારે તમે શું આપવા માંગો છો, સાહેબ? Then what are you going to offer, sir.? (ધૅન ઉવૉટ આર યુ ગોઈંગ ટુ ઑફર, સર ?)

હું તમને પચાશ રૂપીયાથી વધુ આપી શકતો નથી. I cannot afford more than fifty rupees. (આઈ કૅનનૉટ ઍફૉર્ડ મૉર ધૅન ફીફ્ટી રૂપીઝ)

તમે આ કરવાને શું કામ ધીલ કરો છો? Why do you delay to do this? (ઉવાહૅ ડુ યુ દીલે ટુ ડુ ધિસ?)

જો તમે મને હુકમ આપો તો હમણાં કરૂં. If you give me order I will do it just now. (ઇફ યુ ગીવ મી ઑર્ડર, આઈ ઉવીલ ડુ ઇટ જસ્ત નાઉ)

તેઓ કાંઇ વટાવ આપે છે કે? Do they give any discount? (ડુ ધે ગીવ ઍની દીસ્કાઉન્ટ?)

રોકડાં નાણાં ઉપર તેઓ પાંચ ટકા વટાવ આપેછે. They allow five per cent discount on ready money. (ધે અલાવ ફાઇવ પરસૅન્ટ દીસ્કાઉન્ટ ઑાન રૅડી મની)

તમે તેના પગારની અદેખાઇ શા માટે કરો છો? Why do you grudge his pay? (ઉવાહૅ ડુ યુ ગ્રજ હીઝ પે?)

કારણ હું તેના કરતાં વધારે કામ કરૂં છું. Because I work more than he. (બીકૉઝ આઇ ઉવર્ક મૉર ધૅન હી)

આ માણસને શું રોજ મળેછે? What does this man get per day? (ઉવૉટ દઝ ધિસ મૅન ગૅટ પર ડે?)

એને રોજનો દોઢ રૂપીઓ મળેછે. He gets one rupee eight annas per day. (હી ગૅટ્સ વન રૂપી એઈટ ઍનાઝ પર ડે)

મારે બદલે કોણ કામ કરશે? Who will work in my place? (હુ ઉવીલ ઉવર્ક ઇન માઇ પ્લેસ?)

તમે જશો તો હું તમારે બદલે કામ કરીશ. If you go I shall serve in your stead. (ઈફ યુ ગો આઇ શૅલ સર્વ ઇન યૉર સ્ટેડ)

તેની ગેરહાજરીમાં એનું કામ કોણ ચલાવે છે? Who manages his affairs in his absence? (હુ મૅનેજીઝ હીઝ ઍફૅર્સ ઇન હીઝ ઍબ્સન્સ?)

જોનસન સાહેબ. Mr. Johnson. (મી૰ જોનસન)
હમણાં પેહલું શું કામ કરવાનું છે? What is the first thing to be done now? (ઉવૉટ ઈઝ ધી ફ્ર્સ્ટ થીંગ ટુ બી ડન નાઉ ?)
ચાલો આપણે પેલાં કાગળો લખી નાંખીએ. Let us write out those letters. (લૅટ અસ રાઈટ આઉટ ધોઝ લૅટર્સ)
તમને આએ કરવાની કોણે સત્તા આપી? Who authorized you to do this? (હુ ઑથોરાઇઝડ યુ ટુ ડુ ધિસ ?)
પેસતનજી શેઠ. Mr. Pestonjee. (મી૰ પેસ્તનજી)
તમે તેના વડા છો કે? Are you his superior? (આર યુ હીઝ સુપીરીઅર ?)
નહીં, હું તેનેથી ઉતરતો છું. No, I am his subordinate. (નો, આઇ ઍમ હીઝ સબૉર્ડીનેટ)
તમે મને તેનાં કરતાં ઓછા પૈસા શું કરવા આપો છો? Why should you give me less money than him? (ઉવાઈ શુદ યુ ગીવ મી લૅસ મની ધૅન હીમ ?)
કારણ તે તમારાં કરતાં વધારે કામ કરે છે. Because he works more than you. (બીકૉઝ હી ઉવર્કસ મૉર ધૅન યુ)
આ પચીશ રૂપીયા લેવો. Take these twenty five rupees. (ટેક ધીઝ ટુવૅન્ટી ફ્રાઈવ રૂપીઝ)
પચીશ રૂપીયા બસ નહીં થશે. Twenty five rupees will be insufficient. (ટુવૅન્ટી ફ્રાઇવ રૂપીઝ ઉવીલ બી ઇનસફીશન્ટ)
તમે મને તે ચીજો પુરી પાડી શકશો? Can you supply me with those articles? (કૅન યુ સપ્લાઇ મી ઉવીથ ધોઝ આર્ટીકલ્સ ?)
હા, સાહેબ, તે હું તમને પુરી પાડીશ. Yes, sir, I can. (યસ, સર, આઇ કૅન)
ભાવમાં કાંઈ ઓછું કરો. Make some reduction in the price. (મેક સમ રીડકશન ઇન ધી પ્રાઇસ)

નહીં, સાહેબ, મેં તમને ઘણા ઓછા ભાવ કહયા છે. No, sir, I have told you the lowest prices. (નો સર, આઇ હૅવ ટોલ્ડ યુ ધી લોઍસ્ટ પ્રાઇસીસ)

તમે આ હુકમ કેટલો જલદી બજાવશો ? How soon can you execute this order ? (હાઉ સૂન કૅન યુ ઍકઝીક્યુટ ધિસ ઑર્ડર ?)

હું એ હુકમ એક મહીનામાં બજાવીશ. I shall execute this order within a month. (આઇ શૅલ ઍકસીક્યુટ ધિસ ઑર્ડર ઉવીધીન એ મન્થ)

મેહેરબાની કરી મને તમારૂં ઠેકાણું કહો. Pray favour me with your address. (પ્રે ફેવર મી ઉવીથ યૉર ઍડ્રૅસ)

મારૂં નામ ને ઠેકાણું લેવો. Take down my name and address. (ટેક ડાઉન માઇ નેમ ઍન્ડ ઍડ્રૅસ)

તમે તેને મારો પેગાંમ પેહોચાડયો ? Did you deliver to him my message ? (ડીડ યુ દીલીવર ટુ હીમ માઇ મૅસેજ ?)

હા, સાહેબ, ગઈ રાતનાં. Yes, sir, last night. (યસ, સર, લાસ્ત નાઈટ)

કેમ ! તેણે શું કહયું ? Well ! what did he say ? (ઉવૅલ ! ઉવૉટ ડીડ હી સે ?)

તે નામુકર જાએ છે કે હું એવું બોલીઓ નથી. He denies having said so. (હી દીનાઇઝ હૅવીંગ સેડ સો)

હાલ તમારી પાસે કેટલા રૂપીયા છે ? How many rupees have you got at present ? (હાઉ મૅની રૂપીઝ હૅવ યુ ગૉટ ઍટ પ્રૅઝન્ટ ?)

મારી પાસે પાંચ હજાર રૂપીયા બેંકમાં છે. I have five thousand rupees in the bank. (આઈ હૅવ ફાઇવ થાઉઝન્ડ રૂપીઝ ઇન ધી બૅંક)

આવતી કાલે કેટલાંમી તારીખ? What day of the month will it be to-morrow? (ઉવૉટ ડે ઑફ ધી મન્થ ઉવીલ ઇટ બી ટુ-મૉરો ?)

આવતી કાલે પાંચમી તારીખ. To-morrow will be the fifth. (ટુ-મૉરો ઉવીલ બી ધી ફીફ્થ)

તમે તે વેપારીને પૈસા આપ્યા કે? Did you pay the money to the merchant? (ડીડ યુ પે ધી મની ટુ ધી મરચંન્ટ ?)

મેં તેને થોડા આપ્યા છે, બધા નહીં. I have paid him in part, not in full. (આઇ હૅવ પેડ હીમ ઈન પાર્ટ, નૉટ ઈન ફુલ)

તમે તેને કેટલા આપ્યા? How much did you pay him? (હાઉ મચ ડીડ યુ પે હીમ ?)

મેં તેને ફક્ત ચઉદ રૂપીયા આપ્યા. I paid him fourteen rupees only. (આઈ પેડ હીમ ફોરટીન રૂપીઝ ઑન્લી)

તમે મી० જોનને બોલાવશો કે તેનું કાગળ આપીએ? Will you call Mr. John, so that we might give him his letter? (ઉવીલ યુ કૉલ મી० જૉન, સો ધૅટ ઉવી માઇટ ગીવ હીમ હીઝ લૅટર ?)

તે અહિયાં નથી, તે કેઠે બાહેર ગયો છે. He is not here, he has gone somewhere. (હી ઈઝ નૉટ હીઅર, હી હૅઝ ગૅાન સમઉવ્હૅર)

તમને આ કાગળ કયારે મળ્યાં? When did you receive these letters? (ઉવ્હૅન ડીડ યુ રીસીવ ધીઝ લૅટર્સ ?)

મને તે બે કલાક અગાઉ મળ્યાં. I received them two hours ago. (આઇ રીસીવ્ડ ધૅમ ટુ અવર્સ અગો)

તમે તે મને આપશો? Will you give them to me? (ઉવીલ યુ ગીવ ધૅમ ટુ મી ?)

મેં તે હજી વાંચ્યાં નથી; સબર કરો. Wait, I have not yet read them. (ઉવેટ, આઈ હૅવ નૉટ યટ રૅડ ધૅમ)

મેં તમને જે કાગળનો ઇંગ્રેજીમાં તરજુમો કરવા આપ્યો હતો તે તમે કીધો કે ? Did you translate into English the letter which I gave you ? (દીદ યુ ત્રાન્સલેટ ઈન્ટુ ઇંગ્લિશ ધી લૅટર ઉવીચ આઇ ગેવ યુ ?)

માફ કરજો, સાહેબ, મનેં વખત મળ્યો નહીં. Excuse me sir, I had no time. (ઍક્સક્યુઝ મી સર, આઈ હૅડ નો ટાઇમ)

તમે સીપાઈને પગાર આપ્યો કે ? Have you paid the sepoy his wages ? (હૅવ યુ પેડ ધી સીપૅાય હીઝ ઉવેજીઝ ?)

હજી નહીં, કારણ મારી પાસે પૈસા હતા નહીં. Not yet, because I had no money. (નૅાટ યટ, બીકૅાઝ આઇ હૅડ નો મની)

તમે એટલા જલદી ક્યાં જાવો છો ? Where are you going so early ? (ઉવ્હૅર આર યુ ગોઇંગ સો અર્લી ?)

મને દશ વાગતે કોર્ટમાં હાજર રહેવાને સાક્ષી સમન મલેલો છે. I have received a witness summons to attend the court at 10 o'clock. (આઇ હૅવ રીસીવડ એ ઉવીટનૅસ સમન્સ ટુ ઍટૅન્ડ ધી કોર્ટ ઍટ ટૅન ઓક્લૅાક)

પેહલાં કાગળો તોલો અને પછી ટિકેટ મારો. Weigh the letters before you stamp them. (ઉવે ધી લૅટર્સ બીફોર યુ સ્ટૅમ્પ ધેમ)

ઘણું સારૂં, સાહેબ. All right, sir. (ઑલ રાઈટ, સર.)

આ કાગળનું પરબીડું ક્યાં છે ? Where is the envelope for this letter ? (ઉવ્હૅર ઈઝ ધી ઍન્વેલોપ ફૅાર ધિસ લૅટર ?)

તે મારી તેબલ ઉપર છે. It is lying on my table. (ઇટ ઇઝ લાઈંગ ઑન માઇ ટેબલ)

આ કાગળ લેવો, અને જલદી તપાલમાં નાખો. Take this letter, and post it immediately. (ટેક ધિસ લૅટર, ઍન્ડ પોસ્ટ ઈટ ઈમીડીએટલી)

મને જરા કામ છે, હું સીપાઈને મોકલું છું. I am a little busy, I shall send the sepoy. (આઈ ઍમ એ લીટલ બિઝી, આઇ શૅલ સૅન્ડ ધી સીપૅાય)

રૂસ્તમજી, તમારૂં કાગળ તપાલમાં નાખવું છે કે ? Mr. Rustomjee, do you wish to have your letter posted ? (મીસતર. રૂસ્તમજી ડુ યુ ઉવીશ ટુ હૅવ યૅાર લૅટર પૅાસ્તેડ ?)

હા, એ સીપાઇને આપો. Yes, give this to the sepoy. (યસ, ગીવ ધિસ ટુ ધી સીપૅાય)

મી૦ ખરશેદજી, તમે કામમાં છો કે ? Mr. Cursetji, are you busy ? (મીસતર. ખરસેદજી, આર યુ બિઝી ?)

હા, બેસો; મારા હાથમાં જરા કામ છે. Yes, sit down; I have some business to attend to. (યસ સિટ ડાઉન, આઈ હૅવ સમ બિઝનૅસ ટુ ઍટૅન્ડ ટુ)

સાહેબ, હું તમારી પાસે સર્ટિફીકેટ લેવા આવ્યો છું. Sir, I have come for a certificate from you. (સર, આઈ હૅવ કમ ફૅાર એ સર્ટીફીકેટ ફ્રૉમ યુ)

હમણાં હું ઘણો કામમાં છું ફરી આવજો. I am very busy now, come again. (આઇ ઍમ વૅરી બિઝી નાઉ, કમ અગેન)

તમે રોકાયલા છો ? Are you engaged ? (આર યુ ઍન્ગેજ્ડ ?)

હા, હમણાં મને હરકત કરતા ના. Yes, you will not interrupt me now. (યસ, યુ ઉવીલ નૅાટ ઇન્ટરપ્ટ મી નાઉ)

આ ચીઠી શેઠ એ. પાસે લઈ જાઓ અને જો તેવણ આફીસમાં નહીં હોય તો તેવણની ટેબલપર મુકજો. Take this note to Mr. A. and if he is not in the office leave it on his desk. (ટેક ધિસ નોટ ટુ મીસ્તર એ૦ ઍન્ડ ઇફ હી ઇઝ નૅાટ ઈન ધી ઑફીસ, લીવ ઇટ ઑન હીઝ ડૅસ્ક)

વારૂં, સાહેબ; હમણાં જાઉં કે? Very well, sir; shall I go now? (વૅરી ઉવૅલ, સર; શૅલ આઇ ગો નાઉ ?)

હા, જલદી જાઓ. Yes, go soon. (યસ, ગો સૂન)

તમે મને મારો પગાર આપશો? Will you give me my pay? (ઉવીલ યુ ગીવ મી માઇ પે ?)

જો તમે કાલે આવ્યા હતે તો તમારો પગાર મળ્યો હતે. Had you come yesterday, you would have got your pay. (હૅડ યુ કમ યસ્તરડે, યુ ઉવુડ હૅવ ગૅાટ યોર પે)

તમે તે કામ કયારે પુરૂં કરશો? When shall you finish the work? (ઉવ્હૅન શૅલ યુ ફિનીશ ધી ઉવર્ક ?)

હું આશા રાખું છું કે આ અઠવાડિયાંની આખેરીએ એ કામ પુરૂં થશે. I hope it will be done by the end of this week. (આઈ હોપ, ઇટ ઉવીલ બી દન બાઇ ધી ઍન્ડ ઑાફ ધિસ ઉવીક)

તે કેમ કરતાં મરી ગયો? What did he die of? (ઉવૅાટ ડીડ હી ડાઇ ઑાફ)

તેણે આપઘાત કીધો. He committed suicide. (હી કમીટેડ સુઇ-સાઈડ)

મરનારનો કેટલો પગાર ચઢયો છે? What pay is due to the deceased? (ઉવૅાટ પે ઈઝ દયુ ટુ ધી દીસીસ્ડ ?)

બે મહીનાનો. Two months. (ટૂ મન્થસ)

તમે આજનું વર્તમાન પત્ર વાંચ્યું? Did you read to-day's news-paper? (દીદ યુ રીડ ટુ-ડેઝ ન્યુસ્પેપર ?)

હા, મેં તે હમણાજ વાંચ્યું છે. Yes, I have just read it. (યસ, આઇ હૅવ જસ્ત રૅડ ઈટ)

તમે મને આજનું ટાઈમ્સ ઑફ ઇન્ડિયા આપવાની મેહેરબાંની કરશો? Will you be so kind as to give me to-day's Times of India? (ઉવીલ યુ બી સો કાંઈન્ડ ઍઝ ટુ ગીવ મી ટુ-ડેઝ ટાઈમ્સ ઑફ ઇન્ડીઆ?)

હા, જરા, સબર કરો શેઠ શોરાબજી તે વાંચેછે. Yes, wait a little, Mr. Sorabjee is reading it. (યસ, ઉવેટ એ લીટલ, મીસતર સોરાબજી ઈઝ રીડીંગ ઇટ)

શેહેરમાં શું ખબર ફેલાઈ છે? What report is circulated in the town? (ઉવૉટ રીપૉર્ટ ઈઝ સરકયુલેટેડ ઈન ધી ટાઉન?)

એવી બુમ ઉડી છે કે માણેકલાલે દીવાળું કાઢ્યું. There is a report that Manecklall has failed. (ધેર ઇઝ એ રીપૉર્ટ ધૅટ માણેકલાલ હૅઝ ફેલ્ડ)

હું તેની પાસે થોડા રૂપીયા માંગું છું, શું કરૂં? He owes me some money, what shall I do? (હી ઓઝ મી સમ મની, ઉવૉટ શૅલ આઈ ડુ?)

જો તમે મારી સલાહ લેવો તો, તમે તેને મળો તો સારૂં. If you take my advice, you had better see him. (ઇફ યુ ટેક માઇ ઍડવાઇસ, યુ હૅદ બેટર સી હીમ)

તમારા માંગનારાઓ ઘણા છે કે? Have you many creditors? (હૅવ યુ મૅની ક્રૅડીતર્સ?)

મારો બીલકુલ કોઇ માંગનાર નથી. I have no creditor at all. (આઈ હૅવ નો ક્રૅડીતર ઍટ ઑલ)

તમે મારા વકીલને ઓળખો છો? તે ઘણો હુશીયાર છે. Do you know my lawyer? He is very clever. (ડુ યુ નો માઇ લૅાયર? હી હીઝ વૅરી કલૅવર)

હું તેને ઓળખું છું, તેથી મેં મારો કજીઓ તેને આપ્યો છે. I know him, so I have given him my case. (આઇ નો હીમ, સો આઇ હૅવ ગીવન હીમ માઇ કેસ)

તે માણસ તે કામને લાયક છે? Is that man fit for that work? (ઇઝ ધૅટ મૅન ફિટ ફૉર ધૅટ ઉવર્ક ?)

નહીં, સાહેબ, તે તેને લાયકનો નથી. No, sir, he is not fit for it. (નો, સર, હી ઈઝ નૉટ ફિટ ફૉર ઇટ)

જ્યારે તે આવે ત્યારે હું તેને તમારી પાસે મોકલું? Shall I send him to you when he comes? (શૅલ આઇ સૅન્ડ હીમ ટુ યુ ઉવ્હૅન હી કમ્ઝ ?)

હા, જ્યારે તે આવે ત્યારે તેને કહો કે ઉપર આવે. Yes, when he comes, tell him to come up-stairs. (યસ, ઉવ્હૅન હી કમ્સ ટૅલ હીમ ટુ કમ અપ-સ્ટૅર્સ)

હું આશા રાખું છું કે મેં તમને જે આપ્યું છે તેથી તમે સંતોષ પાંમશો. I hope you will be satisfied with what I have given you. (આઇ હોપ યુ ઉવીલ બી સૅટીસ્ફાઇડ ઉવીથ ઉવૅાટ આઇ હૅવ ગીવન યુ)

હું તમારો ઉપકાર માંનું છું, પણ હું એટલી મેહેરબાંનીને લાયક નથી. I thank you, but I do not deserve so much kindness. (આઇ થૅન્ક યુ, બટ આઈ ડુ નૅાટ ડીઝર્વ સો મચ કાંઇન્ડનૅસ)

મેહેરબાંની કરીને શેઠ બી. ઉપર મને ભલાંમણનો કાગળ આપો. Please give me a letter of recommendation to Mr. B. (પ્લીઝ ગીવ મી એ લૅટર ઑાફ રૅકમૅન્ડેશન ટુ મીસતર બી.)

હું તેમ કરી શકતો નથી, કેમકે હું તેને ઓળખતો નથી. I cannot do so, for I do not know him. (આઇ કૅનનૅાટ ડુ સો, ફૅાર આઇ ડુ નૅાટ નો હીમ)

તમે તે કાગળ ટપાલમાં લઈ જવાની શું કામ ગફલત કરી ? Why did you neglect to take the letter to the post office? (વ્હાઈ ડીડ યુ નિગ્લૅક્ટ ટુ ટેક ધી લૅટર ટુ ધી પોસ્ટ ઑફીસ ?)

કારણ મને વખત નહીં હતો, અને મારે ઘણું કામ હતું. Because I had no time, and I had so much to do. (બીકૉઝ આઈ હૅડ નો ટાઇમ, ઍન્ડ આઇ હૅડ સો મચ ટુ ડુ)

તમે એટલા મુરખ કેમ થયા કે તમારા નાહના ભાઈને એવડી મોટી રકમ આપીને મોકલ્યો ? How could you be so stupid, as to send me such a large sum by your younger brother ? (હાઉ કુડ યુ બી સો સ્ટુપીડ, ઍઝ ટુ સૅન્ડ મી સચ એ લાર્જ સમ બાઇ યૉર યંગર બ્રધર ?)

મારી પાસે મોકલવાને બીજું કોઈ હતું નહીં. I had nobody else to send it with. (આઈ હૅડ નોબૉડી ઍલ્સ ટુ સૅન્ડ ઈટ ઉવીથ)

તમને શું જોઈએ છે, સાહેબ ? What do you want, sir ? (ઉવૉટ ડુ યુ ઉવૉન્ટ, સર ?)

મને એક ફુલીસકેપનો તાવ અને થોડાં લેટર પેપર આપો. Give me a sheet of foolscap paper, and some letter papers. (ગીવ મી એ શીટ ઑફ ફુલ્સકૅપ પેપર ઍન્ડ સમ લૅટર પેપર્સ)

આ રહ્યું સાહેબ, આ તેબલ ઉપર લખો. Here it is sir, write at this table. (હીઅર ઇટ ઇઝ સર, રાઈટ ઍટ ધિસ ટેબલ)

તમુને હમણાં રામજીએ શું પુછ્યું ? What did Ramjee ask you just now? (ઉવૉટ ડીડ રાંમજી આસ્ક યુ જસ્ત નાઉ ?)

તેણે ઘેર જવાની મારી પાસે રજા માંગી. He asked leave of me to go home. (હી આસ્કડ લીવ ઑફ મી ટુ ગો હોમ)

તમે તેને રજા આપી કે? Did you grant him leave? (ડીડ યુ ગ્રાન્ટ હીમ લીવ?)

હા, મેં તેને જવા દીધો કારણ કે તેણે ઘણું કાંમ કીધું. Yes, I let him go for he had worked very hard. (યસ, આઇ લૅટ હીમ ગો ફૉર હી હૅડ ઉવર્કડ વૅરી હાર્ડ)

ચોવીસમીએ તેહવાર આવે છે. There is a holiday on the twenty fourth. (ધૅર ઈઝ એ હૉલીડે ઑાન ધી ટુવૅન્ટી ફોર્થ)

તે કયો તેહવાર છે? What holiday is it? (ઉવૅાટ હૉલીડે ઇઝ ઈટ?)

તે રાંણીની સાલગરેહનો છે. It is the Queen's birthday. (ઇટ ઇઝ ધી કવીન્સ બર્થડે)

તે દીવશે આપણી આફીશ બંધ રેહેશે. Our office will be closed on that day. (અવર ઑાફીસ ઉવીલ બી કલોઝ્ડ ઑાન ધૅટ ડે)

તમે નથી જાણતા કે આવતી કાલે તેહવાર છે? Do you not know that to-morrow is a holiday? (ડુ યુ નૅાટ નો ધૅટ ટુ-મૉરો ઇઝ એ હૉલીડે?)

નહીં, હું નથી જાણતો; તે શું તેહવાર છે? No, I do not know; what holiday is it? (નો, આઇ ડુ નૅાટ નો; ઉવૅાટ હૉલીડે ઇઝ ઈટ?)

આવતી કાલે રાંમનવમીનો તેહવાર છે. To-morrow is the Ram-navmi holiday. (ટુ-મૉરો ઇઝ ધી રામનવમી હૉલીડે)

હમેશાં તમારો આફીશનો વખત કયો છે, સાહેબ? What are your office hours generally, sir? (ઉવૅાટ આર યૉર ઑાફીસ અવર્સ જનરલી, સર?)

સવારના દશથી સાંજનાં પાંચ. From 10 A. M. to 5 P. M. (ફ્રૉમ ટૅન એ. ઍમ. ટુ ફાઇવ પી. ઍમ)

તમે તમારૂં કામ ક્યારથી શરૂ કીધું ? When did you begin your work? (ઉ્હેન ડીડ યુ બિગીન યૉર ઉવર્ક ?)

અમે અમારૂં કામ આંઠ વાગતે શરૂ કીધું અને પાંચ વાગતે પુરૂં કીધું. We began our work at eight and finished it at five. (ઉવી બિગૅન અવર ઉવર્ક ઍટ એઇટ ઍન્ડ ફિનીશ્ડ ઇટ ઍટ ફાઇવ)

તમને તમારા ઘેરથી ઓફીસમાં જતાં કેટલો વખત લાગે છે ? How long does it take you to go from your house to the office? (હાઉ લૅાગ ડઝ ઇટ ટેક યુ ટુ ગો ફ્રૉમ યૉર હાઉસ ટુ ધી ઑફીસ ?)

મને આસરે અરધો કલાક લાગે છે. It takes me about half an hour. (ઈટ ટેકસ મી અબાઉટ હાફ ઍન અવર)

આજે સવારના તમે ઘેરથી કયારે નીકલ્યા ? When did you leave home this morning? (ઉ્હૅન ડીડ યુ લીવ હોમ ધિસ મૉર્નીંગ ?)

હું સવા નવે નીકલ્યો. I left at a quarter past nine. (આઇ લૅફ્ટ ઍટ એ ક્વૉર્ટર પાસ્ત નાઈન)

તમે આખો દીવસ કાગળોની નકલ કરતાં થાકી જતા નથી ? Are you not tired of copying letters all day? (આર યુ નૉટ ટાયર્ડ ઑફ કૉપીઇંગ લૅટર્સ ઑલ ડે ?)

હું આખો દીવસ કાગળોની નકલ કરતો નથી. I do not copy letters the whole day. (આઈ ડુ નૉટ કૉપી લૅટર્સ ધી હોલ ડે)

તમે જે માલને વીશે બોલો છો તે કયાં છે ? Where are the goods you speak of? (ઉ્હૅર આર ધી ગુડઝ યુ સ્પીક ઑફ ?)

તે અમારી વખારમાં છે. They are in our godowns. (ધે આર ઈન અવર ગોડાઉન્સ)

આ હુંડી ક્યારે પાકશે ? When will this bill of exchange be due? (ઉવ્હૅન ઉવીલ ધિસ બિલ ઑફ઼ ઍક્સચેન્જ બી ડ્યુ ?)

આવતા સોમવારે. Next Monday. (નૅક્સ્ત મન્ડે)

રૂશતમજી, તમને તે વેપારીને લખવાનો વખત છે કે ? Rustomjee, have you time to write to the merchant? (રૂસ્તમજી, હૅવ યુ ટાઇમ ટુ રાઇટ ટુ ધી મરચન્ટ ?)

નહીં, સાહેબ, આજે મને વખત નથી, હું તેને કાલે સવારનાં લખીશ. No, sir, I have no time to-day, I shall write to him to-morrow morning. (નો, સર, આઈ હૅવ નો ટાઇમ ટુ-ડે, આઈ શૅલ રાઈટ ટુ હીમ ટુ-મૉરો મૉર્નીંગ)

તમે આ ગરીબ માણુસને શું કામ ધીક્કારો છો ? Why do you hate this poor man? (ઉવ્હાઇ ડુ યુ હેત ધિસ પુઅર મૅન ?)

હું તેને ધીક્કારૂં છું કેમકે તે મારા હાથ નીચે નોકરી કરવાને ખુશી નથી. I hate him, because he is not willing to serve under me. (આઈ હેત હીમ, બીકૉઝ હી ઇઝ નૉટ ઉવીલીંગ ટુ સર્વ અન્ડર મી)

હું તમારો આંકડો લાવું કે ? Shall I bring your bill? (શૅલ આઇ બ્રીંગ યૉર બિલ ?)

આજે નહીં, હું મારો આંકડો કાલે ચુકવીશ. Not to-day, I shall pay my bill to-morrow. (નૅાટ ટુ-ડે, આઈ શૅલ પે માઇ બિલ ટુ-મૉરો)

પીરોજશા, તમે તે દુકાંનદારનો હીસાબ ચુકવ્યો કે ? Perozshaw, have you settled the account of the shop-keeper? (પીરોજશા, હૅવ યુ સૅટલ્ડ ધી ઍકાઉન્ટ ઑફ઼ ધી શૅાપ-કીપર ?)

હજી નહીં, હું તે નક્કી કરવા માંગુંછું. Not yet, I wish to settle it. (નૅાટ યટ, આઈ ઉવીશ ટુ સૅટલ ઈટ)

મીસ્તર પેસતનજી, તમને આજે સવારનાં મેં જે બધાં કાગળો આપ્યાં હતાં તેની તમે નકલ કીધી કે ? Mr. Pestonjee, have you copied all the letters I gave you to copy this morning ? (મી૦ પેસ્તનજી, હૅવ યુ કૉપીડ ઑલ ધી લૅટર્સ આઈ ગેવ યુ ટુ કૉપી ધિસ મૉર્નીંગ ?)

મેં તે થોડાંની નકલ કીધી છે, પણ બધાંની નકલ કરવાનો વખત મલ્યો નહીં. I have copied some of them, but had no time to copy all. (આઈ હૅવ કૉપીડ સમ ઑફ ધૅમ, બટ હૅડ નો ટાઈમ ટુ કૉપી ઑલ)

પત્ર વહેવાર સંબંધી વાકયો.

૯૭. Still. (સ્તિલ)
બીછાને પડેલો છે. Is in bed. (ઇઝ ઇન બૅડ)
ભુલી ગયો. Forgot. (ફરગૉટ)
યાદ આપવી. To remind. (ટુ રીમાઈન્ડ)
યાદ આપવી. To put in mind. (ટુ પુત ઇન માઇન્ડ)
નાખી દીધું. Dropped. (ડ્રૉપ્ડ)
ખાનગી. Private. (પ્રાઈવેટ)
બાઇડી. Wife. (ઉવાઇફ)

તમે કોણુને લખવા માંગો છો ? To whom do you wish to write ? (ટુ હુમ ડુ યુ ઉવીશ ટુ રાઈટ ?)

હું મારા છોકરાને લખવા માંગુછું. I wish to write to my son. (આઇ ઉવીશ ટુ રાઇટ ટુ માઈ સન)

તમારો ભાઈ સી. તમને શું લખે છે ? What does your brother C. write to you ? (ઉવૉટ ડઝ યૉર બ્રધર સી. રાઇટ ટુ યુ ?)

તે લખે છે કે તે સારી પેઠે છે, અને તેને ઘણું કામ છે. He writes that he is well, and that he has much to do. (હી રાઇટ્સ ધૅટ હી ઇઝ ઉવૅલ, ઍન્ડ ધૅટ હી હૅઝ મચ ટુ ડુ)

તમને ઘણાં કાગળો લખવાનાં છે કે? Have you many letters to write? (હૅવ યુ મૅની લૅટર્સ ટુ રાઈટ?)

હા, મારે ઘણાં લખવાનાં છે, અને મને થોડો વખત છે. Yes, I have a great many to write, but have very little time. (યસ, આઇ હૅવ એ ગ્રેટ મૅની ટુ રાઇટ, બટ હૅવ વૅરી લીટલ ટાઇમ)

જોન, તમે તમારાં કાગળો લખી રહયા કે? John, have you finished your letters? (જૉન, હૅવ યુ ફિનીસ્ડ યૉર લૅટર્સ?)

હજી નહીં, મારે હજી ત્રણ લખવાનાં છે. Not yet, I have still three to write. (નૅાટ યટ, આઈ હૅવ સ્તિલ થ્રી ટુ રાઈટ)

આજે સવારનાં તમે કોણને લખ્યું? To whom did you write this morning? (ટુ હુમ ડીડ યુ રાઈટ ધિસ મૉર્નીંગ?)

મેં મારા ગરીબ દોસ્ત જે લાંબો વખત થયો બીછાંને પડેલો છે તેને લખ્યું. I wrote to my poor friend, who has long been in bed. (આઈ રોટ ટુ માઈ પુઅર ફ્રૅન્ડ, હુ હૅઝ લૉંગ બીન ઈન બૅડ)

મેં તમને જે કાગળ લખ્યું તેનો જવાબ કેમ આપ્યો નહીં? Why did you not answer the letter I wrote to you? (ઉવાહૅ ડીડ યુ નૅાટ ઍન્સર ધી લૅટર આઈ રોત ટુ યુ?)

કારણકે તે મારાથી ખોવાઇ ગયું અને તેથી ભુલી ગયો કે તમે મને શું લખ્યું હતું. Because I lost it and forgot what you had written to me. (બીકૉઝ આઇ લૉસ્ટ ઈટ ઍન્ડ ફરગૉટ ઉવૉટ યુ હૅડ રીટન ટુ મી)

જ્યારે તમે તમારા કાકા એદલજીને ત્યાં ગયા ત્યારે તેવણ શું કરતા હતા? What had your uncle Edulji been doing, when you went to his house? (ઉવૉટ હૅડ યૉર અન્કલ એદલજી બીન ડુઇંગ ઉવ્હૅન યુ ઉવૅન્ટ ટુ હીઝ હાઉસ?)

તેવણ થોડાં કાગળો લખતા હતા. He was writing some letters. (હી વૉઝ રાઇટીંગ સમ લૅટર્સ)

ગઇ કાલે તમે મારે ઘેર કેમ આવ્યા નહીં ? Why did you not come to my house yesterday ? (વાહૈ ડીડ યુ નૉટ કમ ટુ માઇ હાઉસ યસ્તરડે ?)

ગઇ કાલે હું આવી શક્યો નહીં, કારણ મારે ચાર કાગળો લખવાનાં હતાં. I could not come yesterday, because I had four letters to write. (આઇ કુડ નૉટ કમ યસ્તરડે બીકૉઝ આઈ હૅડ ફોર લૅટર્સ ટુ રાઇટ)

તમને આ કાગળને માટે કોણે યાદ આપી ? Who reminded you of this letter ? (હુ રીમાઇન્ડેડ યુ ઑફ ધિસ લૅટર ?)

કોઈએ નહીં, પણ મેં બીજું કાગળ ટેબલ ઉપર જોયું તે ઉપરથી મને યાદ આવ્યું. Nobody, but I saw another letter on the table which put me in mind. (નોબૉડી, બટ આઈ સૅા અનધર લૅટર ઑન ધી ટેબલ વીચ પુટ મી ઈન માઈન્ડ)

રૂસ્તમજી, તમે પેલાં તમારાં કાગળો વાંચ્યાં કે ? Rustomjee, have you read those your letters ? (રૂસ્તમજી, હૅવ યુ રૅડ ધોઝ યૉર લૅટર્સ ?)

નહીં, હજી મેં તે વાંચ્યાં નથી, કારણ હું હમણાંજ આવ્યો. No, I have not read them yet, because I have just come. (નો, આઇ હૅવ નૉટ રૅડ ધૅમ યટ, બીકૉઝ આઈ હૅવ જસ્ત કમ)

તમારા દોસ્ત તમને શું લખે છે ? What does your friend write to you ? (વૉટ ડઝ યૉર ફ્રૅન્ડ રાઇટ ટુ યુ ?)

તેણે મને લખ્યું છે કે, મેં તેને જે પૈસા મોકલ્યા તે હજી તેને પોંહતા નથી. He has written to me, that he has not yet received the money I sent him. (હી હૅઝ રીટન ટુ મી, ધૅટ હી હૅઝ નૉટ યટ રીસીવડ ધી મની આઈ સૅન્ટ હીમ)

તમે જે કાગળ લખ્યું તે પોસ્ટ આફીસમાં મોકલ્યું કે ? Have you sent the letter you wrote, to the post-office ? (હૅવ યુ સૅન્ટ ધી લૅટર યુ રોટ, ટુ ધી પોસ્ત ઑફીસ ?)

હા, તે બી. પોતે પોસ્ત આફીશમાં લઇ ગયો. Yes, B. himself took it to the post-office. (યસ, બી. હીમસેલ્ફ ટુક ઇટ ટુ ધી પોસ્ત ઑફીસ)

આજે સવારે કાગળ આવ્યું તે કયાં છે ? Where is the letter you received this morning ? (ઉવ્હૅર ઈઝ ધી લૅટર યુ રીસીવ્ડ ધિસ મૉર્નીંગ ?)

મેં તમને કહયું નહીં કે તે કાગળ મારાથી પડી ગયું ? Didn't I tell you that I dropped the letter ? (ડીડ્ન્ટ આઈ ટૅલ યુ ધૅટ આઈ ડ્રૉપ્ડ ધી લૅટર ?)

સોરાબ, એ શું વાંચો છો ? What are you reading, Sorab ? (ઉવૉટ આર યુ રીડીંગ, સોરાબ ?)

હું મારા દોસ્તને ત્યાંની ચીઠી વાંચું છું. I am reading a note from my friend. (આઇ ઍમ રીડીંગ એ નોટ ફ્રૉમ માઇ ફ્રૅન્ડ)

તેણે તમને શું લખ્યું છે ? What has he written to you ? (ઉવૉટ હૅઝ હી રીટન ટુ યુ ?)

તેણે મને કાંઇ ખાનગી લખ્યું છે. He has written something private to me. (હી હૅઝ રીટન સમથીંગ પ્રાઇવેટ ટુ મી)

તમે તમારાં કાગળો ક્યારે પુરાં કરશો ? When will you finish your letters ? (ઉવ્હૅન ઉવીલ યુ ફિનીશ યૉર લૅટર્સ ?)

મારે એટલાં બધાં લખવાનાં છે કે હું નહી ધારતો કે આજે તે હું પુરાં કરીશ. I have so many to write, that I do not think I can finish them to-day. (આઇ હૅવ્ સો મૅની ટુ રાઇટ, ધૅટ આઇ ડુ નૅાટ થીંક આઇ કૅન ફિનીશ ધૅમ ટુ-ડે)

તેણી શું વાંચે છે ? What does she read ? (વ્હૅાટ ડઝ શી રીડ ?)

તેણી પોતાના ભાઈ તરફથી મલેલું કાગળ વાંચે છે. She is reading a letter she has received from her brother. (શી ઇઝ રીડીંગ એ લૅટર શી હૅઝ રીસીવ્ડ ફ્રૅામ હર બ્રધર)

મહીનામાં કેટલાં કાગળ તેણીને પોતાના ભાઇ તરફથી મલે છે ? How many letters a month does she receive from her brother ? (હાઉ મૅની લૅટર્સ એ મન્થ ડઝ શી રીસીવ ફ્રૅામ હર બ્રધર ?)

તેણીને અઠવાડિયાનું એક મલે છે. She receives it once a week. (શી રીસીવ્ઝ ઈટ વન્સ એ વીક)

તમે હમેશાં એટલું ઝડપથી લખો છો કે ? Do you always write so fast ? (ડુ યુ ઑાલવેઝ રાઈટ સો ફાસ્ત ?)

હા, બાઇ; જ્યારે મારી પાસે સારી કલમ અને કાગળ હોય છે ત્યારે. Yes, madam; only when I have good pen and paper. (યસ, મૅડમ; ઓન્લી વ્હૅન આઈ હૅવ ગુડ પૅન ઍન્ડ પેપર)

તમે હમણાં શું કરવા માંગો છો ? તમને કાંઇ કામ છે કે ? What are you going to do now ? Have you anything to do ? (વ્હૅાટ આર યુ ગોઇંગ ટુ ડુ નાઉ ? હૅવ યુ ઍનીથીંગ ટુ ડુ ?)

હું મારી બાયડીને કાગળ લખુંછું; મેં તેણીને બે મહીના થયા લખ્યું નથી. I am going to write to my wife; I have not written to her for these two months. (આઈ ઍમ ગોઇંગ ટુ રાઇટ ટુ માઈ વાઇફ, આઇ હૅવ નૅાટ રીટન ટુ હર ધીઝ ટૂ મન્થસ)

પૈસાની લેવડદેવડને લગતા વાકયો.

પૈસાદાર. Rich. (રિચ)
કબુલ થયો. Promised. (પ્રૉમીસ્ડ)
શરમ લાગે છે. Feel ashamed. (ફીલ અશેમ્ડ)
ના પાડવું. To refuse. (ટુ રીફ્યુઝ)
ઠગ્યો. Cheated. (ચીટેડ)
ઇરાદો રાખવો. To intend. (ટુ ઇન્ટૅન્ડ)
પુરતા. Sufficient. (સફીશન્ટ)
સુખી. Happy. (હૅપી)
ખચીત. Surely. (શ્યૉરલી).
ઉછીનું લેવું. To borrow. (ટુ બૉરો)
ઓળખાણ રાખવી. To be acquainted. (ટુ બી ઍક્વેન્ટેડ)
અનામત રાખવું. To deposit. (ટુ ડીપૉઝીટ)
પરદેશી. Foreigner. (ફૉરેનર)
કાઢી નાખી. Passed off. (પાસ્ડ ઑફ)
મશ્કરી. Joke. (જોક)
ફરીઆદી કરીને. Through law. (થ્રુ લૉ)
પુરતુ થવું. To suffice. (ટુ સફાઇસ)
હજુર. Presence. (પ્રૅઝન્સ)
કમાવું. To earn. (ટુ અર્ન)
દહાડો. (ગ્રહ) Star. (સ્તાર)
ચઢતો. In the ascendant. (ઇન ધી ઍસૅન્ડન્ટ)
આવક. Income. (ઇન્કમ)
ખરચ. Expenses. (ઍક્સપૅન્સીસ)
(,,) કરવો. To incur. (ટુ ઇન્કર)
કમતી કરવો. To reduce. (ટુ રીડયુસ)
ઉડાવવું. To squander. (ટુ સ્કવૉન્ડર)
સલાહ આપવી. To advise. (ટુ ઍડવાઇઝ)
પ્રમાણે. Accordingly. (ઍકૉરડીંગ્લી)
અસુખી. Unhappy. (અનહૅપી)
મેળવવું. To gain. (ટુ ગેન)
ખોવું. To lose. (ટુ લુઝ)
સુંદર. Pretty. (પ્રૅટી)
દાગીના. Ornaments. (ઑરનેમૅન્ટસ)
ખાનગી. Private. (પ્રાઇવેટ)
વાડી. Garden. (ગાર્ડન)

તમે મને કેટલા પૈસા મોકલી શકશો ? How much money can you send me? (હાઉ મચ મની કૅન યુ સૅન્ડ મી ?)

હું તમને પચીશ રૂપીયાં મોકલીશ, કારણ મારી પાસે વધારે નથી. I can send you twenty five rupees, because I have no more. (આઇ કૅન સૅન્ડ યુ ટુવૅન્ટી ફાઇવ રૂપીઝ, બીકૉઝ આઈ હૅવ નો મૉર)

તમે તેને થોડા પૈસા ઉછીના આપવાને ખુશી છો ? Are you willing to lend him some money? (આર યુ ઉવીલીંગ ટુ લૅન્ડ હીમ સમ મની ?)

અરે નહીં ! હું તેને એક પાઈ પણ ઉછીની આપીશ નહીં. Oh, no! I will not lend him a single pie. (ઓહ, નો! આઈ ઉવીલ નૉટ લૅન્ડ હીમ એ સીંગલ પાઈ)

તમારા બાવા તમને પૈસા મોકલે છે કે ? Does your father send you money? (ડઝ યૉર ફાધર સૅન્ડ યુ મની ?)

હા, તે મને થોડા મોકલે છે. Yes, he sends me some. (યસ, હી સૅન્ડઝ મી સમ)

તે મારાં કરતાં વધારે મોકલે છે કે ? Does he send you more than I? (ડઝ હી સૅન્ડ યુ મૉર ધૅન આઇ ?)

હા, તે મને તમારાં કરતાં વધારે મોકલે છે. Yes, he sends me more than you. (યસ, હી સૅન્ડઝ મી મૉર ધૅન યુ)

તે તમને દર મહીને કેટલા મોકલે છે ? How much does he send you every month? (હાઉ મચ ડઝ હી સૅન્ડ યુ ઍવરી મન્થ ?)

તે મને પચાશ રૂપીયા કરતાં વધારે મોકલે છે. He sends me more than fifty rupees. (હી સૅન્ડઝ મી મૉર ધૅન ફીફ્ટી રૂપીઝ)

તમારો દોસ્ત કહે છે તેવો તે પૈસાદાર છે કે ? Is your friend as rich as he says? (ઈઝ યૉર ફ્રૅન્ડ ઍઝ રીચ ઍઝ હી સેઝ ?)

હા, તે એવો છે; તે તમારાં અને મારાં કરતાં પૈસાદાર છે. Yes, he is so; he is richer than you and I. (યસ, હી ઈઝ સો; હી ઈઝ રીચર ધૅન યુ ઍન્ડ આઈ)

તમે મારા છોકરાને કેટલા પૈસા આપ્યા? How much money did you give to my son? (હાઉ મચ મની ડીડ યુ ગીવ ટુ માઈ સન?)

હું જે તેને કબુલ થયો હતો તે મેં તેને આપ્યું. I gave him what I had promised him. (આઇ ગેવ હીમ ઉવૉટ આઈ હેડ પ્રૉમીસ્ડ હીમ)

તમે તે માણસને પૈસા શું કામ આપો છો? Why do you give money to that man? (ઉવાહૅ ડુ યુ ગીવ મની ટુ ધૅટ મૅન?)

કારણ એ મારૂં ઘણું કામ કરે છે. Because he does much of my work. (બીકૉઝ હી દઝ મચ ઑફ માઈ ઉવર્ક)

સી. તમે તમારા પૈસાનું શું કીધું? C. what have you done with your money? (સી. ઉવૉટ હૅવ યુ ડન ઉવીથ યૉર મની?)

મેં તેની એક ચોપડી ખરીદી. I have bought a book with it. (આઇ હૅવ બૉટ એ બુક ઉવીથ ઇટ)

તમને જે પૈસા જોઈતા હતા તે તમને મળ્યા કે? Have you received the money you wanted? (હૅવ યુ રીસીવ્ડ ધી મની યુ ઉવૉન્ટેડ?)

હા, મને તે આજે મળ્યા છે, અને હવે મને બીજા વધારે જોઈતા નથી. Yes, I have received it to-day, and I do not want any more now. (યસ, આઈ હૅવ રીસીવ્ડ ઈટ ટુડે ઍન્ડ આઇ ડુ નૉટ ઉવૉન્ટ ઍની મૉર નાઉ)

તમે મને જે પૈસા દેવાછો તે ક્યારે મોકલશો? When will you send me the money you owe me?. (ઉવ્હૅન ઉવીલ યુ સૅન્ડ મી ધી મની યુ ઓ મી?)

મેહેરબાંની કરી થોડા દીવસ સબુર કરો. હમણાં મારી પાસે કાંઇ નથી. Please wait for a few days, I have nothing at present. (પ્લીઝ ઉવેટ ફૉર એ ફ્યુ દેઝ આઈ હૅવ નથીંગ ઍટ પ્રૅઝન્ટ)

મે તમારા પૈસા ખોશો તો તમારૂં શું થશે ? What will become of you, if you lose your money? (ઉવૉટ ઉવીલ બીકમ ઑફ યુ, ઇફ યુ લુઝ યૉર મની ?)

હું નહીં જાણુતો કે મારૂં શું થશે. I do not know what will become of me. (આઇ ડુ નૉટ નો ઉવૉટ ઉવીલ બીકમ ઑફ મી)

તમને જે માણસે પૈસા ધીરયા હતા તેનું શું થયું ? What has become of the man who lent you the money? (ઉવૉટ હૅઝ બીકમ ઑફ ધી મૅન હુ લૅન્ટ યુ ધી મની ?)

હું નહીં જાણુતો કે તેનું શું થયુ છે. I do not know what has become of him. (આઈ ડુ નૉટ નો ઉવૉટ હૅઝ બીકમ ઑફ હીમ)

આ જુવાંન માણસ શા સારૂ ખોટી છે ? What does this young man wait for? (ઉવૉટ ડઝ ધિસ યંગ મૅન ઉવેટ ફૉર ?)

તે પૈસાને માટે ખોટી છે. He is waiting for money. (હી ઇઝ ઉવેટીંગ ફૉર મની)

તમને કાંઈ પૈસા જોઇતા હોય તો તમે મને કેમ કેહેતા નથી ? If you want any money, why do you not tell me? (ઇફ યુ ઉવૉન્ટ ઍની મની, ઉવાહૅ ડુ યુ નૉટ ટૅલ મી ?)

કારણ મને તમારી પાસે માંગતા શરમ લાગે છે. Because I feel ashamed to ask from you. (બીકૉઝ આઈ ફીલ અશેમ્ડ ટુ આસ્ક ફ્રૉમ યુ)

તમે મને પૈસા ઉછીના આપવાને ના કેમ પાડો છો ? Why do you refuse to lend me money? (ઉવાહૅ ડુ યુ રીફ્યુઝ ટુ લૅન્ડ મી મની ?)

કારણ તમે મને તે પાછા આપો નહીં, તમે મને એક વખત ઠગેલો છે. Because you would not return it to me; you have cheated me once. (બીકૉઝ યુ ઉવુડ નૉટ રીટર્ન ઈટ ટુ મી; યુ હૅવ ચીટેડ મી વન્સ)

તમે હજી મને મારા પૈસા કેમ આપતા નથી ? Why don't you give me my money yet? (ઉવાહૅ ડોન્ટ યુ ગીવ મી માઈ મની યટ ?)

જો મને મારા પૈસા મલશે તો મારો ઇરાદો તમને આપવાનો છે. I intend paying you, if I receive my money. (આઇ ઇન્ટૅન્ડ પેઇંગ યુ, ઇફ આઈ રીસીવ માઇ મની)

તમે તેને તેનાં પૈસા આપ્યા કે ? Have you paid him for it? (હૅવ યુ પેડ હીમ ફૉર ઈટ ?)

હજી નહીં, કારણ મારી પાસે પુરતા પૈસા હતા નહીં. Not yet, because I have not sufficient money. (નૉટ યટ, બીકૉઝ આઇ હૅવ નૉટ સફીશન્ટ મની)

તમારી પાસે ઘણાં પૈસા છે, નહીં કે ? You have much money, have you not? (યુ હૅવ મચ મની, હૅવ યુ નૉટ ?)

મારી પાસે તમારા જેટલા પૈસા નથી, પણ હું તમારાં કરતાં ઓછો સુખી નથી. I have not so much money as you, but I am not less happy than you. (આઈ હૅવ નૉટ સો મચ મની ઍઝ યુ, બટ આઈ ઍમ નૉટ લૅસ હૅપી ધૅન યુ)

તમે ધારો છો કે તે તે કરશે ? Do you think he will do it? (ડુ યુ થીન્ક હી ઉવીલ ડુ ઈટ ?)

તે ખચીત કરશે, કારણ મેં તેને બશો રૂપીયા ઉછીનાં આપેલા છે. He will surely do it, because I have lent him two hundred rupees. (હી ઉવીલ શ્યૉરલી ડુ ઇટ, બીકૉઝ આઈ હૅવ લૅન્ટ હીમ ટૂ હન્ડ્રેડ રૂપીઝ)

તે માણસ હમેશાં મારી પછવાડે કેમ આવે છે? Why does that man always follow me? (ઉવાહૅ ડઝ ધૅટ મૅન ઑલઉવેઝ ફૅલો મી?)

તે તમારી પાસે થોડા પૈસા ઉછીનાં લેવાને ખુશી છે. He wishes to borrow some money from you. (હી ઉવીશીસ ટુ બૉરો સમ મની ફ્રૉમ યુ.)

તમને તેની પાસેથી કાંઈ જોઈએ છે કે? Do you want anything from him? (ડુ યુ ઉવૉન્ટ ઍનીથીંગ ફ્રૉમ હીમ?)

નહીં, સાહેબ, હું તમારો ઉપકાર માનું છું, મને તેની સાથે ઓળખાણ નથી. No, sir, I thank you, I am not acquainted with him. (નો, સર, આઇ થૅન્ક યુ, આઇ ઍમ નૉટ ઍકવેન્ટેડ ઉવીથ હીમ)

તમે તમારા પૈસા બેંકમા અનામત કેમ રાખતા નથી? Why don't you deposit your money in the bank? (ઉવાહૅ ડોન્ટ યુ ડીપૅાઝીટ યૅાર મની ઇન ધી બૅંક?)

મારી પાસે એટલા બધા પૈસા નથી. I have not so much money. (આઈ હૅવ નૅાટ સો મચ મની.)

તમે મારા પૈસા ક્યારે પાછા આપશો? When will you return my money? (ઉવ્હેન ઉવીલ યુ રીતર્ન માય મની?)

હું આઠ દહાડામાં આપીશ. I shall return it within eight days. (આઇ શૅલ રીટર્ન ઈટ ઉવીધીન એઈટ ડેઝ)

જો તમારા છોકરા પાસે પૈસા નહીં હોય તો થોડા આપો. If your son has no money, you might give him some. (ઇફ યૅાર સન હૅઝ નો મની, યુ માઈટ ગીવ હીમ સમ)

મેં તેને ક્યારનાં આપ્યા છે. I have given him already. (આઇ હૅવ ગીવન હીમ ઑલરૅડી)

તમારી પાસે તમારા દોસ્તનાં પૈસા છે કે? Have you your friend's money? (હૅવ યુ યૉર ફ્રૅન્ડ્ઝ મની ?)

હું પૈસાદાર હતે તો મારી ખાત્રી છે કે તેણી મારી સાથે પરણુતે; પણ હું ગરીબ છું તેથી તેણીએ મને કહયું કે હું તમને ચાહી શકતી નથી. If I had been rich, I am sure she would have married me; but as I am poor, she told me that she could not love me. (ઇફ્ આઇ હૅડ બીન રિચ, આઇ ઍમ શ્યૉર શી ઉવુડ હૅવ મૅરીડ મી; બટ ઍઝ આઇ ઍમ પુઅર શી ટોલ્ડ મી ધૅટ શી કુડ નૉટ લવ મી)

તમે ક્યારે લગન કરશો? When will you get married? (ઉવ્હૅન ઉવીલ યુ ગૅટ મૅરીડ?)

તે એક સવાલ છે કે જેનો જવાબ હું આપી શકતો નથી, કારણુ તે મારી મરજીપર આધાર રાખતો નથી. That is a question I cannot answer, because it does not rest with me. (ધૅટ ઇઝ એ કવૅસ્ચન આઇ કૅનનૅાટ ઍન્સર, બિકૉઝ ઇટ ડઝ નૅાટ રૅસ્ટ ઉવીથ મી)

દીના, પેલો ગ્રહસ્થ જે સીધો તમારી તરફ આવે છે તે કોણુ છે? Dinna, who is the gentleman that is coming straight up to you? (દીના, હુ ઇઝ ધી જૅન્ટલમૅન ધૅટ ઇઝ કમીંગ સ્ટ્રેટ અપ ટુ યુ?)

તમે તેને ઓળખતા નથી કે? તે મારો વહાલો ધણી છે. Don't you know him? He is my dear husband. (ડોન્ટ યુ નો હીમ? હી ઇઝ માઇ ડીયર હસ્બન્ડ)

મારા ધણીએ આજે મને એક સુંદર ભેટ આપી છે. My husband has made me a nice present to-day. (માઇ હસ્બન્ડ હૅઝ મેડ મી એ નાઇસ પ્રૅઝન્ટ ટુ-ડે)

તમે તે મને હજુ બતાવી નથી. You have not yet shown it to me. (યુ હૅવ નૅાટ યટ શોન ઇટ ટુ મી)

તમે તે મને ક્યારે બતાવશો? When will you show it to me? (ઉવ્હૅન ઉવીલ યુ શો ઇટ ટુ મી ?)

આજે નહીં; હું તમને કાલે દેખાડીશ. Not to-day, I shall show it to you to-morrow. (નૅાટ ટુ-ડે, આઈ શૅલ શો ઇટ ટુ યુ ટુ-મૉરો)

પેલી સુંદર ભેટ માટે તમે તમારા ધણીનો ઉપકાર માન્યો ? Have you thanked your husband for that pretty present? (હૅવ યુ થૅન્કડ યૉર હસ્બન્ડ ફૅાર ધૅટ પ્રેટી પ્રૅઝન્ટ ?)

મેં હજી તેમનો ઉપકાર માન્યો નથી, કારણ મેં તેવણને હજી જોયા નથી. I have not yet thanked him, because I have not seen him since. (આઇ હૅવ નૅાટ યટ થૅન્કડ હીમ, બિકૅાઝ આઇ હૅવ નૅાટ સીન હીમ સિન્સ)

તેને ત્યાં શું કરવાનું છે? What has he to do there? (ઉવૅાટ હૅઝ હી ટુ ડુ ધૅર ?)

તેને પોતાની બાયડી સાથે વાત કરવાની છે. He has to speak to his wife. (હી હૅઝ ટુ સ્પિક ટુ હીઝ ઉવાઇફ)

તેની બાયડી ભલી બાનું છે કે? Is his wife a good lady? (ઇઝ હીઝ ઉવાઇફ આ ગુડ લેડી ?)

તેણી ઘણી ભલી બાનું છે, તેણી હમેશાં ગરીબોને મદદ કરે છે. She is a very good lady, she always helps the poor. (શી ઇઝ આ વૅરી ગુડ લેડી, શી ઑાલઉવેઝ હૅલ્પસ ધી પુઅર)

એક સ્યાણી બાઈડી મોટા આશીરવાદ સમાન છે. A prudent wife is a great blessing. (એ પ્રુડંત ઉવાઇફ ઈઝ એ ગ્રેટ બ્લૅસીંગ)

તેમાં કાંઈ શક નહીં. There is no doubt about it. (ધૅર ઈઝ નો ડાઉટ અબાઉટ ઈટ)

તમે લગન કરોછો એ ખરૂં છે? Is it true that you are going to get married? (ઇઝ ઈટ ટ્રુ ધૅટ યુ આર ગોઇંગ ટુ ગૅટ મૅરીડ?)

હા, કારણ કે જ્યારે આપણાં સુખ દુખમાં કોઈ ભાગ લેવાને નહીં હોય ત્યારે જીંદગી બહુ કંટાળાભરેલી લાગે છે. Yes, because life is very irksome, when we have no one to share our pleasures and pains. (યસ, બિકૉઝ લાઇફ ઇઝ વૅરી અર્કસમ, ઉવ્હૅન ઉવી હૅવ નો વન ટુ શૅર અવર પ્લૅઝર્સ ઍન્ડ પેન્સ)

હમણાં જે ગ્રહસ્થ પરણ્યો તેની સાથે મને ક્યારે ઓળખાંણ કરાવશો? When will you introduce me to the gentleman who has just got married? (ઉવ્હૅન ઉવીલ યુ ઇન્ટ્રોડ્યુસ મી ટુ ધી જૅન્ટલમૅન હુ હૅઝ જસ્ટ ગૉટ મૅરીડ?)

એક બે દીવશમાં. In a day or two. (ઇન એ ડે ઑર ટૂ)

તમે તેણીની સાથે તેનાં ઘેરમાં ક્યારે હતાં? When were you with her at his house? (ઉવ્હૅન ઉવર યુ ઉવીથ હર ઍટ હીઝ હાઉસ?)

કાલે સાંજનાં. Yesterday evening. (યસ્ટરડે ઇવનીંગ)

તમાંરા દોસ્તદારનાં લગન ક્યારે છે? When is your friend's marriage to take place? (ઉવ્હૅન ઇઝ યૉર ફ્રૅન્ડઝ મૅરેજ ટુ ટેક પ્લેસ?)

મારા દોસ્તદારનાં લગન હવે જલદી થશે. My friend's marriage will shortly take place. (માઇ ફ્રૅન્ડઝ મૅરેજ ઉવીલ શૉર્ટલી ટેક પ્લેસ)

તમારો દોસ્ત પરણેલો છે કે? Is your friend married? (ઇઝ યૉર ફ્રૅન્ડ મૅરીડ?)

તે પરણેલો છે પણ તેનો ભાઈ કુંવારો છે. He is married but his brother is single. (હી ઇઝ મૅરીડ બટ હીઝ બ્રધર ઈઝ સિંગલ)

તમારો પાડોશી પરણેલો છે ? Is your neighbour married ? (ઈઝ યૉર નેબર મૅરીડ ?)

નહીં, તે કુંવારો છે, તમારી તેની સાથે પરણવાની મરજી છે ? No, he is a bachelor; do you wish to marry him ? (નો હી ઈઝ એ બૅચેલર; ડુ યુ ઉવીશ ટુ મૅરી હીમ ?)

તે શું કામ લગન કરતો નથી ? Why does he not get married ? (ઉવાહૅ ડઝ હી નૉટ ગૅટ મૅરીડ ?)

કારણ તેની આવક ઘણી થોડી છે. Because his income is very small. (બિકૉઝ હીઝ ઇન્કમ ઈઝ વૅરી સ્મૉલ)

તે એટલો બધો નખાઈ કેમ ગયો છે ? How is it, he is so much pulled down ? (હાઉ ઈઝ ઇટ, હી ઇઝ સો મચ પુલ્ડ ડાઉન ?)

તે ફક્ત બે મહીનાં ઉપર પરણ્યો હતો અને તેની બાયડી ગુજરી ગઇ છે. He got married only two months ago, and has lost his wife. (હી ગૉટ મૅરીડ ઓન્લી ટૂ મન્થ્સ અગો ઍન્ડ હૅઝ લૉસ્ટ હીઝ ઉવાઇફ)

મને કહો કે તમને હમેશાં તમારી બાયડી સાથે કેમ બનતું નથી ? Tell me why you are always on bad terms with your wife ? (ટૅલ મો ઉવાહૅ યુ આર ઑલઉવેઝ ઑન બૅડ તર્મસ ઉવીથ યૉર ઉવાઈફ ?)

કારણ તેણી ઘણી ખરચાળુ, આળસુ, અને બેદરકાર છે. Because she is very expensive, lazy and careless. (બિકૉઝ શી ઇઝ વૅરી ઍકસપૅન્સીવ, લેઝી ઍન્ડ કૅરલૅસ)

મને ખરું કહો, મશકરી ના કરો. Tell me the truth, do not joke. (ટૅલ મી ધી ટ્રુથ, ડુ નૉટ જોક)

હું બીલકુલ મશ્કરી કરતો નથી. I am not joking at all. (આઇ ઍમ નૉટ જોકીંગ ઍટ ઑલ)

આજે તેણીની તરફથી મને એક કાગળ મળ્યું છે. I have received a letter from her to-day. (આઇ હૅવ રીસીવ્ડ એ લૅટર ફ્રૉમ હર ટુ-ડે)

તેણી તમને શું લખે છે? What does she write to you? (ઉવૉટ ડઝ શી રાઇટ ટુ યુ?)

તેણી મને લખે છે કે હવે હું કદી તમારે ઘેર આવીશ નહીં. She writes to me that she will never come to my house again. (શી રાઇટ્સ ટુ મી ધૅટ શી ઉવીલ નૅવર કમ ટુ માઇ હાઉસ અગેન)

ઘણી ખરાબ બાયડી! તમે તેણીને પાછી બોલાવવા માંગો છો કે? A very bad woman! do you wish to call her back? (એ વૅરી બૅડ વુમન! ડુ યુ ઉવીશ ટુ કૉલ હર બૅક?)

અરે! નહીં, હું તને કદી બોલાવીશ નહીં. Oh! no, I shall never call her back. (ઓહ! નો, આઇ શૅલ નૅવર કૉલ હર બૅક)

તેણે તેણીની સાથે કજીઓ શોધ્યો. He picked a quarrel with her. (હી પીકડ એ ક્વૉરલ ઉવીથ હર)

તે ખરાબ માણસ છે, તે તેણીની સાથે હમેશાં કજીઓ કરે છે. He is a bad man, he always quarrels with her. (હી ઇઝ એ બૅડ મૅન, હી ઑલઉવેઝ ક્વૉરલ્સ ઉવીથ હર)

તે પોતાની બાયડી સાથે શું કામ કજીઓ કરેછે? Why does he quarrel with his wife? (ઉવાઇ ડઝ હી ક્વૉરલ ઉવીથ હીઝ ઉવાઇફ?)

તેઓ હમેશાં એક બીજા સાથે કજીઓ કરે છે; આપણે શું કરીએ? They are always quarrelling with each other; what shall we do? (ધે આર ઑલઉવેઝ ક્વૉરલીંગ ઉવીધ ઇચ અધર; ઉવૉટ શૅલ ઉવી ડુ?)

મેં તમને જે કહ્યું તે તમારી બાયડીને શું કામ કહ્યું? Why did you communicate to your wife what I told you? (હવાઇ ડીડ યુ કમ્યુનીકેટ ટુ યૉર હવાઇફ વૉટ આઇ ટોલ્ડ યુ?)

કારણ હું તેણીથી કાંઇ પણ છુપું રાખતો નથી. Because I do not keep anything secret from her. (બિકૉઝ આઇ ડુ નૉટ કીપ ઍનીથીંગ સીક્રેટ ફ્રૉમ હર)

તબીએતને લગતા વાક્યો.

ભોગવવું. To enjoy. (ટુ ઍન્જૉય)
તબીઅત. Health. (હેલ્થ)
દવા કરવી. To treat. (ટુ ત્રીટ)
સારા થવું. To recover. (ટુ રીકવર)
દુખ થવું. To ail. (ટુ એલ)
પીડાવું. To suffer. (ટુ સફર)
ભરાવું. To come on. (ટુ કમ ઑન)
લખલખું Shivering. (શીવરીંગ)
ચમકવું. To start. (ટુ સ્ટાર્ટ)
એકદમ. Suddenly. (સડન્લી)
વખતસર. At regular intervals (ઍટ રૅગ્યુલર ઇન્ટરવલ્સ)
પીવાની દવા. Mixture. (મીક્શ્ચર)
માથું ફરવું. To feel giddy. (ટુ ફીલ ગીડી)
મુરછા. Fainting (ફેન્ટીંગ)
ગભરાવું. To be confused. (ટુ બી કન્ફ્યુસ્ડ)
મેહેરબાની. Grace (ગ્રેસ)
ઝેર. Poison. (પૉઇઝન)
આશા. Prospect. (પ્રૉસ્પૅક્ટ)
કાપવું (વઢાડકાપ) To amputate. (ટુ ઍમ્પ્યુટેટ)
ખાત્રી આપવી. To assure. (ટુ ઍશ્યૉર)
આસ્તે આસ્તે. Gradually. (ગ્રૅડ્યુઅલી)
સારા થવું. To improve. (ટુ ઇમ્પ્રુવ)
સહીએડ. Small-pox (સ્મૉલ-પૉક્ષ)
દાક્તર. Physician. (ફીઝીશીયન)
વસીઅતનામું. Will. (વીલ)
વકીલ. Lawyer. (લૉયર)
ઝડપનો. Urgent. (અરજન્ટ)
તાર. Telegram. (ટૅલીગ્રામ)

તમારાં કાકી કેમ છે ? How is your aunt? (હાઉ ઇઝ યૉર આન્ટ ?)

તેણી સારી તબીએત ભોગવતી નથી. She does not enjoy good health. (શી ડઝ નૉટ ઍન્જૉય ગુડ હૅલ્થ)

તેણી હમણાં ઘણી માંદી હતી. She was very ill lately. (શી ઉવૉઝ વૅરી ઇલ લેટલી.)

મેં જાણ્યું નહીં કે તેણી માંદી હતી. I did not know that she was ill. (આઇ ડીડ નૉટ નો ધૅટ શી ઉવૉઝ ઈલ)

તેણી કેટલું થયું આજારી છે ? How long has she been ill? (હાઉ લૉન્ગ હૅઝ શી બીન ઇલ ?)

તેણી એક મહીનો થયો આજારી છે. She has been ill for a month. (શી હૅઝ બીન ઇલ ફૉર એ મન્થ)

તેણીની કોણ દવા કરે છે ? Who treats her? (હુ ત્રીત્સ હર ?)

ડાક્ટર "એ" રોજ તેણીને જોવા આવે છે. Doctor A. attends her every day. (ડૉક્તર એ. ઍટૅન્ડઝ હર ઍવરી ડે)

આશા છે કે તેણી જલદી સારી થશે. It is hoped she will recover soon." (ઇટ ઇઝ હોપ્ડ શી ઉવીલ રીકવર સુન)

તે સાંભળીને હું ઘણો ખુશી છું. I am very happy to hear it. (આઇ ઍમ વૅરી હૅપી ટુ હીયર ઇટ)

તમને શું થયું છે ? તમે ઠીક દેખાતા નથી. What ails you? You do not look well. (ઉવૉટ એલ્સ યુ ? યુ ડુ નૉટ લૂક ઉવૅલ)

મને આજે ઠીક લાગતું નથી. I don't feel well to-day. (આઇ ડોન્ટ ફીલ ઉવૅલ ટુ-ડે)

મને કાલથી સરદી થઇ છે. I have caught cold since yesterday. (આઈ હૅવ કૅાટ કોલ્ડ સિન્સ યસ્તરડે)

તમે તાવથી પીડાઓ છો. You are suffering from fever. (યુ આર સફ્રીંગ ફ્રૉમ ફીવર)

હા, તે ગઇ કાલથી લખલખાં ભરાઈને શરૂ થઇ. Yes, it came on yesterday with a shivering. (યસ, ઇટ કૅમ ઑન યસ્તરડે ઉવીથ એ શીવરીંગ)

હું બરોબર ઉંગયો નથી; હું એકદમ ચમકીને ઉઠયો. I have not slept well ; I started up suddenly. (આઈ હૅવં નૉટ સ્લૅપ્ટ ઉવૅલ; આઇ સ્ટારતેડ અપ સદ્દનલી)

તમે બીછાનાં ઉપર જાઓ, અને તમારા આંગને ગરમ રાખો. You should go to bed, and keep your body warm. (યુ શુદ ગો ટુ બૅડ, ઍન્ડ કીપ યૉર બૉદી ઉવૉર્મ)

તમને બરાબર વખતસર દવા લેવી જોઈએ. You should take medicine at regular intervals. (યુ શુદ ટેક મૅડસીન ઍટ રૅગ્યુલર ઈન્ટરવલ્સ)

આ દવા છે; પી જાઓ. Here is a mixture; drink it off. (હીઅર ઇઝ એ મીક્ષચર; દ્રીન્ક ઈટ ઑફ઼)

તેને શું થયું છે ? What is the matter with him ? (ઉવૉટ ઇઝ ધી મૅટર ઉવીથ હીમ ?)

હું નહીં જાણુતો, પણ તે ઉલટી કરે છે. I don't know, but he is vomiting. (આઈ ડોન્ટ નો, બટ હી. ઇઝ વૉમીટીંગ)

તમને શું થયું છે ? What is the matter with you ? (ઉવૉટ ઇઝ ધી મૅટર ઉવીથ યુ ?)

મારૂં માથું ફરે છે, હું ધારૂં છું કે મને મુરછા આવે છે. I feel giddy; I think I am fainting. (આઇ ફીલ ગીદી; આઈ થીન્ક આઇ ઍમ ફેન્ટીંગ)

ગભરાઓ નાં, આ કોચ ઉપર સુઈ જાઓ. Don't be confused, lie down on this sofa. (ડોન્ટ બી કન્ફ્યુઝડ, લાઇ ડાઉન ઑન ધિસ સોફા)

હા, મેહેરબાંની કરી મારો હાથ ધરો. Yes, kindly hold me by the hand. (યસ, કાંઈન્ડલી હોલ્ડ મી બાઇ ધી હૅન્ડ)

હમણાં તમારી તબીએત કેમ છે ? How do you feel now ? (હાઉ ડુ યુ ફીલ નાઉ ?)

ખોદાની મેહેરબાંનીથી મને જરા આરાંમ છે. By the grace of God ,I am somewhat better. (બાઇ ધી ગ્રેસ ઑફ ગૉડ આઈ ઍમ સમઉવૉટ બૅટર)

શોરાબજી શેઠ, તમારા ચાકરે પોતાનો પગ ભાંગ્યો છે. Mr. Sorabjee, your servant has got his leg broken. (મીસ્તર સોરાબજી, યૉર સરવન્ટ હૅઝ ગૉટ હીઝ લૅગ બ્રોકન)

તેને કહો કે દાકતરને ત્યાં જાએ. Tell him to go to a doctor. (ટૅલ હીમ ટુ ગો ટુ એ ડૉકટર)

તમે નોકરને દાકતરને ત્યાં કયારે મોકલશો ? When will you send your servant to the doctor ? (ઉઝ્હૅન ઉવીલ યુ સૅન્ડ યૉર સરવન્ટ ટુ ધી ડૉકટર ?)

દશ વાગતે. At ten o'clock. (ઍટ ટૅન ઓ'કલૉક)

તે બાહેર જઇ શકતો નથી કે ? Can't he go out ? (કાન્ટ હી ગો આઉટ ?)

નહીં, તે બાહેર જઇ શકતો નથી, તેનો પગ સુજેલો છે. No, he cannot go out; his foot is swollen. (નો, હી કૅનનૉટ ગો આઉટ; હીઝ ફૂટ ઇઝ સ્વોલન)

તે કાંમ કરવાને શકતીવાંન નથી કે ? Is he not able to work ? (ઈઝ હી નૉટ એબલ ટુ ઉવર્ક ?)

નહીં, તે કાંમ કરવાને શકતીવાંન નથી; તે ઘણો નબલો છે. No, he is not, he is too weak. (નો, હી ઈઝ નૉટ, હી ઈઝ ટૂ ઉવીક)

તે સારો થાએ એવી મને કાંઈ આશા નથી. I see no prospect of his recovery. (આઈ સી નો પ્રૉસ્પૅકટ ઑફ હીઝ રીકવરી)

હું બી એમજ ધારૂં છું. I too think so. (આઇ ટૂ થીન્ક સો)

આ બાટલીમાં શું છે? હું જરા પીવું ? What is there in this bottle? May I drink of it? (ઉવૉટ ઇઝ ધૅર ઇન ધિસ બૅાટલ ? મે આઇ ડ્રીન્ક ઑફ઼ ઇટ ?)

ખોદાને સારૂ, તે બાટલીને એમજ રહેવા દો, તેમાં ઝેર છે. For God's sake, let that bottle alone; there is poison in it. (ફૉર ગૉડસ સેક લૅટ ધૅટ બૅાટલ અલોન; ધૅર ઇઝ પૉઇઝન ઇન ઇટ)

તમે એટલા જલદી શું કાંમ દોડો છો, શું થયું છે ? Why do you run so fast, what is the matter ? (ઉવાહૅ ડુ યુ રન સો ફ઼ાસ્ત, ઉવૉટ ઇઝ ધી મૅટર ?)

એક કુત્રાએ મારા નાના ભાઈને કરડયો છે તેથી હું દાકતરને સારૂ દોડું છું. I am running for a doctor, as a dog has bitten my younger brother. (આઈ ઍમ રનીંગ ફ઼ૉર એ ડૉક્ટર, ઍઝ આ ડૉગ હૅઝ બિટન માઇ યંગર બ્રધર)

શોરાબના છોકરાને શું થયું છે ? What's the matter with Sorab's son ? (ઉવૅાટસ ધી મૅટરે ઉવીથ સોરાબ્સ સન ?)

તે દાદર ઉપરથી પડી ગયો ને ઇજા થઇ. He fell down the stairs and got hurt. (હી ફૅલ ડાઉન ધી સ્ટૅર્સ ઍન્ડ ગૉટ હર્ટ)

કેમ ! તેનો પગ સારો થશે કે ? Well ! will his foot be all right ? (ઉવૅલ ! ઉવીલ હીઝ ફ઼ૂટ બી ઑલ રાઇટ ?)

નહીં, તે કાપવો પડશે. No, it will have to be amputated. (નો, ઇટ ઉવીલ હૅવ ટુ બી ઍમ્પયુટેતેડ)

તમારો છોકરો પોતાની માંદગીમાંથી સાજો થયો કે ? Has your son recovered from his illness ? (હૅઝ યૉર સન રિકવર્ડ ફ઼્રૉમ હીઝ ઇલનૅસ ?)

હજી નહીં, પણ મને દાક્તર ખાત્રી આપેછે કે તે આસ્તે આસ્તે સારો થશે. Not yet, but the doctor assures me, that he will gradually improve. (નૉટ યટ, બટ ધી ડૉક્તર ઍસ્યૉર્સ મી ધૅટ હી ઉવીલ ગ્રૅડ્યુઅલી ઇમ્પ્રુવ)

તમે સાંભળ્યું કે ડી. એકાએક ગુજરી ગયો ? Have you heard of the sudden death of D. ? (હૅવ યુ હર્ડ ઑફ ધી સદન ડેથ ઑફ ડી. ?)

હા, મેં સાંભળ્યું; તે લાંબો વખત થયો માંદો હતો. Yes, I have; he had been ill for a long time. (યસ, આઇ હૅવ; હી હૅડ બીન ઈલ ફૉર એ લૉન્ગ ટાઇમ)

તમારો નાનો છોકરો શાથી મરણ પાંમ્યો ? What did your child die of ? (ઉવૉટ ડીડ યૉર ચાઈલ્ડ ડાઇ ઑફ ?)

તે શીળીએથી મરણ પાંમ્યો. He died of small-pox. (હી ડાઇડ ઑફ સ્મૉલ-પૉક્ષ)

તમે દાક્તરને બોલાવવા નહીં મોકલ્યો કે ? Did you not send for a doctor ? (ડીડ યુ નૉટ સૅન્ડ ફૅાર એ ડૉક્તર ?)

અલબત અમે મોકલ્યો. Of course, we did. (ઑફ કોર્સ, ઉવી ડીડ)

તમે ક્યા દાક્તરને બોલાવવા મોકલ્યો ? What doctor did you send for ? (ઉવૉટ ડૉક્તર ડીડ યુ સૅન્ડ ફૅાર ?)

મી. હાવર્ડ, આપણાં ગામનો હુશીઆર દાક્તર; તમે તેને પીછાંનો છો ? Mr. Howard, one of the best physicians in our town; do you know him ? (મીસ્તર હાવર્ડ, વન ઑફ ધી બૅસ્ટ ફીઝીશ્યન્સ ઇન અવર ટાઉન; ડુ યુ નો હીમ ?)

આ ગરીબ બાયડી શું કાંમ આંસુ પાડે છે ? Why does this poor woman cry ? (ઉવાઇ ડઝ ધિસ પુઅર ઉવુમન ક્રાઈ ?)

કારણ તેણીનો એકપુરો છોકરો પરમદીને ગુજરી ગયો. Because she lost her only son the day before yesterday. (બિકૉઝ શી લૉસ્ટ હર ઓન્લી સન ધી ડે બીફોર યસ્તરડે)

તમારાં બપાઇ કેમ છે? How is your grand-mother? (હાઉ ઇઝ યૉર ગ્રાન્ડ-મધર?)

તેણી ઘણી માંદી છે. She is very ill. (શી ઇઝ વૅરી ઇલ)

તે સાંભળીને હું ઘણો દલગીર છું; તમે કયા દાકતરને બોલાવ્યો છે? I am very sorry to hear that; which physician have you called in? (આઇ ઍમ વૅરી સૉરી ટુ હીઅર ધૅટ; હવીચ ફીઝીશ્યન હૅવ યુ કૉલ્ડ ઇન?)

અમે મીસ્તર થોમસનને બોલાવ્યો છે. We have called in Mr. Thomson. (ઉવી હૅવ કૉલ્ડ ઈન મીસ્તર થૉમ્સન)

તે છેલ્લી વખત તમારે ઘેર કયારે આવ્યો હતો? When had he been last at your house? (ઉવ્હૅન હૅડ હી બીન લાસ્ટ ઍટ યૉર હાઉસ?)

એક કલાક અગાઉ. An hour ago. (ઍન અવર અગો)

અને તેણે શું કહયું? And what did he say? (ઍન્ડ ઉવૉટ ડીડ હી સે?)

કે કાંઈ આશા નથી. That there was no hope. (ધૅટ ધૅર ઉવૉઝ નો હોપ)

તેણી હજી જીવતી છે, પણ દાકતર કહે છે કે તેણી વધારે જીવશે નહીં. She is still alive, but the doctor says she cannot live long. (શી ઇઝ સ્ટિલ અલાઇવ, બટ ધી ડૉકતર સેઝ શી કૅનનૉટ લીવ લૉંગ)

અરે! ખોદા; હવે હું શું કરૂં? Oh! God; what shall I do now. (ઓહ! ગૉડ, ઉવૉટ શૅલ આઈ ડુ નાઉ)

તેણીએ પોતાનું છેલ્લું વશીએતનામું કીધું કે? Has she made her last will? (હૅઝ શી મેડ હર લાસ્ટ ઉવીલ ?)

હા, તેણીએ હમણુાંજ તે કીધું છે. Yes, she has just made it. (યસ, શી હૅઝ જસ્ત મેડ ઇટ)

પેહલાં કોણ આવ્યું વકીલ કે દાકતર? Who came first, the lawyer or the doctor? (હુ કેમ ફર્સ્ટ, ધી લૉયર ઑર ધી ડૉક્ટર ?)

વકીલ તમારી અગાઉ, અને દાકતર તમારી પછી આવ્યો. The lawyer came before, and the doctor after you. (ધી લૉયર કેમ બીફોર, ઍન્ડ ધી ડૉક્ટર આફ્તર યુ)

તમે તમારા બાવાને લખ્યું કે? Have you written to your father? (હૅવ યુ રીટન ટુ યૉર ફાધર ?)

મેં લખ્યું, પણ તેવણે હજી મને જવાબ આપ્યો નથી. I have, but he has not yet replied to my letter. (આઇ હૅવ, બટ હી હૅઝ નૉટ યટ રીપ્લાઈડ ટુ માઇ લૅટર)

ત્યારે તમે તેને ઝડપનો એક તાર કરો. Then you send him an urgent telegram. (ધૅન યુ સૅન્ડ હીમ ઍન અરજન્ટ તૅલીગ્રામ)

હા, હું એમ કરૂં છું; પણ તે આવી શકશે નહીં. Yes, I am going to do so, but he can't come. (યસ, આઇ ઍમ ગોઇંગ ટુ ડુ સો, બટ હી કાંન્ટ કમ)

દાકતરની સાથે વાતચીત કરવાનાં વાકયો.

હુશીઆર. Clever. (કલૅવર)

સલાહ લેવી. To consult. (ટુ કન્સલ્ટ)

અજીરણ. Indigestion. (ઇન્ડીજૅશન)

દવા લેવાની વીગત. Directions. (દીરૅકશન્સ)

સીસી. Phial. (ફાયલ)

હંમેશ માફક. Usual. (યુઝુઅલ)

સારૂં. Conducive. (કન્ડયુસીવ)

ટરપીટન. Turpentine.
(ટરપૅન્ટાઇન)
શેક કરવો. To foment.(ટુ ફોમૅન્ટ)
દાકતર. Physician. (ફીઝીશ્યન)
મદદ. Assistance. (ઍસીસ્ટન્સ)
ભુખ. Appetite. (ઍપીટાઇટ)
નાડ. Pulse. (પલ્સ)
દમ લેવો. To breathe. (ટુ બ્રીધ)
મુશકેલી. Difficulty. (ડીફીકલ્ટી)
ધાસ્તી ભરેલું. Dangerous.
(ડેન્જરસ)
દવાની યાદી. Prescription.
(પ્રીશક્રીપશન)
ઓછું થવું. To abate. (ટુ અબેટ)
સખત. Terribly. (ટૅરીબ્લી)
ઓખરૂં. Hoarse. (હૉર્સ)
ચરો છે. Is loaded; is foul.
(ઇઝ લોડેડ; ઇઝ ફાઉલ)
ઉંઘની દવા. Sleeping draught.
(સ્લીપીંગ ડ્રાફ્ત)
ગુણકારક થવું. To prove efficacious. (ટુ પ્રુવ ઍફીકેશ્યસ)
દરદી. Patient. (પેશન્ટ)
ઘણો. Seriously (સીરીઅસ્લી)
અકસ્માત. Accident. (ઍકસીડન્ટ)

થવો. To meet with.
(ટુ મીટ ઉવીથ)
પાંસળી. Rib. (રિબ)
તરકેલી. Fractured. (ફ્રૅકચર્ડ)
ઘણુંકરી. Especially.
(ઍસ્પેશીયલી)
ખાલી. Mere. (મીયર)
ઘસાડો. Scratch. (સ્ક્રૅચ)
રૂઝ આવવું. To heal. (ટુ હીલ)
મલમંપટો કરવો. To dress.
(ટુ ડ્રૅસ)
તુરત. Instantly. (ઈન્સ્ટન્ટલી)
બેસાડવું. To set. (ટુ સૅટ)
આસ્તે. Gently. (જૅન્ટલી)
ખલાસ થવું. To be over.
(ટુ બી ઑવર)
દાંતનું દુખ. Tooth-ache.
(ટૂથ-એક)
દાંતનો દાક્ટર. Dentist. (ડૅન્ટીસ્ટ)
સડી ગયલો. Decayed. (ડીકેડ)
પુરવું. To stuff. (ટુ સ્ટફ)
કાઢી નાખવું. To extract.
(ટુ ઍક્સટ્રૅક્ટ)
ખવાઈ ગયલો. Far gone.
(ફાર ગૉન)

તમે મને એક હુશીયાર દાકતરની ભલામણ કરશો ? Can you recommend me a clever surgeon? (કૅન યુ રૅકમૅન્ડ મી એ કલૅવર સરજન ?)

હા, જો તમારી મરજી હોય તો હું તમને તેની પાસે લઈ જાઉં. Yes, I will take you to him, if you please. (યસ, આઇ ઉવીલ ટેક યુ ટુ હીમ, ઇફ યુ પ્લીઝ)

સાહેબ, હું તમારી સલાહ લેવા માંગું છું. Sir, I wish to consult you. (સર, આઈ ઉવીશ ટુ કન્સલ્ટ યુ)

હા, તમને શું થયું છે ? Yes, what is the matter with you? (યસ, ઉવૉટ ઈઝ ધી મૅટર ઉવીથ યુ ?)

હું અજીરણથી હેરાન થાંઉ છું. I suffer from indigestion. (આઇ સફર ફ્રૉમ ઇન્ડીજૅશન)

થોડી મીનીટ બેશો, હું કાંઇ તમારે સારૂ દવા બનાંઉ. Sit down for a while, I prepare some medicine for you. (સિટ દાઉન ફૉર એ ઉવાહીલ, આઇ પ્રીપૅર સમ મૅડસીન ફૅાર યુ)

આ ગોળીઓની ડબી છે. Here is a box of pills. (હીયર ઇઝ એ બૉક્ષ ઑફ પીલ્સ)

એ કેમ લેવાની ? How are they to be taken? (હાઉ આર ધે ટુ બી ટેકન ?)

કેમ લેવું તે ડબીની ઉપર લખેલું છે. The directions are written on the box. (ધી દીરૅકશન્સ આર રીટન ઑન ધી બૉક્ષ)

દવાને વાસ્તે તમારી પાસે સીસી છે ? Have you brought a phial for medicine? (હૅવ યુ બ્રૉટ એ ફાયલ ફૅાર મૅડસીન ?)

નહીં, સાહેબ; મારી પાસે નથી. No, sir, I have not. (નો, સર; ઑઇ હૅવ નૉટ)

હું હંમેશ માફક ખાવું પીવું કે ? Shall I take my usual food? (શૅલ આઇ ટેક માઈ યુઝુઅલ ફુડ ?)

હા, તમે ચાવલ સીવાય બધું ખાજો. Yes, you may take everything except rice. (યસ, યુ મે ટેક ઍવરીથીંગ ઍક્સૅપ્ટ રાઇસ)

દાકતર, હું ખાતી વખતે દારૂ પીવું કે? Doctor, shall I drink wine at dinner? (ડૉક્ટર, શૅલ આઇ ડ્રીન્ક ઉવાઈન ઍટ ડીનર?)

નહીં, તમે પીતા ના; તમે ઘણો પીઓ છો તે તબીએતને સારૂં નથી. No, you must not; you drink too much and that is not conducive to health. (નો, યુ મસ્ત નૉટ; યુ ડ્રીન્ક ટૂ મચ ઍન્ડ ધૅટ ઇઝ નૉટ કન્ડયુસીવ ટુ હૅલ્થ)

હું ફરીથી કયારે આવું? When shall I call again? (ઉવ્હૅન શૅલ આઇ કૉલ અગેન?)

કાલે સવારે દશ વાગ્યા અગાઉ. To-morrow morning before ten o'clock. (ટુ-મૉરો મૉર્નીંગ બીફોર ટૅન ઓ'ક્લૉક)

તમારી માંદગીમાં તમને દાકતરે દારૂ પીવા કહ્યો છે કે? Does the doctor allow you to drink wine in your illness? (ડઝ ધી ડૉક્ટર અલવ યુ ટુ ડ્રીન્ક ઉવાઇન ઇન યૉર ઇલનૅસ?)

નહીં, તે મને દારૂ પીવા દેતો નથી. No, he does not let me drink wine. (નો, હી ડઝ નૉટ લૅટ મી ડ્રીન્ક ઉવાઇન)

મારી ખાત્રી છે કે તમારો દાકતર ઘણો હુશીયાર છે; તે તમને થોડા વખતમાં સારા કરશે. I am sure your doctor is very clever; he will cure you in a short time. (આઇ ઍમ સ્યૉર યૉર ડૉકતર ઇઝ વૅરી કલૅવર; હી ઉવીલ ક્યૉર યુ ઇન એ શૉર્ટ ટાઇમ)

તે ખોદાને ખબર. God knows it. (ગૉડ નોઝ ઇટ)

મારૂં આખું શરીર દુખે છે. I have pain throughout my body. (આઇ હૅવ પેન થ્રુઆઉટ માઈ બૉડી)

થોડું ટરપીનટાઇન લગાડો અને શેક કરો. Apply a little turpentine and foment it. (ઍપ્લાઈ એ લીટલ ટરપૅન્ટાઇન ઍન્ડ ફોમૅન્ટ ઈટ)

તમારે દાકતરને ત્યાં કયારે જવું છે? When have you to go to the physician? (ઉવ્હૅન હૅવ યુ ટુ ગો ટુ ધી ફીઝીશયન?)

મારે તેની પાસે સવારનાં આંઠ વાગતે જવું છે. I have to go to him at eight o'clock in the morning. (આઇ હૅવ ટુ ગો ટુ હીમ ઍટ એઈટ ઓ'કલૉક ઈન ધી મૉર્નીંગ)

મેહેરબાંની કરીને તમે એક દાકતરને બોલાવવા મોકલશો? Will you be kind enough to send for a doctor? (ઉવીલ યુ બી કાંઇન્ડ ઈનફ ટુ સૅન્ડ ફૉર એ ડૉકટર?)

હા, હમણાં હું એક માણસને મોકલું છું. Yes, I am just sending a man for one. (યસ, આઈ ઍમ જસ્ટ સૅન્ડીંગ એ મૅન ફૉર વન)

દાકતર, મને તમારી મદદ જોઈએ છે, હું શીક છું. Doctor, I require your assistance, I am ill. (ડૉકટર, આઈ રિકવાયર યૉર ઍસીસ્તન્સ, આઇ ઍમ ઈલ)

તમે કયારથી માદા પડયા છો? How long have you been ill? (હાઉ લૉન્ગ હૅવ યુ બીન ઇલ?)

ગઇ કાલે સવારથી. Since yesterday morning. (સિન્સ યસ્તરડે મૉર્નીંગ)

તમારા આંગમાં તાપછે; તમારી નાડ ભારી છે. You are feverish; your pulse is high. (યુ આર ફીવરીશ; યૉર પલ્સ ઇઝ હાઇ)

હમણાં તમને કયાં દરદ થાયછે? Where do you feel pain now? (ઉવ્હૅર ડુ યુ ફીલ પેન નાઉ?)

મારી બાજુમાં દુખારો થાયછે, અને હું ઘણી મુશકેલીથી દમ લઉંછું. I feel pain in my sides, and I breathe with great difficulty. (આઇ ફીલ પેન ઇન માઇ સાઇડઝ, ઍન્ડ આઈ બ્રીધ ઉવીથ ગ્રેટ ડીફીકલ્ટી)

તમને ભુખ સારી લાગે છે કે? Have you good appetite? (હૅવ યુ ગુડ ઍપીટાઇટ?)

મને ભુખ નથી; મેં ગઇ કાલથી કાંઈ ખાધું નથી. I have no appetite; I have taken nothing since yesterday. (આઇ હૅવ નો ઍપીટાઇટ; આઈ હૅવ ટેકન નથીંગ સિન્સ યસ્તરડે)

તમે મારાં દુખને ધાસ્તીભરેલું ધારો છો? Do you think my illness serious. (ડુ યુ થીંક માઈ ઈલનૅસ સીરીઅસ ?)

અરે! નહીં, બીહો નાં. Oh! no, don't be afraid. (ઓહ ! નો, ડૉન્ટ બી અફ્રેડ)

મને થોડું કાગળ આપો, હું દવા લખી આપીશ. Give me a piece of paper, I will write a prescription. (ગીવ મી એ પીસ ઑફ પેપર, આઇ ઉવીલ રાઇટ એ પ્રીસ્ક્રીપશન)

તમે તે દવા એક ટેબલનો ચમચો ભરીને લેજો, અને બે કલાક પછી આ ગોળી લેજો. You take a table spoonful of the medicine; and take these pills two hours after. (યુ ઉવીલ ટેક એ ટેબલ સ્પૂનફુલ ઑફ ધી મૅડસીન ઍન્ડ ટેક ધીઝ પિલ્સ ટૂ અવર્સ આફ્તર)

કાલે સવારનાં હું પાછો આવીશ; સાહેબજી. I shall call again tomorrow morning; good morning. (આઇ શૅલ કૉલ અગેન ટુ-મૉરો મૉર્નીંગ; ગુડ મૉર્નીંગ)

કેમ, સાહેબ, આજે સવારના તમને કેમ લાગે છે? Well, sir, how do you feel this morning? (ઉવૅલ, સર, હાઉ ડુ યુ ફીલ ધિસ મૉર્નીંગ ?)

મને જરા ઠીક લાગે છે, તાપ ઘણો ઓછો છે. I feel a little better, the fever has much abated. (આઇ ફીલ એ લીટલ બૅટર, ધી ફીવર હૅઝ મચ અબેતેડ)

તમારી બાજુમાં તમને હજુર દુખારો લાગે છે કે? Do you still feel pain in your sides? (ડુ યુ સ્તિલ ફીલ પેન ઇન યૉર સાઇડઝ ?)

ઘણો થોડો, પણ મારૂં માથું સખત દુખે છે. Much less, but my head aches terribly. (મચ લૅસ, બટ માઇ હેડ એક્સ તૅરીબ્લી)

તમારૂં ગળુ સુજ્યું છે કે ? Is your throat sore? (ઇઝ યૉર થ્રોટ સૉર ?)

હા, મારૂં ગળુ સુજ્યું છે, અને મને ખાંસી છે. Yes, I have a sore throat, and I am troubled with cough. (યસ, આઈ હૅવ એ સૉર થ્રોટ, ઍન્ડ આઇ ઍમ ટ્રબલ્ડ ઉવીથ કૉફ)

તમારૂં ગળું બેહેલું છે. You have got a hoarse throat. (યુ હૅવ ગૉટ એ હૉર્સ થ્રોટ)

નહીં, પણ મારી છાતી દુખે છે. No, but I have pain in the chest. (નો, બટ આઈ હૅવ પેન ઇન ધી ચૅસ્ટ)

મેં જે દવા લખી આપી હતી તે લીધી કે ? Have you taken the medicine I prescribed ? (હૅવ યુ ટેકન ધી મૅડસીન આઇ પ્રીસ્ક્રાઇબ્ડ ?)

હા, સાહેબ, મેં તે દવા અને ગોળી બેઉ લીધું. Yes, sir, I took both the medicine and the pills. (યસ, સર, આઈ ટુક બોથ ધી મૅડસીન ઍન્ડ ધી પિલ્સ)

તે ઓસડથી તમને કાંઈ ગુણ થયો ? Has the medicine proved efficacious to you? (હૅઝ ધી મૅડસીન પ્રુવ્ડ ઍફીકેશ્યસ ટુ યુ ?)

ઘણોજ થોડો. Very little. (વૅરી લીટલ)

તમારી જીભ ઉપર થરો છે; તમે થોડી દવા લેવો. Your tongue is loaded; you should take some medicine. ((યૉર તંગ ઈઝ લોડેડ; યુ શુદ ટેક સમ મૅડસીન)

હું શું ખાઉં ? મને ભુખ સારી લાગે છે. What shall I eat? I have good appetite. (ઉવૉટ શૅલ આઇ ઇટ ? આઇ હૅવ ગુડ ઍપીટાઇટ)

થોડો હલકો ખોરાક લેવો. Take some light food. (ટેક સમ લાઈટ ફૂડ)

દાક્તર, મને બીલકુલ ઉંઘ આવતી નથી. Doctor, I do not get sleep at all. (ડૉક્ટર, આઇ ડુ નૉટ ગૅટ સ્લીપ ઍટ ઑલ)

હું તમને સુવાની દવા મોકલીશ. I shall send you a sleeping-draught. (આઇ શૅલ સૅન્ડ યુ એ સ્લીપીંગ-ડ્રાફ્ત)

તમે મને દાક્ટર જે. ના ઘરનો રસ્તો બતલાવી શકશો ? Can you show me the way to doctor J.s house. (કૅન યુ શો મી ધી ઉવે ટુ દાક્ટર જે.ઝ હાઉસ ?)

તે આ મોહલ્લાને નાંકે જમણી બાજુએ છે. It is at the end of this street on the right. (ઇટ ઇઝ ઍટ ધી ઍન્ડ ઑફ ધિસ સ્ટ્રીટ ઑન ધી રાઈટ)

દાક્તર જે. આ ઘેરમાં રહેછે કે ? Does Doctor J. live in this house ? (ડઝ ડૉક્ટર જે. લીવ ઇન ધિસ હાઉસ ?)

નહીં, તે સાંમે રહે છે, No, he lives opposite (નો, હી લિવ્ઝ ઑપોઝીટ)

સાહેબજી, દાક્તર, તમે હમણાં મારી સાથે એક આજારીને જોવા આવશો ? Good morning, doctor, will you come with me now to see a patient. (ગુડ મૉર્નીંગ, ડૉક્ટર, ઉવીલ યુ કમ ઉવીથ મી નાઉ ટુ સી એ પેશન્ટ ?)

મને તમારૂં ઠેકાંણું આપો, હું પછી આવીશ. Leave me your address; I shall come afterwards. (લીવ મી યૉર ઍડ્રૅસ; આઇ શૅલ કમ આફ્તરવર્ડ્ઝ)

હમણાં આવો તો ઘણું સારૂં કારણ તે ઘણો આજારી છે. You had better come now, because he is seriously ill. (યુ હૅડ બૅટર કમ નાઉ, બિકૉઝ હી ઈઝ સીરીઅસ્લી ઈલ)

ઠીક છે, જલદી એક ગાડી લાવો. All right, bring a garee soon. (ઑલ રાઇટ, બ્રિંગ એ ગારી સૂન)

તેને શું થયું છે ? What is the matter with him ? (હ્વૉટ ઇઝ ધી મૅટર હ્વીથ હીમ ?)

મારા છોકરાને હમણાં અકસ્માત થયો છે. My son has just met with an accident. (માઈ સન હૅઝ જસ્ટ મૅટ હ્વીથ ઍન ઍકસીડન્ટ)

હું ધારૂં છું કે તેણે પોતાનો પગ ભાંગ્યો છે. I fear he has broken his leg. (આઈ ફીઅર હી હૅઝ બ્રોકન હીઝ લૅગ)

તે આપણે જોઇશું. We shall see as to that. (હ્વી શૅલ સી ઍઝ ટુ ધૅટ)

કેમ ! તમને શું થયું છે ? Well ! what is the matter with you ? (હ્વૅલ ! હ્વૉટ ઈઝ ધી મૅટર હ્વીથ યુ ?)

સાહેબ, હું મારી સાઇકલ ઉપરથી પડી ગયો, હું ધારૂં છું કે મારી પાંસળીમાંની એક તરકેલી છે. Sir, I have had a fall from my cycle, I believe one of my ribs is fractured. (સર, આઇ હૅવ હૅડ એ ફૉલ ફ્રૉમ માઇ સાઇકલ, આઈ બીલીવ વન ઑફ માઇ રિબ્સ ઈઝ ફ્રૅકચર્ડ)

તમને ઘણું દરદ થાય છે કે ? Do you feel much pain ? (ડુ યુ ફીલ મચ પેન ?)

હા, સાહેબ, ઘણું કરી અહિયાં બાજુમાં. Yes, sir, especially here in the side. (યસ, સર, ઍસ્પેશીયલી હીઅર ઇન ધી સાઇડ)

હાથ લગાડ્યાથી દુખે છે કે ? Is it painful to the touch ? (ઈઝ ઇટ પેનફુલ ટુ ધી ટચ ?)

હા, સાહેબ, ઘણું જ. Yes, sir, too much. (યસ, સર, ટૂ મચ)

તમારા પડી જવાથી તમને કાંઈ ઇજા થઇ ? Had you any hurt from your fall ? (હૅડ યુ ઍની હર્ટ ફ્રૉમ યૉર ફૉલ ?)

હું નહીં જાણતો, પણ તે ઘણું દુખે છે. I don't know, but it pains much. (આઈ ડોન્ટ નો, બટ ઇટ પેન્સ મચ)

તે તરડેલી નથી, એ ખાલી ઘસાડો છે. It is not fractured, it is merely scratched. (ઇટ ઇઝ નૉટ ફ્રૅક્ચર્ડ, ઇટ ઇઝ મીઅર્લી સ્ક્રૅચ્ડ)

દાક્તર, એ જખમ રૂઝ આવ્યો કે ? Doctor, is the wound healed ? (ડૉક્ટર, ઈઝ ધી ઉન્ડ હીલ્ડ ?)

નહીં, એ જખમ હજુર સુધી રૂઝાયો નથી. No, the wound is not yet healed. (નો, ધી ઉન્ડ ઇઝ નૉટ યટ હીલ્ડ)

તમારા જખમને મારે તરત મલમપટો કરવો જોઈએ છે. I must dress your wound instantly. (આઈ મસ્ટ ડ્રેસ યૉર ઉન્ડ ઈન્સ્ટન્ટલી)

તમારો પગ ભાંગ્યો છે; હું તે બેસાડું છું. Your leg is broken, I am going to set it. (યૉર લૅગ ઇઝ બ્રોકન; આઈ ઍમ ગોઇંગ ટુ સૅટ ઇટ)

અરે ! આસ્તે, મને દુ:ખે છે. Oh ! gently, it pains me. (ઓહ ! જૅન્ટલી, ઇટ પેન્સ મી)

જરા સબર કરો; તે હમણાં ખલાશ થશે. Wait a little; it will soon be over. (ઉવેટ એ લીટલ, ઈટ ઉવીલ સૂન બી ઓવર)

દાક્તર, એ ઘણો દુખે છે. Doctor, it pains me much. (ડૉક્તર, ઇટ પેન્સ મી મચ)

હવે, તમે હાલ્યા વગર આસાયશ લેવો, અને તમે જલદી સારા થશો. Now, remain quiet without moving, and you will be well soon. (નાઉ રીમેન ક્વોયેટ ઉવીધાઉટ મુવીંગ, ઍન્ડ યુ ઉવીલ બી ઉવૅલ સૂન)

મારા દાંતમાં કેવું દુખ થાય છે ! હું શું કરૂં ? What a bad toothache I have ! What shall I do ? (ઉવૅાટ એ બૅડ ટૂથએક આઇ હૅવ ! ઉવૅાટ શૅલ આઇ ડુ ?)

દાંતના દાક્તર પાસે જાઓ; તે તમને કાંઈ દવા આપશે. Go to a dentist; he will give you some medicine. (ગો ટુ એ ડૅન્ટીસ્ટ, હી ઉવીલ ગીવ યુ સમ મૅડસીન)

ગઇ રાતનાં તમને બરોબર ઉંઘ આવી, નહીં વારૂં? You slept well last night, did you not? (યુ સ્લૅપ્ટ ઉવૅલ લાસ્ત નાઈટ, ડીડ યુ નૉટ ?)

હા, પણ હજુર મારો દાંત દુખે છે. Yes, but my tooth is still aching. (યસ, બટ માઇ ટૂથ ઇઝ સ્તિલ એકીંગ)

સાહેબ, મારો દાંત દુખે છે. Sir, my tooth aches. (સર, માઇ ટૂથ એકસ)

મને તમારૂં મોઢું તપાસવા દેઓ. Allow me to examine your mouth. (અલાવ મી ટુ ઍકઝામીન યૉર માઉથ)

તમારો દાંત સડી ગયલો છે. Your tooth is decayed. (યૉર ટૂથ ઇઝ ડીકેડ)

તેમાં કાંઇ પુરી શકાશે? Can it be stuffed? (કૅન ઈટ બી સ્તફ્ડ ?)

નહીં, હું સલાહ આપું છું કે તે કઢાવી નાંખો; તે ઘણો ખવાઈ ગયો છે. No, I advise you to have it extracted; it is too far gone. (નો, આઈ ઍડવાઈઝ યુ ટુ હૅવ ઇટ ઍકસટ્રૅકટેડ; ઈટ ઈઝ ટૂ ફાર ગૉન)

નહીં, દાકતર, તે મને ઘણો દુખશે. No, doctor, it will pain me much. (નો, ડૅાકતર, ઇટ ઉવીલ પેન મી મચ)

બેસો, હું તે વગર દુખાવે ખેંચી કાઢીશ. Sit down, I shall extract it without pain. (સિટ ડાઉન, આઇ શૅલ ઍકસટ્રૅકટ ઈટ ઉવીધાઉટ પેન)

ઘેર, ભાડુત તથા પાડોસીને લગતા વાકયો.

રેહેવું. To reside. (ટુ રીઝાઇડ)
અગાસી. Terrace. (ટૅરેસ)
રાંધણી. Kitchen. (કીચન)
તબેલો. Stable. (સ્ટેબલ)
ભોંયભાડું. Ground-rent. (ગ્રાઉન્ડ-રૅન્ટ)
ભરેલો. Occupied. (ઑકયુપાઇડ)
ખાલી. Vacant. (વેકન્ટ)
ભાડુત. Tenant. (ટૅનન્ટ)
ઉંડો. Deep. (દીપ)
પાડોશી. Neighbour. (નેબર)
ખાલી, ફાલતુ. Spare. (સ્પૅર)
ભાડે આપવું. To let. (ટુ લૅટ)
હવા. Air. (ઍર)
માફક આવવી. To agree with. (ટુ ઍગ્રી ઉવીથ)
ભોંયતળીએ. Ground-floor. (ગ્રાઉન્ડ-ફ્લૉર)
માળ. Storey; floor. (સ્ટૅારી; ફ્લૉર)
લંબાઇ. Length. (લૅંગ્થ)
પોહોળાઇ. Breadth. (બ્રેડથ)
મીલકત. Property. (પ્રૉપર્ટી)
આળશુ. Idle. (આઇડલ)
બદલે. Instead of. (ઇન્સ્ટેડ ઑફ)
મારવું. To beat. (ટુ બીટ)
કરડયો. Bit. (બિટ)
મેહેનત આપવી. To trouble. (ટુ ટ્રબલ)
ઠગવું. To cheat. (ટુ ચીટ)
તદન. Quite. (કવાઇટ)
બાજુ. Aside. (અસાઇડ)
ખાનગી. Private. (પ્રાઇવેટ)

આપણે નવા ઘેરમાં કયારે રહેવા જઇશું ? When shall we go to reside in the new house ? (ઉઍ્હેન શૅલ ઉવી ગો ટુ રીઝાઇડ ઈન ધી ન્યુ હાઉસ ?)

પેહેલી તારીખથી. From the first. (ફ્રૉમ ધી ફર્સ્ટ)

તમારા જુના ઘેરને અગાસી હતી કે ? Had your old house a terrace ? (હૅડ યૉર ઓલ્ડ હાઉસ એ ટૅરેસ ?)

નહીં, તેને અગાસી હતી નહીં. No, it had not. (નો, ઈટ હૅડ નૅાટ)

તેમાં કેટલા ઓરડા હતા? How many rooms were there? (હાઉ મૅની રૂમ્સ ઉવર ધૅર?)

ત્રણ મોટા ઓરડા, એક સુવાનો ઓરડો અને એક રાંધણી. Three large rooms, one bed-room, and a kitchen. (થ્રી લાર્જ રૂમ્સ, વન બૅડ-રૂમ ઍન્ડ એ કીચન)

ત્યાં તબેલો બી હતો કે? Was there a stable also? (ઉવૉઝ ધૅર એ સ્તેબલ ઑલ્સો?)

નહીં, ત્યાં તબેલો નહીં હતો. No, there was no stable. (નો, ધૅર ઉવૉઝ નો સ્તેબલ)

આએ ઘેરનું ભોંએભાડું શું છે? What is the ground-rent of this house? (ઉવૉટ ઇઝ ધી ગ્રાઉન્ડ-રૅન્ટ ઑફ ધિસ હાઉસ?)

મને ખબર નથી, પણ આસરે પચાસ રૂપીયા હશે. I don't know, but it may be about fifty rupees. (આઇ ડોન્ટ નો, બટ ઇટ મે બી અબાઉટ ફીફ્ટી રૂપીઝ)

તમે અહિયાં એકલા રહેવાને બીહતા નથી? Don't you fear to live here alone? (ડોન્ટ યુ ફીઅર ટુ લિવ હીયર અલોન?)

નહીં, અમે અહીયાં સલાંમત રહીએ છીએ. No, we live here in safety. (નો, ઉવી લીવ હીયર ઈન સેફ્ટી)

એ ઘેરનું ભાડું કેટલું છે? What is the rent of this house? (ઉવૉટ ઇઝ ધી રૅન્ટ ઑફ ધિસ હાઉસ?)

એ ઘેરનું મહીને દહાડે સાઠ રૂપીયા ભાડું છે. The monthly rent of this house is 60 rupees. (ધી મન્થલી રૅન્ટ ઑફ ધિસ હાઉસ ઈઝ સિકસ્ટી રૂપીઝ)

આ બંગલો ભરેલો છે કે? Is this bungalow occupied? (ઇઝ ધિસ બંગલો ઑક્યુપાઈડ?)

આ બંગલો ખાલી છે, એમાં કોઇ ભાડુત નથી. This bungalow is vacant, it has no tenant. (ધિસ બંગલો ઇઝ વેકન્ટ, ઇટ હૅઝ નો ટૅનન્ટ)

તમે જ્યાં રહેતા હતા ત્યાંજ હજી રહો છો કે? Do you still live in the same place as before? (ડુ યુ સ્ટિલ લિવ ઈન ધી સેમ પ્લેસ ઍઝ બીફૉર?)

હા, હું હજી ત્યાંજ રહું છું. Yes, I still live in the same place. (યસ, આઇ સ્તિલ લિવ ઈન ધી સેમ પ્લેસ)

હાલ પીરોજશા કયાં રહે છે? Where does Perozshaw live at present? (ઉવ્હૅર ડઝ પીરોજશા લિવ ઍટ પ્રૅઝન્ટ?)

તે પોતાનાં બાપના ઘેરમાં રહે છે. He lives in his father's house. (હી લિવ્ઝ ઇન હીઝ ફાધર્સ હાઉસ)

આ કુવો કેટલા ફીટ ઉંડો છે? How many feet is this well deep? (હાઉ મૅની ફીટ ઈઝ ધિસ ઉવૅલ દીપ?)

તે પંદર ફુટ ઉંડો છે. It is fifteen feet deep. (ઇટ ઇઝ ફિફ્ટીન ફીટ દીપ)

તમારી પાસે એક ખાલી ઓરડો છે? Have you got a spare room? (હૅવ યુ ગૉટ એ સ્પૅર રૂમ?)

નહીં, બાઇ, પણ મારા પાડોશી પી. પાસે બે ભાડે આપવાના છે. No, madam, but my neighbour P. has two to let. (નો, મૅડમ, બટ માઈ નેબર પી. હૅઝ ટૂ ટુ લૅટ)

તમે ગાંમડાંમાં શું કામ રહો છો? શેહેરમાં કેમ રહેતા નથી? Why do you live in the country, why don't you live in the town? (ઉવાહૅ ડુ યુ લીવ ઈન ધી કન્ટ્રી, ઉવાહૅ ડોન્ટ યુ લીવં ઈન ધી ટાઉન?)

મને ગામડાંની હવા ઘણી માફક આવે છે, અને ખોરાક સસ્તો મલે છે. The country weather agrees with me much, and the living there is cheap. (ધી કન્ટ્રી ઉવૅધર ઍગ્રીઝ ઉવીથ મી મચ, ઍન્ડ ધી લિવીંગ ધૅર ઈઝ વૅરી ચીપ)

આ ઘેર બાંધવાનો કેટલો ખરચ લાગો ? How much did it cost to build this house ? (હાઉ મચ ડીડ ઇટ કૉસ્ત ટુ બીલ્ડ ધિસ હાઉસ ?)

પંદર હજાર પાંનસો રૂપીયા. Fifteen thousand and five hundred rupees. (ફીફ્ટીન થાઉઝન્ડ ઍન્ડ ફાઇવ હન્ડ્રેડ રૂપીઝ)

આપણાં ઘેરવાલાએ ભાડું મંગાવ્યું છે અને આ લેવા આવનાર જવાબ સારૂ ઉભો છે. Our landlord has sent for the rent, and the bearer is waiting for an answer. (અવર લૅન્ડલાર્ડ હૅઝ સૅન્ટ ફૉર ધી રૅન્ટ, ઍન્ડ ધી બેરર ઈઝ વેટીંગ ફૉર ઍન ઍન્સર)

તેને કહો કે કાલે દશ વાગતે આવે. Tell him to come to-morrow at ten o'clock. (ટૅલ હીમ ટુ કમ ટુ-મૉરો ઍટ ટૅન ઓ'કલૉક)

તમે ભોંએતળીએ રહો છો કે ? Do you occupy the ground-floor ? (ડુ યુ ઑકયુપાઈ ધી ગ્રાંઉન્ડ-ફ્લૉર ?)

અમે ભોંએતળીએ રહેતા નથી, પણ પેહેલે માળે રહીએ છીએ. We do not occupy the ground-floor, but we occupy the first floor. (ઉવી ડુ નૉટ ઑકયુપાઈ ધી ગ્રાઉન્ડ-ફ્લૉર, બટ ઉવી ઑકયુપાઇ ધી ફર્સ્ટ ફ્લૉર)

આ ઓરડો કેટલો લાંબો પોહલો છે ? What is the length and breadth of this room ? (ઉવૉટ ઈઝ ધી લૅંગ્થ ઍન્ડ બ્રૅડથ ઑફ ધિસ રૂમ ?)

તે પચીશ ફુટ લાંબો અને પંદર ફુટ પોહલો છે. It is twenty five feet long and fifteen feet broad. (ઈટ ઇઝ ટુવૅન્ટી ફાઈવ ફીટ લૉંગ ઍન્ડ ફીફ્ટીન ફીટ બ્રૉડ)

તે શું ભાવે પોતાની જમીન વેચે છે? At what rate does he sell his land? (ઍટ ઉવૉટ રેટ ડઝ હી સૅલ હીઝ લૅન્ડ?)
બે રૂપીએ વાર. At two rupees per yard.(ઍટ ટૂ રૂપીઝ પર યાર્ડ)
તમને શું કામ એટલો મોટો ઓરડો જોઇએ છે? For what purpose do you require so large a room? (ફૉર ઉવૉટ પરપઝ ડુ યુ રીકવાયર સો લાર્જ એ રૂમ?)
મારે તેમાં એક નાની મેજબાંની આપવી છે. I require it to give a small party in it. (આઈ રીકવાયર ઈટ ટુ ગીવ એ સ્મૉલ પાર્ટી ઈન ઇટ)
તમે તમારા ઘેરનું ભાડું શું આપો છો? What rent do you pay for your house? (ઉવૉટ રૅન્ટ ડુ યુ પે ફૉર યૉર હાઉસ?)
મહીનાના પોનોસો રૂપીયા. Seventy five rupees a month. (સૅવન્ટી ફાઇવ રૂપીઝ એ મન્થ)
તે તમારા બાપની મીલકત છે કે તમારા કાકાની? Is that your father's property or your uncle's? (ઇઝ ધૅટ યૉર ફાધર્સ પ્રૉપર્ટી ઑર યૉર અન્કલ્સ?)
તે મારા કાકાની છે. It is my uncle's. (ઇટ ઇઝ માઈ અન્કલ્સ)
તમારી પાસે આ માળ ઉપર બીજો ઓરડો ભાડે આપવાનો છે કે? Have you another room to let on this floor? (હૅવ યુ અનધર રૂમ ટુ લૅટ ઑન ધિસ ફ્લૉર?)
નહીં, બધા ભરેલા છે. No, all are occupied. (નો, ઑલ આર ઑક્યુપાઇડ)
પેલું મોટું ઘેર આપણે જોઇએ છીએ તે કોણનું છે? Whose is that large house we see there? (હુઝ ઇઝ ધૅટ લાર્જ હાઉસ ઉવી સી ધૅર?)

હું નહીં જાણુતો, પણ હું ધારૂં છું કે તે એક હોટેલ છે. I don't know, but I think it is a hotel. (આઇ ડોન્ટ નો, બટ આઈ થીંક ઇટ ઇઝ આ હોટૅલ)

તમારા પાડોસીનો છોકરો કામ ઉપર જાએ છે કે? Does your neighbour's son go to work? (ડઝ યૉર નેબર્સ સન ગો ટુ ઉવર્ક?)

તે કામપર જવાને બદલે ઘેરમાં આળસુ બેશી રહેછે. He sits idle at home instead of going to work. (હી સિટ્સ આઇડિલ ઍટ હોમ ઈન્સ્ટેડ ઑફ ગોઇંગ ટુ ઉવર્ક)

તમારો પાડોશી પોતાનાં કુત્રાને શું કામ મારેછે? Why does your neighbour beat his dog? (ઉવાહૅ ડઝ યૉર નેબર બીટ હીઝ ડૉગ?)

કારણ તેણે તેના છોકરાને કરડયો છે. Because it has bit his son. (બિકૉઝ ઇટ હૅઝ બિટ હીઝ સન)

તમને જે હસતો હતો તે તમારો પાડોશી કે? Is he who laughed at you your neighbour? (ઈઝ હી હુ લાફ્ડ ઍટ યુ યૉર નેબર?)

નહીં, તે મારો પાડોશી નથી, પણ તે ભાડુત છે. No, he is not my neighbour, but my tenant. (નો, હી ઈઝ નૉટ માઇ નેબર, બટ માઇ ટૅનન્ટ)

તમે તમારા પાડોશીને મેહનત શું કામ આપો છો? Why do you trouble your neighbour? (ઉવાહૅ ડુ યુ ટ્રબલ યૉર નેબર?)

કોણુ કહે છે? હું તેને કાંઈ મેહનત આપતો નથી. Who says so? I do not give him any trouble. (હુ સેઝ સો? આઇ ડુ નૉટ ગીવ હીમ ઍની ટ્રબલ)

એ શું ખરૂં છે, કે તમારા પાડોશી જી.એ તમને દશ રૂપીયા માટે ઠગ્યા? Is it true, that your neighbour G. cheated you of ten rupees? (ઇઝ ઇટ ટ્રુ, ધૅટ યૉર નેબર જી. ચીટેડ યુ ઑફ ટૅન રૂપીઝ ?)

તે તદ્દન ખોટું છે, તમને કોણે કહ્યું? It is quite untrue, who told you? (ઇટ ઇઝ ક્વાઇટ અનટ્રુ, હુ ટોલ્ડ યુ ?)

ત્યારે તમે તેને બાજુએ કેમ બોલાવ્યો? Then why did you take him aside? (ધૅન ઉવાહૅ ડીડ યુ ટેક હીમ અસાઇડ ?)

મારે તેને કાંઇ ખાનગી કહેવાનું હતું. I had something private to tell him. (આઇ હૅડ સમથીંગ પ્રાઇવેટ ટુ ટૅલ હીમ)

કજીઆ ટંટાને લગતા વાકયો.

ચાળા પાડવા. To make mouths; to make faces. (ટુ મેક માઉથ્સ; ટુ મેક ફેસીસ)

છીતાં કાઢવા. To find fault. (ટુ ફાઇન્ડ ફૉલ્ટ)

છુટ. Liberty. (લીબર્ટી)

પડતી મુકવી. To drop. (ટુ ડ્રૉપ)

ઠપકો. Blame. (બ્લેમ)

મારામારી. Fighting. (ફાઇટીંગ)

નફ્ફટ. Impertinent. (ઇમ્પરટીનન્ટ)

સબુરી. Patience. (પેશન્સ)

અંત આવવો. To be exhausted. (ટુ બી ઍકઝૉસ્ટેડ)

મશ્કરી. Jest. (જૅસ્ટ)

સમજાવટ. Persuasion. (પરસ્વેશન)

ઉશકેરવું. To instigate. (ટુ ઇન્સ્ટીગેટ)

ઉપરાંત. Against. (અગેન્સ્ટ)

જબરદસ્તી. Force. (ફૉર્સ)

વાજબી. Lawful. (લૉફુલ)

વાકેફ થવું. To be acquainted. (ટુ બી ઍકવેન્ટેડ)

ગંભીરાઇથી. Seriously. (સીરીઅસ્લી)

વીગત. Particulars. (પરટીકયુલર્સ)

સખત. Severely. (સીવીઅર્લી)

પોતાને નુકસાન કરવું. To stand in one's own light. (ટુ સ્ટૅન્ડ ઈન વન્સ ઓન લાઇટ)
ચેતાવવું. To caution. (ટુ કૉશન)
મુરખ. Stupid. (સ્ટુપીડ)
પકડવું. To catch hold of. (ટુ કૅચ હોલ્ડ ઑફ)
પથ્થર ફેંકવા. To pelt.(ટુ પૅલ્ટ)
ગાળો દેવી. To abuse. (ટુ ઍબ્યુઝ)
કજીઓ કરવો. To quarrel. (ટુ ક્વૅારલ)
ધમકાવવું. To chide. (ટુ ચાઈડ)
ફરીથી બોલવું. To repeat. (ટુ રીપીટ)
તોહોમત મુકવું. To accuse. (ટુ ઍકયુઝ)
તોછડો. Rude. (રુડ)
અપમાન આપવું. To insult. (ટુ ઈન્સલ્ટ)
માફ માંગવી. To beg pardon. (ટુ બૅગ પાર્ડન)
ફફાસીઓ. Braggart. (બ્રૅગાર્ટ)
કાઢી મુકવું. To dismiss. (ટુ ડિસ્મીસ)
સાંભળવું. To listen to. (ટુ લીસન ટુ)
છુપું. Secret. (સીક્રેટ)
મના કરવી. To forbid. (ટુ ફરબીડ.)
અજબ થવું.To be astonished. (ટુ બી ઍસ્ટૉનીશ્ડ)
લુચો. Rogue. (રોગ)
ભેળાવું. To mix with. (ટુ મીક્સ ઉવીથ)
સલાહ થવી. To be reconciled. (ટુ બી રૅકનસાઈલ્ડ)
ખબર લેવી. To take notice. (ટુ ટેક નોટીસ)

તમે શા માટે મારાં ચાળા પાડો છો ? Why do you make mouths at me ? (ઉવાહૅ ડુ યુ મેક માઉથ્સ ઍટ મી ?)
મેં તમારા ચાળા પાડયા નથી, તમે એમ કેમ કહો છો ? I did not make faces at you, why do you say so ? (આઇ ડીડ નૉટ મેક ફેસીસ ઍટ યુ, ઉવાહૅ ડુ યુ સે સો ?)
શું તમે મારાં હાડકાં ભાંગવા માંગો છો ? Do you wish to break my bones ? (ડુ યુ ઉવીશ ટુ બ્રેક માઇ બોન્સ ?)

અલબત, જો તું ફરીથી એમ કરશે તો હું તારાં હાડકાં ભાંગીશ. Of course, if you do so again, I shall break your bones. (ઑફ કોર્સ, ઈફ યુ ડુ સો અગેન, આઈ શૅલ બ્રેક યૉર બોન્સ)

તેની સાથે છીતાં ના કાઢો. Do not find fault with him. (ડુ નૉટ ફાઇન્ડ ફૉલ્ટ ઉવીથ હીમ)

તે મારે માટે ખરાબ બોલે છે. He speaks ill of me. (હી સ્પીક્સ ઇલ ઑફ મી)

તમે આ બાબદમાં આટલી બધી છુટ લેઓ છો તે સારૂં નથી. It is not good for you to take so much liberty in this matter. (ઇટ ઈઝ નૉટ ગુડ ફૉર યુ ટુ ટેક સો મચ લીબર્ટી ઇન ધિસ મૅટર)

કાંઇ હરકત નહીં, હું મારે ગમશે તેમ કરીશ. No matter, I will act as I like. (નો મૅટર, આઈ ઉવીલ ઍક્ટ ઍઝ આઇ લાઈક)

તમારે પોતે શરમાવું જોઈએ. You ought to be ashamed of yourself. (યુ ઑટ ટુ બી અશેમ્ડ ઑફ યૉરસેલ્ફ)

મારો શું વાંક ? What is my fault ? (ઉવૉટ ઈઝ માઇ ફૉલ્ટ ?)

હવે એ વાતને પડતી મુકો. Now let the matter drop. (નાઉ લૅટ ધી મૅટર ડ્રૉપ)

અરે નહીં, હું શું કામ એ વાતને પડતી મુકું ? Oh no, why should I drop the matter ? (ઓહ નો, ઉવાઈ શુડ આઇ ડ્રૉપ ધી મૅટર ?)

કેમ, છેવટે મારામારીપર વાત આવી કે ? તેને બેસાડી દો. Well, is it come to fighting at last ? Make him sit down. (ઉવૅલ, ઈઝ ઈટ કમ ટુ ફાઇટીંગ ઍટ લાસ્ટ ? મેક હીમ સિટ ડાઉન)

બેસી જાઓ, નપટ ના થાઓ, તમે ઘણા ઠપકાને લાયક છો. Sit down, don't be impertinent, you are very much to blame. (સિટ દાઉન, ડોન્ટ બી ઇમ્પરટીનન્ટ, યુ આર વૅરી મચ ટુ બ્લેમ)

તમે એમ કેમ કહ્યું? Why did you say so? (વ્હાઇ ડીડ યુ સે સો ?)

મેં એમ મશ્કરીમાં કહ્યું. I said so only in jest. (આઇ સેડ સો ઓન્લી ઇન જૅસ્ટ)

તમે એમ શું કામ કીધું ? Why have you done so ? (વ્હાઇ હૅવ યુ ડન સો ?)

મેં તેના સમજાવ્યાથી એવું કીધું. I did so through his persuasion. (આઇ ડીડ સો થ્રુ હીઝ પરસ્વેશન)

એવું કરવાને તમે તેને શું કામ ઉશકેર્યો ? Why did you instigate him to act thus? (વ્હાઇ ડીડ યુ ઈન્સ્ટીગેટ હીમ ટુ ઍક્ટ ધસ?)

મેં તેને એક શબ્દબી કહ્યો નથી. I have not told him a word. (આઈ હૅવ નૅાટ ટોલ્ડ હીમ એ વર્ડ)

તેની મરજી ઉપરાંત એમ કરવાને તમે તેને જબરદસ્તી શું કાંમ કરો છો ? Why do you force him to do so against his will ? (વ્હાઇ ડુ યુ ફૅાર્સ હીમ ટુ ડુ સો અગેન્સ્ટ હીઝ વીલ ?)

હું તેને જબરદસ્તી કરતો નથી. I do not force him. (આઇ ડુ નૅાટ ફૅાર્સ હીમ)

શું એમ કરવું વાજબી છે ? Is it lawful to do so ? (ઈઝ ઇટ લૅાફુલ ટુ ડુ સો ?)

અમે અમારી મરજી માફક કરવાને મુખત્યાર છીએ. We are free to do as we like. (વી આર ફ્રી ટુ ડુ ઍઝ વી લાઇક)

આએ શરમભરેલું કાંમ છે. This is a shameful act. (ધિસ ઇઝ એ શેમફુલ ઍક્ટ)

બીલકુલ નહીં. Not at all. (નૉટ ઍટ ઑલ)

તમે જે કાંઈ બોલો છો તે ગંભીરાઇથી બોલો છો ? Are you serious in what you say ? (આર યુ સીરીઅસ ઇન ઉવૉટ યુ સે ?)

હા, હું સર્વ વીગતથી વાકેફ છું. Yes, I am acquainted with every particular. (યસ, આઇ ઍમ ઍક્વેન્ટેડ ઉવીથ ઍવરી પરટીક્યુલર)

એમાં બેહરાંમનો વાંક નથી. Byram is not at fault in the matter. (બેરાંમ ઇઝ નૉટ ઍટ ફૉલ્ટ ઇન ધી મૅટર)

કાંય નહીં ? Why not ? (ઉવાહૈ નૉટ ?)

મુગા રહો, મારે તમારૂં જૂઠું જોઈતું નથી. Be quiet, I don't want your falsehood. (બી ક્વાઍટ, આઈ ડોન્ટ ઉવૉન્ટ યૉર ફૉલ્સહુડ)

હું જૂઠો નથી, સાહેબ. I am not a liar, sir. (આઈ ઍમ નૉટ એ લાયર, સર)

શું એમાં હું તકશીરવાર છું ? Am I at fault in this matter ? (ઍમ આઇ ઍટ ફૉલ્ટ ઇન ધિસ મૅટર ?)

હાસ્તો, તને સખ્ત શિક્ષા થશે. Of course, you shall be severely punished. (ઑફ કોર્સ, યુ શૅલ બી સીવીઅર્લી પનીશ્ડ)

શું કામ ? મારો શું વાંક છે ? What for ? What is my fault ? (ઉવૉટ ફૅાર ? ઉવૉટ ઈઝ માઈ ફૉલ્ટ ?)

તે પોતાને નુકશાન કરે છે. He stands in his own light. (હી સ્ટૅન્ડસ ઇન હીઝ ઓન લાઈટ)

એમાં મારો કાંઈ અખત્યાર નથી. It does not rest with me. (ઈટ ડઝ નૉટ રૅસ્ત ઉવીથ મી)

જે થવાનું હોય તે થાય પણ હું તો તે હોરમસજી શેઠને કહીશ. Come what may, but I will tell it to Mr. Hormusjee. (કમ ઉવૉટ મે, બટ આઈ ઉવીલ ટૅલ ઇટ ટુ મીસ્તર હોરમસજી)

એને જવા દો, એ મુરખ છે. Let him go, he is a fool. (લૅટ હીમ ગો, હી ઈઝ એ ફૂલ)

તમે તેને ચેતાવજો કે તે એવું નહીં કરે. You must caution him not to do so. (યુ મસ્ત કૉશન હીમ નૉટ ટુ ડુ સો)

હું તેને ચેતાવીશ. I shall caution him. (આઈ શૅલ કૉશન હીમ)

હું તમને અરજ કરૂં છું કે તમે જે હમણાં સાંભળયું છે તે કોઇને કહેતા ના. I request you not to tell any one what you have now heard. (આઈ રીકવૅસ્ટ યુ નૉટ ટુ ટૅલ ઍની વન ઉવૉટ યુ હૅવ નાઉ હર્ડ)

અરે નહીં! બીહો નાં, તે હું કોઈને કહીશ નહીં. Oh no! don't be afraid, I won't tell it to anybody. (ઓહ નો! ડોન્ટ બી અફ્રૅડ, આઈ ઉવૉન્ટ ટૅલ ઇટ ટુ ઍનીબૉડી)

તમે એટલો બધો ઘોંઘાટ શા માટે કરો છો? What are you making so much noise for? (ઉવૉટ આર યુ મેકીંગ સો મચ નૉઈઝ ફૉર?)

મારો દોસ્તે મને માર્યો, કારણ મેં તેને કહયું કે તું મુરખ છોકરો છે. My friend beat me, because I called him a stupid boy. (માઈ ફ્રૅન્ડ બૅટ મી, બિકૅાઝ આઇ કૉલ્ડ હીમ એ સ્ટુપીડ બૉય)

જ્યારે તે તમને મારતો હતો ત્યારે તમે નાશી કેમ ગયા નહીં? Why did you not run away when he was beating you? (ઉવાહૈ ડીડ યુ નૉટ રન અઉવે ઉવ્હૅન હી ઉવૉઝ બીટીંગ યુ?)

તેણે મને એવા જોરથી પકડયો કે હું નાશી શકયો નહીં. He caught hold of me so fast that I could not run away. (હી કૉટ હોલ્ડ ઑફ મી સો ફ્રાસ્ટ ધૅટ આઇ કુડ નૉટ રન અઉવે)

તમે આ માણસનાં માથાં ઉપર મુક્કી શું કામ મારી? Why did you give this man a knock on his head? (ઉવાહૅ ડીડ યુ ગીવ ધિસ મૅન એ નૉક ઑાન હીઝ હેડ?)

કારણ તેણે મને જૂઠો કહ્યો. Because he called me a liar. (બિકૉઝ હી કૉલ્ડ મી એ લાયર)

તમે આ માણસને ઈજા કેમ કીધી? Why did you hurt this man? (ઉવાહૅ ડીડ યુ હર્ટ ધિસ મૅન?)

હું સોગંદ ખાવું છું, મેં એને ઈજા કીધી નથી. I swear, I have not hurt him. (આઇ સ્વૅર,. આઇ હૅવ નૉટ હર્ટ હીમ)

તમે જાણો છો કે તેણે એને શું કામ માર્યો? Do you know why he beat him? (ડુ યુ નો ઉવાહૅ હી બીટ હીમ?)

તેણે એની ઉપર પથ્થર ફેંક્યા. He pelted him. (હી પૅલ્ટેડ હીમ)

તમે એને ગાળ શું કામ દીધી? Why did you abuse him? (ઉવાહૅ ડીડ યુ ઍબ્યુઝ હીમ?)

તેણે મને ગરદનમાંથી પકડ્યો, તે ઉપરથી મેં એને ગાળ દીધી. He caught me by the neck, so I abused him. (હી કૉટ મી બાઈ ધી નૅક, સો આઇ ઍબ્યુઝડ હીમ)

તમે ધારો છો કે તે જે કહે છે તે ખરૂં છે? Do you think what he says is true? (ડુ યુ થીન્ક ઉવૉટ હી સેઝ ઇઝ ટ્રુ?)

હા, મને તે વિષે નીશ્ચય છે. Yes, I am certain about it. (યસ, આઈ ઍમ સર્ટન અબાઉટ ઇટ)

તમને કોણે ગાળ દીધી? Who abused you? (હુ ઍબ્યુઝડ યુ?)

જે માણસે મને ગાળ દીધી તેને હું તમને બતાવીશ. I shall show you the man who abused me. (આઈ શૅલ શો યુ ધી મૅન હુ ઍબ્યુઝડ મી)

તમે કોઇ દહાડો તેને કાંઈ ઇજા કીધી છે ? Have you ever done him any injury ? (હૅવ યુ ઍવર ડન હીમ ઍની ઇન્જરી ?)

મેં તેને કદી કાંઇ નુકશાન કીધું નથી. I have never done him the least injury. (આઇ હૅવ નૅવર ડન હીમ ધી લીસ્ટ ઇન્જરી)

શોરાબ, અહિયાં શું બન્યું ? Sorab, what happened here ? (સોરાબ, ઉવૉટ હૅપન્ડ હીયર ?)

તેને પુછો; મને એ વિષે કાંઈ ખબર નથી. Ask him ; I know nothing about it. (આસ્ક હીમ; આઈ નો નથીંગ અબાઉટ ઈટ)

તમે જાણુતા હોવો તો જવાબ કેમ આપતા નથી ? If you know it why don't you answer ? (ઈફ યુ નો ઈટ, ઉવાહૅ ડોન્ટ યુ ઍન્સર ?)

હું કાંઇજ જાણુતો નથી, કારણુ હું ત્યાં હતો નહીં. I know nothing, because I was not there. (આઈ નો નથીંગ, બિકૉઝ આઈ ઉવૉઝ નૉટ ધૅર)

તમે બીહો છો કાંય ? મારી સાથે આવો. Why do you fear ? Come with me. (ઉવાહૅ ડુ યુ ફીયર ? કમ ઉવીથ મી)

હું તેઓની સાથે કજીઓ કરવીને ચહાતો નથી. I am not inclined to quarrel with them. (આઇ ઍમ નૉટ ઇન્કલાઇન્ડ ટુ ક્વૉરલ ઉવીથ ધૅમ)

શું બીનાં છે ? તમે શા સારૂં રડો છો ? What is the matter ? Why do you cry ? (ઉવૉટ ઈઝ ધી મૅટર ? ઉવાહૅ ડુ યુ ક્રાઇ ?)

શું તે મને મારી નાખવા માંગે છે ? Does he wish to kill me ? (ડઝ હી ઉવીશ ટુ કિલ મી ?)

તે તમને મારી નાખવા માંગતો નથી, તે ફક્ટ તમને મલવા માંગે છે. He does not wish to kill you, he only wishes to see you. (હી ડઝ નૉટ ઉવીશ ટુ કિલ યુ, હી ઓન્લી ઉવીશીસ ટુ સી યુ)

શું તે માણસે તમને ઇજા કીધી? Did that man hurt you. (ડીડ ધૅટ મૅન હર્ટ યુ?)

હા, સાહેબ, તેણે મને ઇજા કીધી. Yes, sir, he hurt me. (યસ, સર, હી હર્ટ મી)

તમે આ છોકરાંઓને ઇજા શું કામ કીધી? Why did you hurt these children? (ઉવાહૅ ડીડ યુ હર્ટ ધીઝ ચિલ્ડ્રન?)

મેં તેઓને ઈજા કીધી નથી, પણ મેં તેઓને ધમકાવ્યાં. I did not hurt them, but I chid them. (આઇ ડીડ નૉટ હર્ટ ધૅમ, બટ આઇ ચાઇદ ધૅમ)

અહીં આવો, પીરોજશા; તેઓએ તમને શું કીધું? Come here, Perozshaw; what have they done to you? (કમ હીયર, પીરોજશા; ઉવૉટ હૅવ ધે દન ટુ યુ?)

તેઓએ મને માર્યો અને ગાળ દીધી. They beat me and abused me. (ધે બૅટ મી ઍન્ડ ઍબ્યુઝડ મી)

તમે જે કરો તે ઉપર ખુબ ધ્યાંન આપજો. Mind what you are about. (માંઇન્ડ ઉવૉટ યુ આર અબાઉટ)

તમને મને કાંઇ કહેવું હોય તો મારાં મોઢાંપર કેમ કહેતા નથી? Why don't you tell me to my face, if you have anything to say to me? (ઉવાહૅ ડોન્ટ યુ ટૅલ મી ટુ માઇ ફેસ, ઇફ યુ હૅવ ઍનીથીંગ ટુ સે ટુ મી?)

કારણ તમે મારૂં સાંભળતા નથી. Because you do not listen to me. (બિકૉઝ યુ ડુ નૉટ લીસન ટુ મી)

તમે ગઈ રાતનાં જે કહ્યું તે ફરીથી બોલવા માંગો છો કે? Do you want to repeat what you said last night? (ડુ યુ ઉવૉન્ટ ટુ રિપીટ ઉવૉટ યુ સેડ લાસ્ટ નાઇટ?)

નહીં, સાહેબ, માફ કરો; હું તે ફરીથી કહીશ નહીં. No, sir, excuse me, I will never say it again. (નો, સર, ઍક્સક્યુઝ મી, આઇ ઉવીલ નૅવર સે ઈટ અગેન)

તમને શરમ આવતી નથી કે મારી સામે તમે મારા કુટુંબપર ખોટું તોહમત મુકો છો ? Are you not ashamed to accuse my family falsely in my presence ? (આર યુ નૅાટ અશેમ્ડ ટુ ઍક્યુઝ માઇ ફૅમીલી ફૅાલ્સલી ઈન માઇ પ્રૅઝન્સ ?)

તે ખરું છે, હું ખોટું તોહમત મુકતો નથી. It is a fact, I do not accuse them falsely. (ઈટ ઇઝ એ ફૅક્ટ, આઇ ડુ નૅાટ ઍક્યુઝ ધૅમ ફૅાલ્સલી)

તમે પેલા માણુસ સાથે વાત કેમ કરતા નથી ? Why do you not speak to that man ? (ઉવાહૅ ડુ યુ નૅાટ સ્પીક ટુ ધૅટ મૅન ?)

કારણ તે ઘણો તોછડો છે. Because he is very rude. (બિકૅાઝ હી ઇઝ વૅરી રુડ)

તેણે તમને શું કીધું છે ? What has he done to you ? (ઉવૅાટ હૅઝ હી ડન ટુ યુ ?)

થોડા દહાડા ઉપર તેણે મને અપમાન આપ્યું હતું. He insulted me a few days ago. (હી ઇન્સલટેડ મી એ ફ્યુ ડેઝ અગો)

તમે તેને માફ કીધો કે ? Did you forgive him ? (ડીડ યુ ફરગીવ હીમ ?)

હા, તે પોતાના ગુઠણ ઉપર પડયો અને મારી પાસે માફ માંગી. Yes, he fell upon his knees and begged my pardon. (યસ, હી ફૅલ અપૅાન હીઝ નીઝ ઍન્ડ બૅગ્ડ માઇ પાર્ડન)

તમે તે માણુસનું માનો છો કે ? Do you believe that man ? (ડુ યુ બિલીવ ધૅટ મૅન ?)

હું તે માણસનું માનતો નથી કેમકે હું જાણું છું કે તે મોટો ડફાંસીઓ છે. I do not believe that man, for I know him to be a great braggart. (આઇ ડુ નૅાટ બિલીવ ધૅટ મૅન, ફૅાર આઈ નો હીમ ટુ બી એ ગ્રેટ બ્રૅગાર્ટ)

જો તમે મારી જગ્યાપર હોવ તો શું કરો ? What would you do if you were in my place? (ઉવૅાટ ઉવુડ યુ ડુ ઇફ યુ ઉવર ઇન માઇ પ્લેસ ?)

જો હું તમારી જગ્યાપર હતે તો તેને એકદમ કાઢી મુકતે. If I had been in your place, I would have dismissed him at once. (ઈફ આઈ હૅડ બીન ઇન યૅાર પ્લેસ, આઇ ઉવુડ હૅવ ડિસમીસ્ડ હીમ ઍટ વન્સ)

હું તમને કહું છું તે તમે સાંભળો છો કે ? Do ycu listen to what I say ? (ડુ યુ લીસન ટુ ઉવૅાટ આઇ સે ?)

તમે મને જે કહો છો તે હું સાંભળું છું. I do listen to what you say. (આઇ ડુ લીસન ટુ ઉવૅાટ યુ સે)

તમે તે માણસનું શું કાંમ સાંભળો છો ? Why do you listen to that man ? (ઉવાહૅ ડુ યુ લીસન ટુ ધૅટ મૅન ?)

હું તેનું સાંભળું છું, પણ હું તેનું માનતો નથી. I listen to him, but I do not believe him. (આઇ લીસન ટુ હીમ, બટ આઇ ડુ નૅાટ બિલીવ હીમ)

પેલો માણસ શું કાંમ નાસી જાએ છે ? Why does that man run away ? (ઉવાહૅ ડઝ ધૅટ મૅન રન અઉવે ?)

તે નાસી જાએ છે, કારણ તે બીધો છે. He runs away because he is frightened. (હી રન્સ અઉવે બિકૅાઝ હી ઇઝ ફ્રાઇટન્ડ)

તેને શું થયું છે ? What has happened to him ? (ઉવૅાટ હૅઝ હૅપન્ડ ટુ હીમ ?)

જો તમે મને તે છુપું રાખવાનેં વચન આપો તો તેને શું થયું છે તે હું તમને કહીશ. I shall tell you what happened to him, if you promise me to keep it secret. (આઇ શૅલ ટૅલ યુ ઉવૉટ હૅપન્ડ ટુ હીમ, ઈફ યુ પ્રૉમીસ મી ટુ કીપ ઇટ સીક્રેટ)

એ. મેં તમને બી. પાસે જવાની મના કીધી છે, તમે મારા કહ્યા પ્રમાણે કેમ ચાલતા નથી? A. I have forbidden you from going to B; why do you not obey me? (એ. આઇ હૅવ ફરબિડન યુ ફ્રૅામ ગોઇંગ ટુ બી. ઉવાહૈ ડુ યુ નૉટ ઓબે મી?)

માફ કરો, મારી ભુલ થઇ. I beg your pardon, I made a mistake. (આઈ બૅગ યૉર પાર્દન, આઇ મેડ એ મિસ્ટેક)

બી. એ તમને જે કહ્યું તે તમે માંનો છો? Do you believe what B. has told you? (ડુ યુ બીલીવ ઉવૉટ બી. હૅઝ ટોલ્ડ યુ?)

નહીં, સાહેબ, કારણ તે કદી સાચું બોલતો નથી. No, sir, because he never tells the truth. (નો, સર, બિકૉઝ હી નૅવર ટૅલ્સ ધી ત્રુથ)

જ્યારે તમારા બાવાએ તમને કહ્યું કે તમે જુઠા હતા ત્યારે તમે તેવણુને શું જવાબ દીધો? What did you say to your father, when he called you a liar? (ઉવૉટ દીડ યુ સે ટુ યૉર ફાધર, ઉવ્હૅન હી કૉલ્ડ યુ એ લાયર?)

હું એટલો બધો અજબ થયો કે હું બોલી શકયો નહીં. I was so much astonished, that I could not speak. (આઇ ઉવૉઝ સો મચ ઍસ્ટૉનીશ્ડ ધૅટ આઈ કુડ નૉટ સ્પીક)

એ તો ઘણો લુચ્ચો માણુસ છે. He is a great rogue. (હી ઇઝ એ ગ્રેટ રોગ)

મેં પણ આગળ એમ સાંભળ્યું, પણ મેં તે માન્યું નહીં. I too had heard so before, but I did not believe it. (આઇ ટૂ હૅડ હર્ડ સો બીફોર, બટ આઇ ડીડ નૉટ બિલીવ ઈટ)

તમે તેને મદદ કરવા કેમ જતા નથી? Why don't you go to assist him? (ઉવાહૅ ડૅાન્ટ યુ ગો ટુ ઍસીસ્ટ હીમ?)

કારણ તે મારો મોટો દુશમન છે. Because he is my greatest enemy. (બિકૅાઝ હી ઇઝ માઇ ગ્રેટેસ્ટ ઍનીમી)

તમે આ માણસોમાં કેમ ભેલાવો છો? તેઓ તમારા દુશમન છે. Why do you mix with these persons? They are your enemies? (ઉવાહૅ ડુ યુ મીક્ષ ઉવીથ ધીઝ પરસન્સ? ધે આર યૅાર ઍનીમીઝ)

તેઓ મારે માટે શું કહેછે તે જાણવાને સારૂં હું તેઓમાં ભેલાવું છું. I mix with them in order to know what they speak about me. (આઇ મીક્ષ ઉવીથ ધૅમ ઈન ઑારડર ટુ નો ઉવૅાટ ધે સ્પીક અબાઉટ મી)

તમને તે બધું કોણે કહ્યું? Who told you all that? (હુ ટોલ્ડ યુ ઑાલ ધૅટ?)

મારા નોકરે, કે જે ત્યાં હતો. My servant, who was there. (માઈ સરવન્ટ, હુ ઉવૉાઝ ધૅર)

હમણાં તે બેઉને સલાહ થઈ છે. They both are now reconciled. (ધે બોથ આર નાઉ રૅકનસાઈલ્ડ)

હું તે સાંભળીને ઘણો ખુશી છું. I am very glad to hear it. (આઈ ઍમ વૅરી ગ્લૅડ ટુ હીઅર ઇટ)

તમારા છોકરાએ જે કીધું તેની તમે ખબર લીધી કે? Have you taken notice of what your son has done? (હૅવ યુ ટેકન નોટીસ ઑાફ ઉવૉાટ યૅાર સન હૅઝ ડન?)

મેં તેની ખબર લીધી છે. I have taken notice of it. (આઈ હૅવ ટેકન નોટીસ ઑફ ઇટ)

તમે તેને માટે શિક્ષા કીધી કે? Have you punished him for it? (હૅવ યુ પનીશ્ડ હીમ ફૉર ઈટ?)

હા, મેં તેને તે માટે શીક્ષા કીધી છે. Yes, I have. (યસ, આઇ હૅવ)

નોકર તથા કામદારોને લગતા વાકયો.

દારૂ. Liquor. (લીકર)
મોચી. Shoemaker (શુમેકર)
આળશુ. Lazy. (લેઝી)
દયા કરવી. To pity. (ટુ પિટી)
સુથાર. Carpenter. (કાર્પેન્ટર)

તમારો નોકર આ કાગળ કયાં લઇ જાએ છે? Where does your servant take this letter? (ઉઅ્હૅર ડઝ યૅાર સરવન્ટ ટેક ધિસ લૅટર?)

તે ટપાળ આફીસમાં લઇ જાએ છે. He takes it to the post-office. (હી ટેકસ ઈટ ટુ ધી પોસ્ટ-ઑફીસ)

તમારો નોકર મારી ચીઠ્ઠી તમારા બાપ પાસે લઇ જશે? Will your servant take my note to your father? (ઉવીલ યૅાર સરવન્ટ ટેક માઈ નોટ ટુ યૅાર ફાધર?)

હા, એને આપો; એ ત્યાં લઇ જશે. Yes, give it to him; he will take it there. (યસ, ગીવ ઇટ ટુ હીમ; હી ઉવીલ ટેક ઇટ ધૅર)

તે તેને કોણને ઘેર મોકલવા માંગે છે? To whose house does he wish to send him? (ટુ હુઝ હાઉસ ડઝ હી ઉવીશ ટુ સૅન્ડ હીમ?)

તે તેને પોતાના દોસ્તને ત્યાં મોકલશે. He will send him to his friend's. (હી ઉવીલ સૅન્ડ હીમ ટુ હીઝ ફ્રૅન્ડઝ)

તમને મારા નોકરનું કાંમ છે? Are you in want of my servant? (આર યુ ઇન ઉવૉન્ટ ઑફ માઇ સરવન્ટ?)

હા, મને તેનું કાંમ છે. Yes, I want him. (યસ, આઇ ઉવૉન્ટ હીમ)

તમારી પાસે બીજો નોકર નથી કે? Have you no other servant? (હૅવ યુ નો અધર સરવન્ટ?)

મારી પાસે એક બીજો છે, તેને હું બોલાઉં? I have another, shall I call him? (આઇ હૅવ અનધર, શૅલ આઈ કૉલ હીમ?)

તે ચીઠ્ઠી કોણ લઇ જાએ છે? Who is taking the note? (હુ ઇઝ ટેકીંગ ધી નોટ?)

તમારો નોકર તે લઇ જાએ છે; તમારે તેને કાંઇ કહેવું છે કે? Your servant is taking it; have you anything to tell him? (યૉર સરવન્ટ ઇઝ ટેકીંગ ઇટ; હૅવ યુ ઍનીથીંગ ટુ ટૅલ હીમ?)

તમે કઈ ચીઠ્ઠી લઇ ગયા? Which note did you take? (ઉવીચ નોટ ડીડ યુ ટેક?)

તમે મને જે લઇ જવાને આપી હતી તે હું લઈ ગયો. I took the one you gave me. (આઇ ટૂક ધી વન યુ ગેવ મી)

શું તમારા નોકરે મારી ચીઠ્ઠી પાડી નાખી કે? Did your servant drop my note? (ડીડ યૉર સરવન્ટ ડ્રૅાપ માઈ નોટ?)

હા, તેણે તે કેઠે ખોઇ. Yes, he dropped it somewhere. (યસ, હી ડ્રૅાપ્ડ ઈટ સમઉવ્હૅર)

તમારો નોકર બજારમાંથી આવ્યો કે? Has your servant returned from the market? (હૅઝ યૉર સરવન્ટ રીટર્ન્ડ ફ્રૅામ ધી માર્કેટ?)

તે હજી પાછો આવ્યો નથી. He has not yet returned. (હી હૅઝ નૅાટ યટ રીટર્ન્ડ)

તમે મારા નોકરથી ખુશી થયા છો કે ? Are you pleased with my servant ? (આર યુ પ્લીઝડ ઉવીથ માઈ સરવન્ટ ?)

તે કોઇબી કાંમ કરવાને લાયક છે, તેથી હું તેની ઉપર ઘણો ખુશી છું. I am much pleased with him, for he is fit for everything. (આઇ ઍમ મચ પ્લીઝડ ઉવીથ હીમ, ફૅાર હી ઇઝ ફિટ ફૅાર ઍવરીથીંગ)

તમે એવું માણુસ કોઇ દહાડો જોયું છે કે ? Have you ever seen such a person ? (હૅવ યુ ઍવર સીન સચ એ પરસન ?)

મેં કોઇ દીવશ એવો એકબી• જોયો નથી. I have never seen such a one. (આઇ હૅવ નૅવર સીન સચ એ વન)

તેની પાસે કેટલા નોકરો છે ? How many servants has he ? (હાઉ મૅની સરવન્ટસ હૅઝ હી ?)

તેની પાસે ચાર કરતાં વધારે નોકરો છે. He has more than four servants. (હી હૅઝ મૅાર ધૅન ફોર સરવન્ટસ)

તે જે ખબર લાવ્યો તે તમે સાંભળી કે ? Have you heard the news he has brought ? (હૅવ યુ હર્ડ ધી ન્યુઝ હી હૅઝ બ્રૅાટ ?)

નહીં, સાહેબ, મેં તે સાંભળી નથી. No, sir, I have not heard it. (નો, સર, આઈ હૅવ નૅાટ હર્ડ ઇટ)

તમારા કુટુંબમાં તે બાવરચી કેટલો વખત હતો ? How long did that cook serve in your family ? (હાઉ લૅાન્ગ ડીડ ધૅટ કૂક સર્વ ઇન યૅાર ફૅમીલી ?)

મારી ખાત્રી છે કે તે ઓછામાં ઓછાં પાંચ વરસ અમારી નોકરીમાં હતો. I am sure he served in our family at least five years. (આઈ ઍમ સ્યૅાર, હી સર્વેડ ઈન અવર ફૅમીલી ઍટ લીસ્ટ ફાઇવ ઇયર્સ)

મારા બાવા તે નોકરને બોલાવે છે; તે કયાં છે? My father wants the servant; where is he? (માઈ ફાધર ઉવૉન્ટસ ધી સરવન્ટ; ઉન્હૅર ઇઝ હી?)

તે અહીયાં હતો, હું નહીં જાણુતો કે તે હમણાં કયાં ગયો. He was here, I don't know where he has gone now. (હી ઉવૉઝ હીયર, આઇ ડોન્ટ નો ઉન્હૅર હી હૅઝ ગૅાન નાઉ)

તમે તમારા નોકર ઉપર ભરોસો રાખો છો કે? Do you rely upon your servant? (ડુ યુ રીલાઇ અપૉન યૉર સરવન્ટ?)

હા, હુ તેની ઉપર ભરોશો રાખુછું, કારણ હું તેને જે કહું છું તે હમેશ કરે છે. Yes, I rely upon him, because he always does what I tell him. (યસ, આઈ રીલાઈ અપૉન હીમ, બિકૉઝ હી ઑલઉવેઝ ડઝ ઉવૉટ આઇ ટૅલ હીમ)

તમારો ઘોડાવાલો દારૂ ઘણો પીએ છે કે?. Does your coachman drink much liquor? (ડઝ યૉર કોચમૅન ડ્રીન્ક મચ લીકર?)

હા, તે ઘણો દારૂ પીએ છે, તેથી હુ તેને કાઢી મુકવાનો વીચાર કરૂં છું. Yes, he drinks much liquor, so I intend to dismiss him. (યસ, હી ડ્રીન્કસ મચ લીકર, સો આઇ ઇન્ટૅન્ડ ડુ ડીસમીસ હીમ)

તે દરજી મારા ભાઈ પાસે કયારે જશે? When will the tailor go to my brother? (ઉન્હૅન ઉવીલ ધી ટેલર ગો ટુ માઇ બ્રધર?)

તે ત્યાં આજે સવારનાં દશ વાગતે જશે. He will go there at ten o'clock this morning. (હી ઉવીલ ગો ધૅર ઍટ ટૅન ઓ'કલૉક ધિસ મૉર્નીંગ)

તમારા દગલા માટે તમે જે કપડું ખરીદયું તેનો રંગ કેવો છે? What is the colour of the cloth you have bought for your coat? (ઉવૉટ ઇઝ ધી કલર ઑફ ધી કલૉથ યુ હૅવ બૉટ ફૉર યૉર કોટ?)

તે કાલો છે. It is black. (ઇટ ઈઝ બ્લૅક)

તે દરજી આજે મારો ડગલો મોકલી શકશે ? Can the tailor send me my coat to-day ? (કૅન ધી ટેલર સૅન્ડ મી માઇ કોટ ટુ-ડે ?)

તે આજે મોકલી શકશે નહીં. He cannot send it to-day. (હી કૅનનૉટ સૅન્ડ ઇટ ટુ-ડે)

દરજીએ મારો ડગલો બનાવ્યો કે ? Has the tailor made my coat? (હૅઝ ધી ટેલર મેડ માઇ કોટ ?)

તેણે હજી બનાવ્યો નથી; પણ તે જલદી બનાવશે. He has not yet made it ; but he will make it soon. (હી હૅઝ નૉટ યટ મેડ ઈટ, બટ હી ઉવીલ મેક ઈટ સૂન)

તે ક્યારે બનાવશે ? When will he make it ? (ઉવ્હૅન ઉવીલ હી મેક ઇટ ?)

એક બે દીવસમાં. In a day or two. (ઈન એ ડે ઑર ટૂ)

દરજી તમારો નવો ડગલો લાવ્યો કે ? Has the tailor brought your new coat ? (હૅઝ ધી ટેલર બ્રૉટ યૉર ન્યુ કોટ ?)

તે મારી પાસે લાવ્યો હતો, પણ તે મને બરોબર આવતો નહીં હતો; તેથી તે પાછો લઈ ગયો. He had brought it to me, but as it did not fit me, he took it back. (હી હૅડ બ્રૉટ ઇટ ટુ મી, બટ ઍઝ ઇટ ડીડ નૉટ ફિટ મી, હી ટૂક ઇટ બૅક)

તમને તમારા દરજીને કેટલું આપવાનું છે ? How much do you owe your tailor ? (હાઉ મચ ડુ યુ ઓ યૉર ટેલર ?)

હું તેને દોઢ રૂપીઓ આપવાનો છું. I owe him one rupee and eight annas. (આઇ ઓ હીમ વન રૂપી ઍન્ડ એઇટ ઍનાઝ)

તમે પેલા મોચીને બોલાવો છો કે ? Do you call the shoe-maker ? (ડુ યુ કૉલ ધી શુમેકર ?)

હું તે મોચીને બોલાવતો નથી, પણ દરજીને બોલાઉં છું. I do not call the shoemaker, but I call the tailor. (આઈ ડુ નૉટ કૉલ ધી શુમેકર, બટ આઇ કૉલ ધી ટેલર)

જોન, તમે પેલા મોચીને કહયું કે હું તેને બોલાઉં છું? John, have you told the shoemaker that I want him? (જૉન, હૅવ યુ ટોલ્ડ ધી શુમેકર ધૅટ આઇ ઉવૉન્ટ હીમ?)

હા, સાહેબ, પણ તેણે કહયું કે તેને આવવાને વખત નથી. Yes, sir, but he said that he had no time to come. (યસ, સર, બટ હી સેડ ધૅટ હી હૅડ નો ટાઇમ ટુ કમ)

આ માણુસ પોતાનો વખત કામમાં ગુજારે છે કે? Does this man spend his time in working? (ડઝ ધિસ મૅન સ્પૅન્ડ હીઝ ટાઈમ ઇન ઉવર્કીંગ?)

તે કંઈ કાંમનો નથી; તે આળસુ છે, અને કાંઇ કામ કરતો નથી. He is good for nothing; he is lazy and does not work at all. (હી ઈઝ ગુડ ફૉર નથીંગ; હી ઈઝ લેઝી ઍન્ડ ડઝ નૉટ ઉવર્ક ઍટ ઑલ)

ત્યારે તમે તે માંણુસ ઉપર દયા શું કામ કરો છો? Then why do you pity that man? (ધૅન ઉવાહૅ ડુ યુ પિટી ધૅટ મૅન?)

હું તેની ઉપર દયા કરૂંછું કારણ કે તે ગરીબ માણુસ છે. I pity him because he is poor. (આઇ પિટી હીમ બિકૉઝ હી ઇઝ પુઅર)

તે સુથાર ઘેરમાં કયારે આવે છે? When does the carpenter come home? (ઉવ્હૅન ડઝ ધી કારપૅન્ટર કમ હોમ?)

તે રોજ સાંજનાં સાત વાગતે ઘેર આવે છે. He comes home every evening at seven. (હી કમ્સ હોમ ઍવરી ઇવનીંગ ઍટ સૅવન)

તમે તે સુથારને સક્કારે બોલાવો છો? Do you call the carpenter early? (ડુ યુ કૉલ ધી કારપૅન્ટર અર્લી?)

હા, હું તેને ઘણો સહારે બોલાવું છું. Yes, I call him very early. (યસ, આઈ કૉલ હીમ વૅરી અર્લી)

તે હમેશાં ક્યારે આવે છે ? When does he come every day ? (ઉવ્હૅન ડઝ હી કમ ઍવરી ડે ?)

તે હમેશાં સવા અથવા સાડા આંઠ વાગતે આવે છે. He always comes at a quarter or half past eight. (હી ઑલઉવેઝ કમ્સ ઍટ એ કવૉર્ટર ઑર હાફ પાસ્ટ એઇટ)

કાલે મેં તમારા ઘેરમાં જે ગ્રહસ્થને જોયો તે કોણ છે ? Who is the gentleman I saw at your house yesterday ? (હુ ઇઝ ધી જેન્ટલમૅન આઇ સૉ ઍટ યૉર હાઉસ યસ્તરડે ?)

તે મારો દાક્ટર છે, હું તેને ઘણો પસંદ કરૂં છું. He is my doctor, I like him very much. (હી ઇઝ માઇ ડૉક્ટર, આઈ લાઇક હીમ વૅરી મચ)

રૂતુ, પશુ, પક્ષી તથા ઝાડપાનને લગતા વાકયો.

રૂતુ. Weather. (ઉવૅધર)
શીઆળો. Winter. (ઉવીન્ટર)
ઉનાળો. Summer. (સમર)
આવે છે. Is approaching. (ઇઝ ઍપ્રોચીંગ)
અકડી જવું. To be stiffened. (ટુ બી સ્તીફ્ન્ડ)
તૈયારીમાં. Likely. (લાઇકલી)
છાંટા. Drops. (ડ્રૉપ્સ)
મોટું. Heavy. (હેવી)
ઝાપટું. Shower. (શાવર)
આસ્માન. Sky. (સ્કાઇ)
વાદળાંથી ભરેલું. Cloudy (ક્લાઉડી)
તોફાન. Storm. (સ્ટૉર્મ)
ગગડાટ. Thunder. (થન્ડર)
વીજલી. Lightning. (લાઈત્નીંગ)
ચમકારા. Flashes. (ફ્લૅશીસ)
ખુલ્લું થવું. To clear up. (ટુ ક્લીઅર અપ)

તડકો. Sunshine. (સનશાઇન)
ચાંદરણું. Moonlight.
(મૂનલાઇટ)
વસંત ૠતુ. Spring. (સ્પ્રિંગ)
નજદીક. Nigh. (નાઇ)
પસીનો. Perspiration.
(પર્સપીરેશન)
વરસાદની કમાન. Rainbow.
(રેન્બો)
ડુબાડવું. To drown. (ટુ ડ્રાઉન)
ફરજ પડવી. To be obliged.
(ટુ બી ઓબ્લાઇજ્ડ)
ઘેલા થવું. To go mad.
(ટુ ગો મૅડ)
ઘણું (જથાબંધ). In profusion.
(ઇન પ્રોફ્યુઝન)
માળી. Gardener. (ગાર્ડનર)
વાસ. Smell. (સ્મૅલ)
નાક બંધ છે. Lost the smelling power. (લૉસ્ત ધી સ્મૅલીંગ પાવર)

આજે સહવારની ૠતુ તમને કેવી ગમે છે? How do you like the weather this morning? (હાઉ ડુ યુ લાઇક ધી ઉવૅધર ધિસ મૉર્નીંગ?)

તે ખુશનુમાં છે. It is pleasant. (ઇટ ઇઝ પ્લેઝન્ટ)

ત્યાં હાલ કેવી ૠતુ છે? What sort of weather is there at present? (ઉવૅાટ સૉર્ટ ઑફ ઉવૅધર ઈઝ ધૅર ઍટ પ્રૅઝન્ટ?)

સવારે અને સાંજે થંડી પડવા માંડી છે. The mornings and evenings are getting cold. (ધી મૉર્નીંગ્સ ઍન્ડ ઈવનીંગ્સ આર ગૅટીંગ કોલ્ડ)

આગળનાં જેટલી હાલ ગરમી નથી. It is not so hot now as before. (ઈટ ઇઝ નૅાટ સો હૅાટ નાઉ ઍઝ બિફોર)

નહીં, હાલ સારી ૠતુ છે. No, it is a fine weather at present. (નો, ઇટ ઈઝ એ ફાઇન ઉવૅધર ઍટ પ્રૅઝન્ટ)

દહાડા ઘણું ટુંકા થતા જાય છે. The days are getting very short. (ધી ડેઝ આર ગૅટીંગ વૅરી શૉર્ટ)

હા, પણ રાતો લાંબી છે. Yes, but the nights are longer. (યસ, બટ ધી નાઈટ્સ આર લૉન્ગર)

શીયાળો આવે છે. Winter is approaching (ઉવીન્ટર ઈઝ ઍપ્રોચીંગ)

મને શીયાળો ગમતો નથી. I do not like winter. (આઇ ડુ નૉટ લાઈક ઉવીન્ટર)

હું ઠંડીથી તદન અકડી ગયો છું. I am quite stiffened with cold. (આઈ ઍમ કવાઈટ સ્તીફ્ન્ડ ઉવીદ કોલ્ડ)

મારી જીંદગીમાં મને એટલી ઠંડી કદી લાગી નથી. I have never felt so much cold in my life. (આઇ હૅવ નૅવર ફૅલ્ટ સો મચ કોલ્ડ ઈન માઇ લાઇફ)

વરસાદ પડવાનો સંભવ છે. It is likely to rain. (ઇટ ઈઝ લાઇકલી ટુ રેન)

હા, મને થોડા વરસાદના છાંટા લાગે છે. Yes, I feel some drops of rain. (યસ, આઈ ફીલ સમ ડ્રૉપ્સ ઑફ રેન.)

તમે ધારો છો કે વરસાદ આવશે? Do you think it will rain? (ડુ યુ થીન્ક ઇટ ઉવીલ રેન?)

હું ધારૂં છું કે આવશે. I think it will. (આઇ થીન્ક ઈટ ઉવીલ)

આસમાન ઘણું વાદળાંથી ભરેલું છે. The sky is very cloudy. (ધી સ્કાઇ ઇઝ વૅરી ક્લાઉડી)

મોટું ઝાપટું પડે તેમ લાગે છે. It seems we are going to have a heavy shower. (ઇટ સીમ્સ ઉવી આર ગોઇંગ ટુ હૅવ એ હૅવી શાવર)

ઘણો જબરો વરસાદ પડે છે. It rains very heavily. (ઇટ રેન્સ વૅરી હેવીલી)

આપણને તોફાન લાગશે. We shall meet with a storm. (વી શૅલ મીટ ઉવીથ એ સ્ટૉર્મ)

હા, રૂતુ તોફાની છે. Yes, the weather is stormy. (યસ, ધી ઉવેધર ઈઝ સ્ટૉર્મી)

તમે ગગડાટ થતો સાંભળો છો ? Do you hear the thunder roll ? (ડુ યુ હીયર ધી થન્ડર રોલ ?)

હા, આખી રાત વીજળીના ચમકારા પડયા કીધા. Yes, there had been continuous flashes of lightning all night. (યસ, ધૅર હૅડ બીન કન્ટીન્યુઅસ ફ્લૅશીસ ઑફ લાઈટનીંગ ઑલ નાઈટ)

શું તે ઘણી ખરાબ રૂતુ નથી ? Is it not a very bad weather ? (ઇઝ ઇટ નૉટ એ વૅરી બૅડ ઉવૅધર ?)

આસમાન ખુલ્લું થતું જાયછે. The sky is clearing up. (ધી સ્કાઇ ઈઝ કલીઅરીંગ અપ)

હા, તડકો પાછો નીકલે છે. Yes, the sun begins to shine again. (યસ, ધી સન બિગીન્સ ટુ શાઇન અગેન)

આજે પવન જોરમાં ફુંકે છે. It is very windy to-day. (ઇટ ઇઝ વૅરી ઉવીન્ડી ટુ-ડે)

પવન દક્ષિણ તરફથી ફુંકે છે. The wind blows from the south. (ધી ઉવીન્ડ બ્લોઝ ફ્રૉમ ધી સાઉથ)

ઘણું ધુલારૂં ઉડે છે. It is very dusty. (ઇટ ઈઝ વૅરી ડસ્તી)

રૂતુ ઘણી નાપસંદ કરવા જોગ છે. The weather is very disagreeable. (ધી ઉવૅધર ઈઝ વૅરી ડીસઍગ્રીએબલ)

ચાંદરણું ઘણું સરસ પડે છે. It is a very fine moonlight. (ઈટ ઇઝ એ વૅરી ફાઈન મૂનલાઇટ)

વસંત રૂત આવી છે. Spring has set in. (સ્પ્રિંગ હૅઝ સૅટ ઈન)

ઉનાળો નજદીક આવ્યો છે; ગરમી પડવા માંડી છે. Summer is nigh; It begins to be hot. (સમર ઈઝ નાઈ; ઈટ બિગીન્સ ટુ બી હૉટ)

હા, હું પસીનાથી બધો ભીજાઇ ગયો છું. Yes, I am all wet with perspiration. (યસ, આઇ ઍમ ઑલ ઉવૅટ ઉવીથ પર્સપીરેશન)

કેવી ખુશનુમાં સહવાર ! What a pleasant morning ! (ઉવૉટ એ પ્લૅઝન્ટ મૉર્નીંગ !)

હા, કેવો સરસ દેખાવ ! Yes, what a beautiful landscape ! (યસ, ઉવૉટ એ બ્યુટીફુલ લૅન્ડસ્કેપ !)

જુઓ કેવી સરસ વરસાદની કમાન ! See what a beautiful rainbow ! (સી, ઉવૉટ એ બ્યુટીફુલ રેન્બો !)

તમે પેલો નાનો તારો જુઓ છો ? Do you see that little star ? (ડુ યુ સી ધૅટ લીટલ સ્તાર ?)

તમારા દોસ્ત પાસે કયો ઘોડો છે ? Which horse has your friend ? (ઉવીચ હૉર્સ હૅઝ યૉર ફ્રૅન્ડ ?)

મારી પાસે જે હતો તે તેની પાસે છે. He has the one I had. (હી હૅઝ ધી વન આઇ હૅડ)

તમારા બાવા પાસે કેટલા ઘોડા છે ? How many horses has your father ? (હાઉ મૅની હૉર્સીસ હૅઝ યૉર ફાધર ?)

તેની પાસે ફક્ત ચાર છે. He has only four. (હી હૅઝ ઓન્લી ફોર)

તમારી પાસે આ ઘોડો કેટલું થયું છે ? How long have you had this horse ? (હાઉ લૉન્ગ હૅવ યુ હૅડ ધિસ હૉર્સ ?)

મારી પાસે એ ચાર વરશ થયાં છે. I have had it these four years. (આઈ હૅવ હૅડ ઇટ ધીઝ ફોર ઈયર્સ)

તમારા દોસ્તની પાસે બીજાં પક્ષી નથી કે ? Has your friend no other birds ? (હૅઝ યૉર ફ્રૅન્ડ નો અધર બર્ડસ ?)

હા, તેની પાસે બીજાં થોડાં છે. Yes, he has some more. (યસ, હી હૅઝ સમ મૉર)

તે માણસ પાસે મારૂં પક્ષી છે કે તેનું પોતાનું? Has the man my bird or his own ? (હૅઝ ધી મૅન માઇ બર્ડ ઑર હીઝ ઓન ?)

તેની પાસે તેનું પોતાનું છે. He has his own. (હી હૅઝ હીઝ ઓન)

તેની પાસે બીજાં કેટલાં પક્ષી છે? How many more birds has he ? (હાઉ મૅની મૉર બર્ડ્સ હૅઝ હી ?)

તેની પાસે બીજાં છ છે. He has six more. (હી હૅઝ સિક્સ મૉર)

તમારી પાસે તે પીંજરામાં કયું પક્ષી છે? What bird have you in the cage ? (ઉવૉટ બર્ડ હૅવ યુ ઇન ધી કેજ ?)

તેમાં કનેરી પક્ષી છે, જે સારૂં ગાય છે. It is a canary which sings very well. (ઇટ ઈઝ એ કૅનૅરી ઉવીચ સીંગ્સ વૅરી ઉવૅલ)

તમે તમારૂં પક્ષી વેચો છો? Do you wish to sell your bird ? (ડુ યુ ઉવીશ ટુ સૅલ યૅાર બર્ડ ?)

હું તે વેચીશ નહીં, મને તે ઘણું ગમે છે. I will not sell it; I like it much. (આઈ ઉવીલ નૉટ સૅલ ઇટ; આઇ લાઇક ઈટ મચ)

તમે શું શોધો છો, બાઈ? What are you in search of, madam ? (ઉવૅાટ આર યુ ઇન સર્ચ ઑફ, મૅડમ ?)

હું મારા કુત્રાને જોઉં છું. I am in search of my dog. (આઈ ઍમ ઇન સર્ચ ઑફ માઈ ડૅાગ)

તમે તે કુત્રાને શું કામ માર્યો? Why did you beat the dog ? (ઉવાહૅ ડીડ યુ બીટ ધી ડૅાગ ?)

કારણ કે તેણે મને કરડયો. Because it bit me. (બિકૉઝ ઇટ બિટ મી)

તમે તમારા ગરીબ કુત્રાને શું કામ મારી નાંખ્યો? Why have you killed your poor dog ? (ઉવાહૅ હૅવ યુ કીલ્ડ યૅાર પૂઅર ડૅાગ ?)

મારે તેને ડુબાડી મારી નાંખવો પડ્યો કારણ તેઓએ કહ્યું કે તે ઘેલો હતો. I was obliged to drown it, because they said it had gone mad. (આઈ ઉબ્લૉઝ્ડ ઑબ્લાઇજ્ડ ટુ ડ્રાઉન ઇટ, બિકૉઝ ધે સેડ ઇટ હૅડ ગૉન મૅડ)

મારો દોસ્તદાર અહિયાં પેલું નવું પક્ષી જોવા આવ્યો છે. My friend has come here to see the new bird. (માઈ ફ્રૅન્ડ હૅઝ કમ હીયર ટુ સી ધી ન્યુ બર્ડ)

ઠીક, તેને અંદર આવવા દેવો. Well, let him come in. (ઉવૅલ, લૅટ હીમ કમ ઈન)

તમારા બાગમાં કયાં ફુલો ઉગે છે? What flowers grow in your garden? (ઉવૅાટ ફ્લાવર્સ ગ્રો ઇન યૅાર ગાર્ડન ?)

મારા બાગમાં ગુલાબનાં ફુલો ઘણાં ઉગેછે. Roses grow in profusion in my garden. (રોઝીઝ ગ્રો ઇન પ્રોફ્યુઝન ઇન માઇ ગાર્ડન)

તમારા બાગમાં કાંઇ ફુલોનાં ઝાડો છે? Are there flower-trees in your garden? (આર ધૅર ફ્લાવર-ત્રીઝ ઈન યૅાર ગાર્ડન ?)

નહીં, બધાં મેવાનાંજ. No, all are fruit-trees. (નો, ઑાલ આર ફ્રુટ-ત્રીઝ)

તેના બાગમાં કાંઈ ગુલાબનાં ફુલો છે? Are there roses in his garden? (આર ધૅર રોઝીઝ ઈન હીઝ ગાર્ડન ?)

ઘણાંજ થોડાં. Very few. (વૅરી ફ્યુ)

જો તે બાગ વેચવાનો હોય તો હું તે ખરીદીશ. If the garden is for sale, I will buy it. (ઇફ ધી ગાર્ડન ઈઝ ફૅાર સેલ આઇ ઉવીલ બાઇ ઇટ)

હા, તે વેચવાનો છે, તમે ખચીત લેવો. Yes, it is for sale, you must buy it? (યસ, ઈટ ઇઝ ફૅાર સેલ, યુ મસ્ત બાઇ ઇટ)

માળી બાગમાં છે કે? Is the gardener in the garden? (ઇઝ ધી ગાર્ડનર ઇન ધી ગાર્ડન ?)

હા, તે બાગમાં છે અને ફુળ તોડેછે. Yes, he is in the garden plucking flowers. (યસ, હી ઇઝ ઇન ધી ગાર્ડન પ્લકીંગ ફ્લાવર્સ.)

કોણના બાગમાં વધારે ઝાડોછે, તમારા કે મારા? Whose garden has more trees, yours or mine? (હુઝ ગાર્ડન હૅઝ મૉર ત્રીઝ, યૉર્સ ઑર માઇન ?)

તમારા બાગમાં મારા બાગ જેટલાંજ ઝાડો છે. In your garden there are as many trees as there are in mine. (ઇન યૉર ગાર્ડન ધૅર આર ઍઝ મૅની ત્રીઝ ઍઝ ધૅર આર ઇન માઈન)

તે બાગની તમને ઘણી કીંમત પડી કે? Did that garden cost you much ? (ડીડ ધૅટ ગાર્ડન કૉસ્ટ યુ મચ ?)

હા, મેં તેના ૬ હજાર રૂપીયા આપ્યા છે, પણ તે ઘણો સારો છે, તેમાં ફુળનાં અને મેવાના ઝાડો છે. Yes, I paid six thousand rupees for it, but it is very nice, there are many flower and fruit-trees. (યસ, આઈ પેડ સિક્સ થાઉઝન્ડ રૂપીઝ ફૉર ઇટ, બટ ઈટ ઇઝ વૅરી નાઇસ, ધૅર આર મૅની ફ્લાવર ઍન્ડ ફ્રુટ-ત્રીઝ)

તમને આ સુંદર ફુલોનો વાસ આવે છે? Do you smell these beautiful flowers ? (ડુ યુ સ્મૅલ ધીઝ બ્યુટીફુલ ફ્લાવર્સ ?)

નહીં, સાહેબ, મારૂં નાક બંધ થએલું છે. No, sir, I have lost my smelling power. (નો, સર, આઇ હૅવ લૉસ્ટ માઈ સ્મૅલીંગ પાવર)

બાગમાં કોણ છે? Who are there in the garden ? (હુ આર ધૅર ઈન ધી ગાર્ડન ?)

આપણા દોસ્તના છોકરાંઓ. The children of our friend. (ધી ચિલ્ડ્રન ઑફ અવર ફ્રૅન્ડ)

તમે હજી સુધી બાગમાં હતા કે? Were you in the garden upto now ? (ઉવર યુ ઇન ધી ગાર્ડન અપટુ નાઉ ?)

હા, હું હજી સુધી ત્યાં હતો. Yes, I was there upto now. (યસ, આઇ ઉવૉઝ ધૅર અપટુ નાઉ)

તમારો ભાઈ મારા બાગમાં છે કે? Is your brother in my garden ? (ઈઝ યૉર બ્રધર ઇન માઈ ગાર્ડન ?)

તે તમારા બાગમાં નથી, પણ મારા ઘેરમાં છે. He is not in your garden, but he is in my house. (હી ઇઝ નૉટ ઈન યૉર ગાર્ડન, બટ હિ ઇઝ ઈન માઇ હાઉસ)

તમે પેલી બાયડીઓને બાગમાં જુઓ છો ? Do you see those women in the garden ? (ડુ યુ સી ધોઝ ઉવીમૅન ઇન ધી ગાર્ડન ?)

હા, હું તેણીઓને જોઉં છું, તેણીઓ કોણ છે ? Yes, I see them, who are they ? (યસ, આઇ સી ધૅમ, હુ આર ધે ?)

આ ફુલો પેલાં કરતાં વધારે સુંદર છે. These flowers are more beautiful than those. (ધીઝ ફ્લાવર્સ આર મૉર બ્યુટીફુલ ધૅન ધોઝ)

હા, પણ એમાં વાસ નથી. Yes, but there is no smell in them. (યસ, બટ ધૅર ઈઝ નો સ્મૅલ ઇન ધૅમ)

પેલો ઝાડ નીચે માણુસ બેઠો છે તે કોણ છે ? Who is that man who is sitting under the tree ? (હુ ઇઝ ધી મૅન હુ ઈઝ સિટીંગ અન્ડર ધી ટ્રી ?)

હું ધારૂં છું કે તે આપણો માલી છે. I think he is our gardener. (આઇ થીન્ક હી ઇઝ અવર ગાર્ડનર)

તમે તમારા માલીને શું પગાર આપો છો ? What wages do you pay to your gardener ? (ઉવૉટ ઉવેજીઝ ડુ યુ પે ટુ યૉર ગાર્ડનર ?)

હું તેને મહીનાનાં દશ રૂપીયા આપું છું. I give him ten rupees a month. (આઈ ગીવ હીમ ટૅન રૂપીઝ એ મન્થ)

તમે મારા કાકાનો સુંદર બાગ જોયો છે કે? Have you seen my uncle's nice garden? (હૅવ યુ સીન માઇ અન્‌કલ્સ નાઈસ ગાર્ડન?)

મેં તે હજી જોયો નથી, પણ આજે મારો ત્યાં જવાનો વીચાર છે. I have not yet seen it, but I have a mind to go there to-day. (આઇ હૅવ નૉટ યટ સીન ઇટ બટ આઇ હૅવ એ માઇન્ડ ટુ ગો ધૅર ટુ-ડે)

તે બાનું મારો બાગ વખાણે છે કે? Does the lady speak highly of my garden? (ડઝ ધી લેડી સ્પીક હાઇલી ઑફ માઇ ગાર્ડન?)

નહીં, કારણ તે એટલો સારો નથી. No, because it is not so good. (નો, બિકૉઝ ઈટ ઈઝ નૉટ સો ગુડ)

સાધારણ વાતચીત કરવાનાં ઘણીક જાતનાં વાકયો.

માનવું. To believe. (ટુ બિલીવ)

બીડી પીવી. To smoke. (ટુ સ્મોક)

બીછાંને જવું. To go to bed. (ટુ ગો ટુ બૅડ)

ઉઠવું. To get up. (ટુ ગૅટ અપ)

ઉઠાડવું. To awake. (ટુ અવેક)

સુતેલો. Asleep. (ઍસ્લીપ)

કાંડીની પેટી. Match-box (મૅચ બૉક્ષ)

બુઝાવી નાખવું. To blow out; To put out. (ટુ બ્લો આઉટ; ટુ પુટ આઉટ)

બુઝાઇ જવું. To go out. (ટુ ગો આઉટ)

ઉંઘ આવવી. To feel sleepy. (ટુ ફીલ સ્લીપી)

આગ. Fire. (ફાયર)

લાગવી. To break out. (ટુ બ્રેક આઉટ)

ઠગવું. To cheat. (ટુ ચીટ)

ઓળખ થવી. To be introduced. (ટુ બી ઇન્ટ્રોડયુસ્ડ)

ઓળખ. Acquaintance. (ઍકવેન્ટન્સ)

નાટકશાળા. Theatre. (થીએટર)

અજાયબી. Surprise. (સરપ્રાઈઝ)
યાદ આપવી. To remind. (ટુ રીમાઇન્ડ)
માનીતો. Best. (બૅસ્ટ)
ખેરખાંહ. Well-wisher (વૅલ-વીશર)
ખીસું. Pocket. (પૉકેટ)
રાહ જોવી. To expect. (ટુ ઍક્સપૅક્ટ)
તમે આવો તો સારું. You had better come. (યુ હૅડ બૅટર કમ)
મદદ આપવી. To afford help. (ટુ ઍફૉર્ડ હૅલ્પ)
સત્તા. Influence. (ઇન્ફ્લુઅન્સ)
અંટસ. Disagreement. (ડીસઍગ્રીમૅન્ટ)
દેખાડવું. To direct. (ટુ ડીરૅક્ટ)
બોલાવવું. To invite. (ટુ ઇન્વાઇટ)
ગુસ્સે. Angry. (ઍન્ગ્રી)
થવાનું હોય તે થાએ. Come what may. (કમ વૉટ મે)
મકસદ. Object. (ઑબ્જૅક્ટ)
ચલાવવું To manage. (ટુ મૅનેજ)
ઘેરનું. Household. (હાઉસહોલ્ડ)
કારભાર. Affairs. (ઍફૅર્સ)
સારી રીતે. Cleverly. (ક્લૅવર્લી)
ખુશી. Glad. (ગ્લૅડ)
દલગીર. Sorry. (સૉરી)
જુદા. Separate. (સૅપરેટ)
ખબરઅંતર પુછવી. To inquire after. (ટુ ઈન્ક્વાયર આફ્ટર)
સમજવું. To make out. (ટુ મેક આઉટ)
બેહેરો. Deaf. (ડૅફ)
ફેલ. Tricks. (ટ્રીક્સ)
શીખવવું. To instruct. (ટુ ઇન્સ્ટ્રક્ટ)
એલમ. Science. (સાયન્સ)

તમે ખોદાને માનો છો કે? Do you believe in God? (ડુ યુ બિલીવ ઇન ગૉડ?)

હા, જે ખોદાને માનતો નથી, તે ખચીત ખરાબ માણસ છે. Yes, he who does not believe in God, is really a bad man. (યસ, હી ડુ ડઝ નૉટ બિલીવ ઈન ગૉડ ઈઝ રીયલી આ બૅડ મૅન)

તમે તે ફ્રેંન્ચમાં કેમ નથી કેહેતા? Why do you not say that in French? (હ્વાઇ ડુ યુ નૉટ સે ધૅટ ઈન ફ્રૅન્ચ?)

હું તમને કહી શકતો નથી, કારણ મને ફ્રેંન્ચ આવડતું નથી. I cannot say, because I do not know French. (આઈ કૅનનૉટ સે, બિકૉઝ આઇ ડુ નૉટ.નો ફ્રૅન્ચ)

અલ્યા ! પેશતનજી મને એક દીવો આપો. I say ! Pestonjee give me a light. (આઈ સે ! પેસ્તનજી ગીવ મી એ લાઇટ.)

એક મીનીટ સબુર કરો, હું આવું છું. Wait a moment, I am coming. (વેટ એ મોમૅન્ટ, આઇ ઍમ કમીંગ)

તેઓને મારા ઓરડામાં બીડી પીવા દેશો માં. Do not let them smoke in my room. (ડુ નૉટ લૅટ ધૅમ સ્મોક ઇન માઈ રૂમ)

ઘણું સારૂં, સાહેબ; હું તેમને પીવા દેઈશ નહીં. All right, sir; I won't allow them. (ઑલ રાઈટ, સર; આઈ વોન્ટ અલાવ ધૅમ)

કાલે તમે કેટલે વાગતે બીછાંને ગયા હતા ? At what time did you go to bed yesterday ? (ઍટ વૉટ ટાઇમ ડીડ યુ ગો ટુ બૅદ યસ્તરડે ?)

ગઇ કાલે હું અગયાર વાગતે બીછાંને ગયો હતો. Yesterday I went to bed at eleven. (યસ્તરડે આઈ વૅન્ટ ટુ બૅડ ઍટ ઈલૅવન)

આજે તમે કેટલે વાગતે ઉઠયા ? At what time did you get up to-day ? (ઍટ વૉટ ટાઈમ ડીડ યુ ગૅટ અપ ટુ-ડે ?)

આજે હું મોડો ઉઠયો, કારણકે હું બીછાંને મોડો ગયો હતો. To-day I got up late, because I had gone to bed late. (ટુ-ડે આઇ ગૉટ અપ લૅટ, બિકૉઝ આઇ હૅડ ગૉન ટુ બૅડ લેટ)

તેણે તમને કહયું છે કે મને ઉઠાડતા ના ? Has he told you not to awake him ? (હૅઝ હી ટોલ્ડ યુ નૉટ ટુ અવેક હીમ ?)

હા, તેણે મને કહ્યું છે કે જ્યારે તે સુતેલો હોય ત્યારે તેને ઉઠાડવો નહીં. Yes, he has told me not to awake him when he is asleep. (યસ, હી હૅઝ ટોલ્ડ મી નૉટ ટુ અઉવેક હીમ ઉવ્હૅન હી ઈઝ ઍસ્લીપ)

તમે આજે હજામત કરાવી છે કે? Have you got yourself shaved to-day? (હૅવ યુ ગૅાટ યૅારસેલ્ફ શેવ્ડ ટુ-ડે ?)

હા, મેં હજામત કરાવી છે. Yes, I have. (યસ, આઈ હૅવ)

તમે બટી વગર કેમ બેઠાછો ? Why are you without a light? (ઉવાહૅ આર યુ ઉવીધાઉટ એ લાઇટ ?)

તમે અંદર આવ્યા ત્યારે પવનથી બટી બુજાઇ ગઈ. The wind blew it out when you came in. (ધી ઉવીન્ડ બ્લીયુ ઈટ આઉટ ઉવ્હૅન યુ કેમ ઇન.)

તમે આ કાંડીની પેટી કયાંથી લીધી ? Where did you take this match box from ? (ઉવ્હૅર ડીડ યુ ટેક ધિસ મૅચ બૅાક્ષ ફ્રૅામ ?)

મેં તે ઓરડામાંથી લીધી I took it from that room. (આઈ ટૂક ઇટ ફ્રૅામ ધૅટ રૂમ)

આ ઓરડામાં ઘણી ગરમી પડે છે. It is very warm in this room. (ઈટ ઈઝ વૅરી ઉવૅાર્મ ઇન ધિસ રૂમ)

હા, ઘણી ગરમી છે, તમારે ગમે તો બારી ઉઘાડો. Yes, it is very warm, open the window if you like. (યસ, ઇટ ઈઝ વૅરી ઉવૅાર્મ, ઓપન ધી ઉવીન્ડો ઈફ યુ લાઇક)

બારણું બંધ કરો નહીં તો દીવો હોલવાઇ જશે. Shut the door or the light will go out. (શટ ધી ડૉર ઑર ધી લાઇટ ઉવીલ ગો આઉટ)

બારણું બંધ છે, પણ બારી ઉઘાડી છે. The door is shut but the window is open. (ધી ડૉર ઈઝ શટ બટ ધી ઉવીન્ડો ઇઝ ઓપન)

તમે સુવા જવા અગાઉ દીવો બુજાવજો. Put out the light before you go to bed. (પુટ આઉટ ધી લાઇટ બીફોર યુ ગો ટુ બૅડ)

વારૂં, હું હમણાં સુવા જાઉં છું. All right, I am going to bed now. (ઑલ રાઇટ, આઈ ઍમ ગોઇંગ ટુ બૅડ નાઉ)

મને ઉંઘ આવે છે, વાત ના કરો. I feel sleepy, don't talk. (આઇ ફીલ સ્લીપી, ડોન્ટ ટૉક)

અમને બી ઉંઘ આવે છે. We also feel sleepy. (ઉવી ઑલ્સો ફીલ સ્લીપી)

તમે મારા નોકરને કહેશો કે કાલે મને ચાર વાગતે ઉઠાડે ? Will you tell my servant to wake me up to-morrow at four o'clock? (ઉવીલ યુ ટૅલ માઇ સરવન્ટ ટુ ઉવેક મી અપ ટુ-મૉરો ઍટ ફોર ઓ'કલૉક ?)

હું તેને કહીશ. I shall tell him. (આઇ શૅલ ટૅલ હીમ)

તમે તમારાં છોકરાંઓને વાજીંત્ર શીખવો છો કે ? Do you make your children learn music? (ડુ યુ મેક યૉર ચિલ્ડ્રન લર્ન મ્યુઝીક?)

હા, જીંદગીમાં દરેક ચીજ જે ઉપયોગી છે, તે હું તેમને શીખવું છું. Yes, I make them learn everything that is useful in life. (યસ, આઈ મેક ધૅમ લર્ન ઍવરીથીંગ ધૅટ ઇઝ યુસફુલ ઈન લાઇફ)

પેલી બુઢી બાયડી તમારો શા માટે ઉપકાર માને છે ? Why does that old woman thank you ? (ઉવાહૈ ડઝ ધૅટ ઓલ્ડ ઉવુમન થૅન્ક યુ ?)

કારણ મેં તેણીને થોડા પૈસાની મદદ કીધી છે. Because I have helped her with some money. (બિકૉઝ આઈ હૅવ હૅલ્પડ હર ઉવીથ સમ મની)

તમારો દોસ્ત કેડે જાએ છે કે ? Does your friend go anywhere ? (ડઝ યૉર ફ્રૅન્ડ ગો ઍનીઉવ્હૅર ?)

તે કેહે જતો નથી; તે ઘરમાંજ રહે છે. He is going no where; he remains at home. (હી ઇઝ ગોઈંગ નો ઉવ્હેર; હી રીમેન્સ ઍટ હોમ)

તે તમારી પાસે આવે છે કે ? Does he come to you ? (ડઝ હી કમ ટુ યુ ?)

તે મારી પાસે આવતો નથી, પણ હું તેની પાસે જાઉંછું. He does not come to me, but I go to him. (હી ડઝ નૉટ કમ ટુ મી, બટ આઇ ગો ટુ હીમ)

તમે તેની પાસે કેટલે વાગતે જાઓ છો ? At what time do you go to him ? (ઍટ ઉવૉટ ટાઈમ ડુ યુ ગો ટુ હીમ ?)

છ વાગ્યા પછી. After six o'clock. (આફ્ટર સિક્સ ઓ'કલૉક)

તે હમણાં ઘેરમાં છે કે ? Is he at home now ? (ઇઝ હી ઍટ હોમ નાઉ ?)

હા, તે ઘેરમાં છે; તમારે તેને મલવું છે કે ? Yes, he is at home; do you wish to see him ? (યસ, હી ઇઝ ઍટ હોમ; ડુ યુ ઉવીશ ટુ સી હીમ ?)

તમે તેને કયારે મળો છો ? When do you see him ? (ઉવ્હેન ડુ યુ સી હીમ ?)

હું તેને રોજ સવારનાં આંઠ વાગતે મળુંછું. I see him every morning at eight o'clock. (આઇ સી હીમ ઍવરી મૉર્નીંગ ઍટ એઇટ ઓ'કલૉક)

ત્યારે હું તમારી પાસે આવું કે તમે મારી પાસે આવશો ? Then shall I come to you, or will you come to me ? (ધૅન શૅલ આઇ કમ ટુ યુ, ઑર ઉવીલ યુ કમ ટુ મી ?)

તમે મારે ઘેર આવજો, આપણે સાથે જઇશું. You come to my house, we shall go to-gether. (યુ કમ ટુ માઇ હાઉસ, ઉવી શૅલ ગો ટુગેધર)

તમે મારી પાસે ક્યારે આવશો? When will you come to me? (ઉવ્હૅન ઉવીલ યુ કમ ટુ મી?)

હું તમારી પાસે સવારનાં સાત વાગતે આવીશ. I shall come to you at seven in the morning. (આઈ શૅલ કમ, ટુ યુ ઍટ સૅવન ઇન ધી મૉર્નીંગ)

તે તમારાં કરતાં ઘણો જલદી બાહેર જાએ છે કે? Does he go out earlier than you? (ડઝ હી ગો આઉટ અર્લીઅર ધન યુ?)

નહીં, હું તેના કરતાં જલદી બાહેર જાઉં છું. No, I go out earlier than he. (નો, આઈ ગો આઉટ અર્લીઅર ધૅન હી)

તમે તમારા દોસ્તને ત્યાં રોજ જાવો છો કે? Do you go to your friend's every day? (ડુ યુ ગો ટુ યૉર ફ્રૅન્ડઝ ઍવરી ડે?)

હા, હું તેને ત્યાં રોજ જાઉં છું. Yes, I go to him every day. (યસ, આઈ ગો ટુ હીમ ઍવરી ડે)

તેનો આજે ત્યાં જવાનો વીચાર છે કે? Does he intend to go there to-day? (ડઝ હી ઇન્ટૅન્ડ ટુ ગો ધૅર ટુ-ડે?)

તેનો ત્યાં કાલે જવાનો વીચાર છે. He intends going there to-morrow. (હી ઇન્ટૅન્ડસ ગોઇંગ ધૅર ટુ-મૉરો)

તમે તમારા દોસ્તને ઘેર કેટલી વખત ગયા હતા? How often had you been to your friend's? (હાઉ ઑફન હૅડ યુ બીન ટુ યૉર ફ્રૅન્ડઝ?)

હું ત્યાં બે વખત ગયો હતો, પણ તે મને મલ્યો નથી. I had been there twice, but I could not see him. (આઈ હૅડ બીન ધૅર ટ્વાઇસ, બટ આઈ કુડ નૉટ સી હીમ)

તમારા બાવા ઘેરમાં છે, કે ઑફીશમાં ગયા? Is your father at home, or has he gone to office? (ઇઝ યૉર ફાધર ઍટ હોમ, ઑર હૅઝ હી ગૉન ટુ ઑફીસ?)

નહીં, સાહેબ, તેવણ ઘેરમાં નથી, પણ મારો ભાઇ ઘેરમાં છે. No, sir, he is not at home, but my brother is. (નો, સર, હી ઇઝ નૉટ ઍટ હોમ, બટ માઇ બ્રધર ઇઝ)

તમારો ભાઇ ઘેરમાં કેટલા વાગતા સુધી રહે છે ? Till what time does your brother stay at home ? (ટિલ ઉવૉટ ટાઇમ ડઝ યૉર બ્રધર સ્ટે ઍટ હોમ ?)

બાર વાગતા સુધી, અને પછી બાહેર જાએ છે. Till twelve o'clock, after which he goes out. (ટિલ ત્વૅલ્વ ઓ'ક્લૉક, આફ્તર ઉવાચ હી ગોઝ આઉટ)

તમે સાંજના શું કરો છો ? What do you do in the evening? (ઉવૉટ ડુ યુ ડુ ઇન ધી ઇવનીંગ ?)

જેવો હું જમી રહુંછું કે કાંમ કરૂંછું. I work as soon as I have supped. (આઈ ઉવર્ક ઍઝ સૂન ઍઝ આઇ હૅવ સપ્ડ)

અને ત્યારપછી શું કરો છો ? And what do you do afterwards? (ઍન્ડ ઉવૉટ ડુ યુ ડુ આફ્તરઉવર્ડસ ?)

હું સુઇ જાઉં છું. I go to sleep. (આઇ ગો ટુ સ્લીપ)

ગઈ રાતનાં આગ લાગી તે તમેં સાંભળ્યું કે ? Have you heard of the fire that broke out last night ? (હૅવ યુ હર્ડ ઑફ ધી ફાયર ધૅટ બ્રોક આઉટ લાસ્ટ નાઇટ ?)

નહીં, આગ ક્યાં લાગી હતી ? No, where did the fire break out ? (નો, ઉવ્હૅર ડીડ ધી ફાયર બ્રેક આઉટ ?)

તમે મેહેરબાંની કરીને મને કહેશો કે તે ગ્રહસ્થ ક્યાં રહે છે ? Will you please tell me where that gentleman lives ? (ઉવીલ યુ પ્લીઝ ટૅલ મી ઉવ્હૅર ધૅટ જૅન્ટલમૅન લિવ્ઝ ?)

હું તેજ રસ્તે જાઉંછું, તેથી હું તમને તેનું ઘેર દેખાડીશ. As I am going the same way, I shall show you his house. (ઍઝ આઇ ઍમ ગોઇંગ ધી સેમ ઉવે, આઈ શૅલ શો યુ હીઝ હાઉસ)

તમે મને તેનું ઘેર દેખાડી શકશો? Can you direct me to his house? (કૅન યુ ડીરૅક્ટ મી ટુ હીઝ હાઉસ?)

હા, મારી સાથે આવો હું તમને તેનું ઘેર દેખાડીશ. Yes, come with me, I shall show you his house. (યસ, કમ વીથ મી, આઈ શૅલ શો યુ હીઝ હાઉસ)

રૂસ્તમજી તમને જે કહે છે તે તમે માંનતા કેમ નથી? Why do you not believe what Rustomjee tells you? (વાઈ ડુ યુ નૉટ બીલીવ વૉટ રૂસ્તમજી ટૅલ્સ યુ?)

કારણ તે મને હમેશાં ઠગે છે. Because he always cheats me. (બિકૉઝ હી ઑલવેઝ ચીટ્સ મી)

તમે કોઇ વખતે તેને કાંઇ ઉછીનું આપ્યુ છે? Have you ever lent him anything? (હૅવ યુ ઍવર લૅન્ટ હીમ ઍનીથીંગ?)

મેં તેને પરમ દહાડે કહયું કે હું તેને કાંઇ પણ ઉછીનું આપી શકીશ નહીં. I told him the day before yesterday, that I could not lend him anything. (આઇ ટોલ્ડ હીમ ધી ડે બિફોર યસ્તરડે ધૅટ આઇ કુડ નૉટ લૅન્ડ હીમ ઍનીથીંગ)

તમારા ભાઈએ તેની સાથે ઓળખાંણ કીધી કે? Is your brother introduced to him? (ઇઝ યૉર બ્રધર ઇનટ્રોડયુસ્ડ ટુ હીમ?)

હા, તેને તેની સાથે ઓળખાંણ થયાથી ઘણો ખુશી થયો. Yes, he is very much pleased to have been introduced to him. (યસ, હી ઈઝ વૅરી મચ પ્લીઝડ ટુ હૅવ બીન ઇન્ટ્રોડયુસ્ડ ટુ હીમ)

તેણે તમને તેડું કેમ કીધું નહીં? Why did he not invite you? (વાઇ ડીડ હી નૉટ ઇન્વાઇટ યુ?)

કારણ તે મને ઓળખતો નથી, અને હું તેને ઓળખતો નથી. Because he does not know me, nor do I know him. (બિકૉઝ હી ડઝ નૉટ નો મી, નૉર ડુ આઇ નો હીમ.)

તમે તેની સાથે ઓળખાંણ કેમ કરતા નથી? Why don't you get yourself introduced to him? (ઉવાહૈ ડોન્ટ યુ ગૅટ યૉરસેલ્ફ ઇન્ટ્રોડયુસ્ડ ટુ હીમ ?)

પી. એ એક દહાડો મને તેની સાથે ઓળખાંણ કરાવાની કબુલાત આપી છે. P. has promised to introduce me to him some day. (પી. હૅઝ પ્રૉમીસ્ડ ટુ ઇન્ટ્રોડયુસ મી ટુ હીમ સમ ડે)

તમે મને શેઠ જાંગીર સાથે ઓળખાંણ કરાવશો? Will you introduce me to Mr. Jehangir? (ઉવીલ યુ ઈન્ટ્રોડયુસ મી ટુ મીસ્તર જાંગીર ?)

હું દલગીર છું મારેથી બનશે નહીં. I am sorry I cannot. (આઈ ઍમ સૉરી આઈ કૅનનૉટ)

શા કારણસર? For what reason? (ફૉર ઉવૉટ રીઝન ?)

કારણ આજે મેં તેની સાથે પેહલીજ વખત વાત કીધી છે. Because I have spoken to him to-day for the first time. (બિકૉઝ આઇ હૅવ સ્પોકન ટુ હીમ ટુ-ડે ફૅર ધી ફર્સ્ટ ટાઇમ)

તમે તે ઈંગ્રેજ ગ્રહસ્થની સાથે કયાં ઓળખાણ કીધી? Where did you make that Englishman's acquaintance? (ઉવ્હૅર ડીડ યુ મેક ધૅટ ઇંગ્લિશમૅન્સ ઍકવેન્ટન્સ ?)

મેં તેની ઓળખાંણ નાટકશાળામાં કીધી. I made his acquaintance at the theatre. (આઈ મેડ હીઝ ઍકવેન્ટન્સ ઍટ ધી થીઍટર)

તમે તેને કેટલું ઘણું ઓળખો છો? How long do you know him? (હાઉ લૉન્ગ ડુ યુ નો હીમ ?)

જયારથી તે બચ્ચું હતું ત્યારથી હું તેને ઓળખું છું. I have been knowing him since he was a child. (આઇ હૅવ બીન નોઈંગ હીમ સિન્સ હી ઉવૉઝ એ ચાઈલ્ડ)

તમે મને જે હમણાં કહ્યું તેથી મને ઘણી અજાએબી લાગે છે. What you have just told me, surprises me very much. (ઉવૉટ યુ હૅવ જસ્ત તોલ્ડ મી, સરપ્રાઈઝીઝ મી વૅરી મચ)

તે ખરૂં છે; તે ખોટું નથી. It is true; it is not false. (ઈટ ઈઝ ત્રુ; ઇટ ઇઝ નૉટ ફૉલ્સ)

તમે ખરશેદજીને મારે વીશે શું કહ્યું તે હું જાણું છું. I know what you said about me to Cursetjee. (આઇ નો ઉવૉટ યુ સેડ અબાઉટ મી ટુ ખરસેદજી)

તમે શું જાણો છો? મેં તેને કાંઇ કહ્યું નથી. What do you know? I told him nothing. (ઉવૉટ ડુ યુ નો? આઈ ટોલ્ડ હીમ નથીંગ)

મને કહો કે તમને તેની પાસેથી શું મળ્યું? Tell me what you have received from him? (ટૅલ મી ઉવૉટ યુ હૅવ રીસીવ્ડ ફ્રૉમ હીમ?)

હું ખરૂં કહું છું કે મને તેની પાસેથી કાંઇ મળ્યું નથી. I tell you the truth I have not received anything from him. (આઇ ટૅલ યુ ધી ત્રુથ આઈ હૅવ નૉટ રીસીવ્ડ ઍનીથીંગ ફ્રૉમ હીમ)

તમે રૂશતમજીને વિષે શું ધારો છો? તે કેવો માણસ છે? What do you think of Mr. Rustomjee? What sort of a man is he? (ઉવૉટ ડુ યુ થીન્ક ઑફ માસ્તર રૂસ્તમજી? ઉવૉટ સૉર્ટ ઑફ એ મૅન ઈઝ હી?)

તે ઘણો ભલો માણસ છે, મને તેની સાથે ઓળખાંણ કરવા ગમે છે. He is a very good man, I should like to make his acquaintance. (હી ઇઝ એ વૅરી ગુડ મૅન, આઇ શુડ લાઈક ટુ મેક હીઝ ઍકવેન્ટન્સ)

તે હમણાં ઘેરમાં છે કે ? Is he at home now ? (ઇઝ હી ઍટ હોમ નાઉ ?)

નહીં, તે કોટમાં કેકે ગયો છે. No, he has gone somewhere in tho Fort. (નો, હી હૅઝ ગૉન સમઉવ્હૅર ઇન ધી ફૉર્ટ)

જ્યારે હું ઘેર જાઉં ત્યારે મને એની યાદ આપજો. Remind me of it when I go home. (રીમાઈન્ડ મી ઑફ ઈટ ઉવ્હૅન આઇ ગો હોમ)

ઘણું સારું; હું તમને યાદ દેવાડીશ. All right; I shall remind you of it. (ઑલ રાઇટ; આઇ શૅલ રીમાઇન્ડ યુ ઑફ ઇટ)

જુઓ, તે તમારી સાથે વાત કરવા માંગે છે કે ? See, does he want to speak to you ? (સી, ડઝ હી ઉવૉન્ટ ટુ સ્પીક ટુ યુ ?)

નહીં, તે મારી સાથે વાત કરવા માંગતો નથી પણ તમારી સાથે. No, he does not wish to speak to me, but he wishes to speak to you. (નો, હી ડઝ નૉટ ઉવીશ ટુ સ્પીક ટુ મી, બટ હી ઉવીશીઝ ટુ સ્પીક ટુ યુ)

તમે આજે તેને મલશો કે ? Will you see him to-day ? (ઉવીલ યુ સી હીમ ટુ-ડે ?)

મને તેને ત્યાં જઇને મલવાનો વખત નથી. I have no time to go and see him. (આઈ હૅવ નો ટાઇમ ટુ ગો ઍન્ડ સી હીમ)

આજે સાંજનાં તમે ઘેરમાં હશો ? Will you be at home this evening ? (ઉવીલ યુ બી ઍટ હોમ ધિસ ઇવનીંગ ?)

હા, હું આજારી છું તેથી બાહેર જઇ શકતો નથી. Yes, I am ill and so I cannot go out. (યસ, આઇ ઍમ ઇલ ઍન્ડ સો આઈ કૅનનૉટ ગો આઉટ)

તમારો દોસ્ત રોજ સાંજના તમારી પાસે આવે છે કે? Does your friend come to see you daily in the evening? (ડઝ યૉર ફ્રૅન્ડ કમ ટુ સી યુ ડેલી ઈન ધી ઈવનીંગ?)

તે મારી પાસે કદી આવતો નથી, સાંજનાબી નહીં અને સહવારનાબી નહીં. He comes to me, neither in the evening nor in the morning. (હી કમ્સ ટુ મી નાઈધર ઇન ધી ઇવનીંગ નૉર ઇન ધી મૉર્નીંગ)

તે તમારો માનીનો દોસ્ત છે કે? Is he your best friend? (ઇઝ હી યૉર બૅસ્ત ફ્રૅન્ડ?)

હા, તે મારો માનીતો દોસ્ત છે, કારણ તે મારો ખેરખાહ છે. Yes, he is my best friend, because he is my well-wisher. (યસ, હી ઈઝ માઈ બૅસ્ટ ફ્રૅન્ડ, બિકૉઝ હી ઇઝ માઇ ઉવૅલ ઉવીશર)

તમારાં ખીશામાં તમે હમણાં શું મુક્યું તે મને દેખાડો. Show me what you have just put into your pocket. (શો મી ઉવૉટ યુ હૅવ જસ્ત પુટ ઈન્ટુ યૉર પૉકૅટ)

મેં ખીશામાં કાંઈ મુક્યું નથી, પણ મારો હાથ મૂક્યો. I put nothing but my hand into my pocket. (આઇ પુટ નથીંગ બટ માઇ હૅન્ડ ઈન્ટુ માઇ પૉકૅટ)

હું પાછો કેટલે વાગતે આવું? At what time shall I come back? (ઍટ ઉવૉટ તાઈમ શૅલ આઈ કમ બૅક?)

એક કલાકમાં પાછા આવો. Come back in an hour. (કમ બૅક ઇન ઍન અવર)

તમે સાત અને આંઠની વચ્ચે મારી રાહ જોજો. You may expect me between seven and eight. (યુ મે ઍક્સ્પૅક્ટ મી બિટ્વીન સૅવન ઍન્ડ એઈટ)

ઠીક છે; પણ તમે તેનાં કરતાં જલદી આવો તો સારૂં. All right; but you had better come earlier than that. (ઑલ રાઇટ; બટ યુ હૅડ બૅટર કમ અર્લીઅર ધૅન ધૅટ)

મેહેરબાંની કરીને મને તેનું ઠેકાણું કહી શકશો ? Pray, can you tell me his address ? (પ્રે, કૅન યુ ટૅલ મી હીઝ ઍડ્રૅસ ?)

મને ખબર નથી, શેઠ ખરશેદજીને પુછો. I don't know, ask Mr. Cursetjee. (આઇ ડોન્ટ નો, આસ્ક મીસ્તર ખરશેદજી)

એ કામમાં તમે મને કાંઇ મદદ આપી શકશો ? Can you afford me any help in this business ? (કૅન યુ ઍફૉર્ડ મી ઍની હૅલ્પ ઇન ધિસ બીઝનૅસ ?)

નહીં સાહેબ, મારેથી બનશે નહીં. No, sir, I cannot. (નો, સર, આઈ કૅનનૉટ)

તમે તે લોકોને એમ કરવા કહેતા કેમ નથી ? Why don't you tell them to do so ? (હ્વાહૈ ડોન્ટ યુ ટૅલ ધૅમ ટુ ડુ સો ?)

તેઓની ઉપર અમારી કાંઈ સત્તા નથી. We have no influence over them. (ઉવી હૅવ નો ઇન્ફ્લુઅન્સ ઓવર ધૅમ)

તે તેની સાથે કેમ જતો નથી ? Why does he not go with him ? (હ્વાહૈ ડઝ હી નૉટ ગો ઉવીથ હીમ ?)

તે બેઉની વચ્ચે અંતશ છે. There is disagreement between them (ધૅર ઈઝ ડિસઍગ્રીમૅન્ટ બિટ્વીન ધૅમ)

તમે એનું કારણ જાણો છો ? Do you know the cause of it ? (ડુ યુ નો ધી કૉઝ ઑફ ઈટ ?)

નહીં, સાહેબ, હું બીલકુલ જાણતો નથી. No, sir, I do not know anything at all. (નો, સર, આઇ ડુ નૅાટ નો ઍનીથીંગ ઍટ ઑલ)

કેમ ! તે તમને મળ્યો કે ? Well ! did you see him ? (ઉવૅલ ! ડીડ યુ સી હીમ ?)

હા, તેણે મને પોતાને ઘેર બોલાવ્યો છે. Yes, he has invited me to his house. (યસ, હી હૅઝ ઈન્વાઈટેડ મી ટુ હીઝ હાઉસ)

તે મારે ઘેર આવી શકશે? Can he come to my place? (કૅન હી કમ ટુ માઇ પ્લેસ ?)

નહીં, તે આવી શકશે નહીં, કારણ તેને ફુરસદ નથી. No, he can't come, for he has no time. (નો, હી કાંન્ટ કમ, ફૉર હી હૅઝ નો ટાઈમ)

હું તમને ક્યાં મળું? Where can I see you? (ઉવ્હૅર કૅન આઈ સી યુ ?)

આવતી કાલે મને "જી" નાં ઘેરમાં મળજો. See me at G.'s house to-morrow. (સી મી ઍટ જી.'ઝ હાઉસ ટુ-મૉરો)

તે આવતો નથી તેનું કાંઇ કારણ હશે. There must be some reason for his not coming. (ધૅર મસ્ત બી સમ રીઝન ફૉર હીઝ નૉટ કમીંગ)

હા, તેનાં ઘેરમાં કોઈ સીક છે. Yes, some one is ill at his house. (યસ, સમ વન ઇઝ ઈલ ઍટ હીઝ હાઉસ)

તે તમારી સાથે ગુસ્સે છે કે? Is he angry with you? (ઇઝ હી ઍન્ગ્રી ઉવીથ યુ ?)

હું ધારું છું કે તે મારી સાથે ગુસ્સે છે, કારણ હું તેને મળવા જતો નથી. I think he is angry with me because I do not go to see him. (આઇ થીન્ક હી ઇઝ ઍન્ગ્રી ઉવીથ મી બિકૉઝ આઇ ડુ નૉટ ગો ટુ સી હીમ)

તમારે તેની પાસે જવું પડશે. You shall have to go to him. (યુ શૅલ હૅવ ટુ ગો ટુ હીમ)

જે થવાનું હોય તે થાય, પણ હું તેને ઘેર જઈશ નહીં. Come what may, but I will not go to his house. (કમ ઉવૉટ મે, બટ આઇ ઉવીલ નૉટ ગો ટુ હીઝ હાઉસ)

તમારી ત્યાં જવાની શું મકસદ હતી ? What was the object of your going there ? (ઉવૉટ ઉવૉઝ ધી ઑબ્જેક્ટ ઑાફ યૉર ગોઇંગ ધૅર ?)

તેણે મને બોલાવ્યો તેથી ગયો. He called me so I went. (હી કૉલ્ડ મી સો આઇ ઉવૅન્ટ)

તેઓએ મને આજે સવારનાં જોયો; પણ તે વિષે મને કાંઇ કહયું નહીં. They saw me this morning; but did not tell me anything about it. (ધે સૉ મી ધિસ મૉર્નીંગ; બટ ડીડ નૉટ ટૅલ મી ઍનીથીંગ અબાઉટ ઈટ)

કદાચ તેણે તે જાણ્યું નહીં હશે. Perhaps he did not know it. (પરહૅપ્સ હી ડીડ નૉટ નો ઈટ)

તે પોતાના ઘેરનો કારભાર કેમ ચલાવે છે ? How does he manage his household affairs ? (હાઉ ડઝ હી મૅનેજ હીઝ હાઉસ-હોલ્ડ અફૅર્સ ?)

ઘણી સારી રીતે. Very cleverly. (વૅરી કલૅવર્લી)

આએ બાબદ તમે ખુશીછો કે દલગીર ? Are you glad or sorry on this account ? (આર યુ ગ્લૅડ ઑર સૉરી ઑાન ધિસ ઍકાઉન્ટ ?)

હું ઘણો ખુશી છું. I am very glad. (આઇ એમ વૅરી ગ્લૅડ)

મેં તેને પુછ્યું તારૂં અહિયાં શું કામ છે. I asked him what had brought him there. (આઈ આસ્કડ હીમ ઉવૉટ હૅડ બ્રૉટ હીમ ધૅર)

પણ તેણે મને કાંઈ જવાબ આપ્યો નહીં. But he did not give me any answer. (બટ હી ડીડ નૉટ ગીવ મી ઍની ઍન્સર)

કદાચ અંધારૂં થયું હશે અને તેણે તમને જોયો નહીં હશે. Perhaps it was dark and he could not have seen you. (પરહૅપ્સ ઈટ ઉવૉઝ ડાર્ક ઍન્ડ હી કુડ નૉટ હૅવ સીન યુ)

નહીં, નહીં, તેણે મને બરોબર જોયો અને મોડું ફેરવી નાંખ્યું. No, no, he saw me well, and turned his face. (નો, નો, હી સૉ મી ઉવૅલ, ઍન્ડ ટર્ન્ડ હીઝ ફેસ)

શું તેઓ એકજ ઘેરમાં રહે છે? Do they live in the same house? (ડુ ધે લિવ ઇન ધી સેમ હાઉસ ?)

નહીં, તેઓ જુદા ઘેરમાં રહે છે. No, they live in separate houses. (નો, ધે લીવ ઇન સૅપરેટ હાઉસીસ)

તે સારો માણસ નજર આવે છે. He seems to be a good man. (હી સીમ્સ ટુ બી એ ગુડ મૅન)

નહીં, તમે ભુલ કરો છો. No, you are mistaken. (નો, યુ આર મીસ્તેકન)

તેણે તમને કાંઇ પુછયું કે ? Did he ask you anything ? (ડીડ હી આસ્ક યુ ઍનીથીંગ ?)

તેણે મારી ખબરઅંતર પુછી, બીજું કાંઇ નહીં. He inquired after me, nothing else. (હી ઇન્કવાયર્ડ આફતર મી, નથીંગ ઍલ્સ)

જયારે તમે આવ્યા ત્યારે રાંમજી શું કરતો હતો? What was Ramjee doing when you came ? (ઉવૅાટ ઉવૅાઝ રામજી ડુઇંગ ઉવ્હૅન યુ કેમ ?)

તે ઉંઘતો હતો. He was sleeping. (હી ઉવૅાઝ સ્લીપીંગ)

શું રતનજી હજુર આવ્યા નથી ? Has not Ruttonjee come yet ? (હૅઝ નૅાટ રતનજી કમ યટ ?)

નહીં, કાલે સવારે તો છ વાગતે આવ્યા હતા. No, he had come at six yesterday morning. (નો, હી હૅડ કમ ઍટ સિક્સ યસ્તરડે મૉર્નિંગ)

બેરાંમજી કયારે આવશે તેની તમને ખબર છે ? Do you know when Mr. Byramjee will come ? (ડુ યુ નો ઉવ્હેન મીસ્તર. બેરામજી ઉવીલ કમ ?)

બેરાંમજી સાંજનાં આવવાના છે. Mr. Byramjee is to come in the evening. (મીસ્તર બેરામજી ઇઝ ટુ કમ ઇન ધી ઇવનીંગ)

તેણે મારી ચીઠ્ઠીનો જવાબ શું કાંમ મોકલ્યો નહીં ? Why did he not reply to my note ? (ઉવાહેં ડીડ હી નૉટ રાપ્લાઈ ટુ માઈ નોટ ?)

તમે જે લખ્યું તે તે સમજી શકયો નહીં. He could not make out what you wrote. (હી કુડ નૉટ મેક આઉટ ઉવૉટ યુ રોત.)

તે જવાબ શું કાંમ આપતો નથી. Why does he not answer ? (ઉવાહેં ડઝ હી નૉટ ઍન્સર ?)

એ બેહરો છે, અને કાંઇ સાંભળતો નથી. He is deaf, and cannot hear anything. (હી ઇઝ ડૅફ, ઍન્ડ કૅનનૉટ હીયર ઍનીથીંગ)

શોરાબજી તમને બોલાવે છે. Sorabjee wants you. (સોરાબજી ઉવૉન્ટસ યુ)

હું નહીં આવીશ, હું તેનાં ફેલ જાણું છું. I won't come, I know his tricks. (આઇ ઉવોન્ટ કમ, આઈ નો હીઝ ત્રિકસ)

આએ એલમ તમે મને શીખવી શકશો ? Can you instruct me in this science ? (કૅન યુ ઇન્સટ્રકટ મી ઈન ધિસ સાયન્સ ?)

હા, કાંય નહીં ; તમે શું આપશો ? Yes, why not ; what will you pay me ? (યસ, ઉવાહેં નૉટ; ઉવૉટ ઉવીલ યુ પે મી ?)

શોરાબ, તમે ઉપર આવી શકતા નથી કે ? Sorab, can't you come up ? (સોરાબ, કાંન્ટ યુ કમ અપ ?)

નહીં, કારણ મારો પગ સુઝેલો છે, હું ગઈ કાલે સાઈકલ ઉપરથી પડી ગયો. No, because I have a sore leg; I had a fall from my cycle yesterday. (નો, બિકૉઝ આઈ હૅવ એ સોર લૅગ; આઇ હૅડ એ ફૉલ ફ્રૉમ માઇ સાઇકલ યસ્તરડે)

રાતના તમે ક્યાં હશો ? Where will you be to-night ? (હ્વેર વીલ યુ બી ટુ-નાઇટ ?)

રાતના હું નવ વાગતા સુધી ઘેરમાં રહીશ, અને પછી બાહેર જઇશ. To-night I shall stay at home till 9 o'clock, and then go out. (ટુ-નાઇટ આઈ.શૅલ સ્ટે ઍટ હોમ ટીલ નાઇન ઓ'કલૉક ઍન્ડ ધૅન ગો આઉટ)

આવતી કાલે તમે ઓફીશમાંથી ક્યારે આવશો ? At what time will you return from office to-morrow ? (ઍટ હ્વૉટ ટાઇમ વીલ યુ રીર્ટન ફ્રૉમ ઑફીસ ટુ-મૉરો ?)

હું ધારૂં છું કે હું ૬ વાગતે ઘેર આવીશ. I think I shall come home at 6 o'clock. (આઇ થીન્ક આઈ શૅલ કમ હોમ ઍટ સિક્સ ઓ'ક્લોક)

ગઈ કાલે તમે કેમ કાંમ કીધું નહીં ? Why did you not work yesterday ? (હ્વાઈ ડીડ યુ નૉટ વર્ક યસ્તરડે ?)

ગઈ કાલે મેં કામ કીધું નહીં, કારણ મારા જીવને સારૂં હતું નહીં. I did not work yesterday as I was not well. (આઈ ડીડ નૉટ વર્ક યસ્તરડે ઍઝ આઈ વૉઝ નૉટ વૅલ)

જ્યારે તમે તેને પૈસા આપ્યા ત્યારે તેણે તમને શું કહ્યું ? What did he tell you when you gave him the money ? (હ્વૉટ ડીડ હી ટૅલ યુ હ્વૅન યુ ગેવ હીમ ધી મની ?)

મારા ભલા સાહેબ, ખોદા તમને સુખ આપે. God bless you, my good sir. (ગૉડ બ્લૅસ યુ, માઈ ગુડ સર.)

શીખામણના વાકયો.

વખત નકામો ના ગુમાવો. Do not waste time. (ડુ નૉટ વેસ્ટ ટાઈમ)

ઠગાઇ ના કરો. Do not deceive. (ડુ નૉટ ડીસીવ)

દુખની વખતે એક બીજાને મદદ કરો. Assist one another in misfortune. (ઍસીસ્ટ વન અનધર ઈન મીસફૉરચ્યુન)

તમારે હમેશાં પ્રમાણીક રેહેવું જોઇએ. You should always be honest. (યુ શુડ ઑલવેઝ બી ઑનેસ્ટ)

જૂઠું બોલવું માહા પાપ છે. Lying is a great sin. (લાઇંગ ઇઝ આ ગ્રેટ સિન)

દુખમાં ધીરજ ધરો. Have patience in distress. (હૅવ પેશન્સ ઇન ડીસ્ટ્રૅસ)

સારી પેઠે વીચારીને ઉત્તર આપો. Consider well before giving your answer. (કન્સીડર વૅલ બીફોર ગીવિંગ યૉર આન્સર)

હીંમત ખોહી ના દેવો. Do not lose courage. (ડુ નૉટ લુઝ કરેજ)

બહારના દેખાવ ઉપર ભરોશો રાખતા ના. Do not rely on appearances. (ડુ નૉટ રીલાઈ ઑન ઍપીઅરન્સીસ)

આપણે બધા ઉપર ઈતબાર રાખવો નહીં જોઇએ. We must not trust everybody. (વી મસ્ટ નૉટ ટ્રસ્ટ એવરીબૉડી)

સારી ચોપડી વાંચવી ગુણકારક છે. Reading good books is profitable. (રીડીંગ ગુડ બૂકસ ઇઝ પ્રૉફીટેબલ)

ચાલવું એ ગુણકારક છે. To walk is healthy. (ટુ વૉક ઈઝ હેલથી)

ઘણુંજ ખાવું ધાસ્તી ભરેલું છે. To eat too much is dangerous. (ટુ ઇટ ટૂ મચ ઈઝ ડેન્જરસ)

ગુસ્સે થવું એ થોડો વખત ઘેલા થવા બરાબર છે. To be angry is a short madness. (ટુ બી ઍન્ગ્રી ઈઝ એ શૉર્ટ મૅડનેસ)

દારૂની બાટલી કાંઇ ઘણી ઉપયોગી નથી. The wine bottle is not very useful. (ધી વાઈન બૉટલ ઈઝ નૉટ વૅરી યુસફુલ)

